આંક : ૨૬૩/એ

દાખલ તારીખ : ૨૪–૦૬–૨૦૧૧

રજીસ્ટરે લીધા તારીખ: ૨૪–૦૬–૨૦૧૧

નિકાલ તારીખ : ૦૮–૦૯–૨૦૧૬

સમયગાળો : વર્ષ માસ દિવસ

કુલ : ૦૫ ૦૨ ૧૪

**મે.ના.શ્રી પાંચમાં અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીધામ–કચ્છ.**

**સેશન્સ કેસ નંબર–૩૨/૨૦૧૧**

શ્રી સરકાર ..... **ફરીયાદી**

**વિ રૂ ધ્ધ**

**(૧) અર્જુન બદ્રીપ્રસાદ રેગર બલોટીયા,**
**(આંક–૨૧૨ ના હુકમ મુજબ અલગ ટ્રાયલ )**
ઉ.વ.૨૧,રહે: ભારતનગર મકાન નં ૧૦૪,
ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ–કચ્છ

(૨) ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા,
ઉ.વ.૨૫,રહેવાસી: ભારત નગર મકાન નં ૧૦૪,
ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ–કચ્છ

**(૩) દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા,**
**(આંક–૧૭૭ ના હુકમ મુજબ અલગ ટ્રાયલ )**
ઉ.વ.૩૦,રહે: ભારતનગર મકાન નં ૧૨૯,
ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ–કચ્છ **આરોપીઓ**

---

**સમક્ષ :– શ્રી ડી.આર ભટ્ટ, પાંચમા અધિક સેશન્સ જજ,ગાંધીધામ–કચ્છ**

---

---

**બાબત :– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૩૦૭,૩૨૪ જી.પી. એકટની કલમ ૧૩૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબ..**

---

---

**વકીલશ્રીઓ :-　સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી એચ.પી.ગઢવી**
**વીથ પ્રોસીકયુશન તરફે વિ.વ.શ્રી ડી.જે.જોબનપુત્રા**
**આરોપી નં (૨) તરફે વિ.વ.શ્રી એસ.એમ. ખાંડેકા**

---

**-:: ઠ રા વ ::- (આરોપી નં ૨ પુરતો)**

(૧)　આ કામના આરોપી **૧.**અર્જુન બદ્રીપ્રસાદ રેગર બલોટીયા,ઉ.વ.૨૧,રહે: ભારતનગર મકાન નં ૧૦૪,ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ-કચ્છ,**૨.**ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા,ઉ.વ.૨૫,રહેવાસી: ભારત નગર મકાન નં ૧૦૪, ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ-કચ્છ,**૩.**દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા, ઉ.વ.૩૦,રહે: ભારતનગર મકાન નં ૧૨૯,ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ-કચ્છ વાળા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૩૦૭,૩૨૪,જી.પી.એકટની કલમ ૧૩૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

(૨)　આ કામના ફરીયાદી:સંતોષ રામાજી ચૌહાણ,ઉ.વ.૫૧,રહે:ગંગા રાજસ્થાન સોસાયટી મકાન નં ૧૯, ભારતનગર,ગાંધીધામ-કચ્છવાળા એ તારીખ ૨૦-૦૩-૨૦૧૧ ના રોજ કલાક: ૧૪-૩૦ વાગ્યાના સુમારે એવી ફરીયાદી હકીકત જાહેર કરેલ કે, તેઓ ઉપર બતાવેલ જગ્યાએ તેમના કુટુબ પરીવાર સાથે રહી ગુજરાન ચલાવીએ છીએ,તેઓને સંતાનમાં ચાર દીકરા છે, જેમાં મોટો રાકેશ, ઉ.વ.૩૦, તેનાની નાનો મહેન્દ્ર, તેનાની નાનો હરદેવ અને તેના થી નાનો મિથુન છે અને દીકરીઓ ત્રણ છે. જેમાની મોટી વિમલાના લગ્ન થયેલ અને જોધપુર સાસરે રહે છે, તેનાથી નાની કંચન અને તેનાની નાની હેમલતા છે. આજરોજ તારીખ ૨૦-૦૩-૨૦૧૧ ના ધુળેટીનો તહેવાર હોવાથી તેઓ તથા તેમના પરિવારના માણસો તથા સમાજના માણસો કલરથી તહેરવાર મનાવી રહયા હતા અને ત્યારે તેના સમાજના મોહન ચંદાજી રેગરના ધરે દિકરાનો જન્મ પ્રસંગ ની સમાજના રીત રીવાજ મુજબ ઢુંઢ (ઉજવણી)કરતા

હતાત્યારે બપોરનાં બે વાગ્યે આ મોહન ચંદાજી નુ ઘર જે ભારતનગર ઝુલેલાલ સોસાયટીમાં,તેઓના ઘરથી થોડે દુર આવેલ છે. ત્યા તેઓ તથા તેમના દીકરો મહેન્દ્ર ગયેલ હતા, અને ત્યા સમાજના લોકો સાથે તેઓ તથા તેમનો દીકરો :મહેન્દ્ર ઉજવણી કરતા હતા, તેવામાં આશરે અઢી વાગ્યે દિનેશ બદ્રીપ્રસાદ રેગર જેના હાથમાં તલવાર હતી, અને જેનુ બદ્રી પ્રસાદ રેગર જેના હાથમાં છરી હતી અને અર્જુન બદ્રીપ્રસાદ રેગર જેના હાથમાં તલવાર હતી, આ ત્રણેય જણા અચાનક આવી, અને તેઓને મારવા દિનેશે તલવાર નો ઘા કરતા, તેઓએ હાથ દેતા ડાબા હાથે તલવાર વાગેલ અને તેઓ ઘસી જતા, તેઓના દિકરા મહેન્દ્રને આ ત્રણેય જણા મારવા લાગેલ અને બીજા હાજર માણસો આ લોકોના હાથમાં હથીયાર જોઈ, ગભરાઈ જવાથી કોઈ વચ્ચે પડેલ નથી. તેઓ બચાવવાની રાડો કરતા હતા ત્યારે તેઓનો દિકરો હરદેવ તથા રાકેશ તથા મીથુન દોડી આવેલ અને આ દિનેશ તથા જેનુ તથા અર્જુનએથઈતે તેઓના દિકરા હરદેવ, રાકેશ તથા મીથુનને તલવારો તથા છરી ના ઘા મારી, ઈજાઓ કરેલી અને ત્યાથી આ ત્રણેય ભાગીગયેલ અને તેઓની દીકરી કંચન તથા હેમલતા વાહનમા, તેઓ બધાયને રામબાગ હોસ્પીટલે લઈ ગયેલ, તેઓના દિકરા મહેન્દ્ર,ઉ.વ.ર૪ વાળાને તલવાર તથા છરીના ઘા ગળામાં તથા પેટના ભાગે પાંચ – છ વાગવાથી મરણ ગયેલ છે અને તેઓ તથા તેમના દીકરા હરદેવ,રાકેશ તથા મીથુન દાખલ છે. તેમજ આ અગાઉ મહીના પહેલા આ બદ્રીપ્રસાદ રેગર તથા તેઓ વચ્ચે તેઓની દિકરી કંચનની છેડતી બાબતે ઝઘડો થયેલ તેનુ મનદુ:ખ રાખી આ ઝઘડો કરેલ છે,જેથી આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત હકીકતે ફરીયાદ ફરીયાદીએ ગાંધીધામ '' એ '' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતાં તે ફરીયાદ ગાંધીધામ '' એ '' ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૬૧/૨૦૧૧થી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૩૦૭,૩૨૪, જી.પી.એકટની કલમ ૧૩૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુના નોંધાયેલ છે.

(૩) સદરહુ ફરીયાદ લીધા બાદ સદરહુ ગુના અંગેની તપાસ તપાસનીશ અમલદારે સંભાળી લીધેલ અને તેમણે સ્થાનીક જગ્યાનું પંચનામુ કરેલ, લાગતા

વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, મરણજનારનું પોસ્ટમોર્ટમ કરાવવા અંગે તજવીજ કરેલ, ઈજા પામનારના ઈજા અંગેના જરૂરી સર્ટીફીકેટ મેળવી, અન્ય જરૂરી પંચનામા કરેલ, જરૂરી મુદામાલ કબજે કરી તપાસણી અર્થે એફ.એસ.એલ.માં અભિપ્રાય અર્થે મોકલી આપેલ અને ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ તપાસના અંતે પુરતા પુરાવા જણતા નામ. કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. જે ગાંધીધામના વિ.અધિક ચીફ જયુ.મેજી.શ્રીની અદાલતમાં ફોજદારી કેસ નંબર–૨૧૧૨/૨૦૧૧થી નોંધાયેલ.

૪) આ કામના આરોપીઓ ગાંધીધામના વિ. અધિક જયુડી.મેજીસ્ટ્રેટ (ફ.ક) શ્રીની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ગાંધીધામના અધિક જયુડી.મેજીસ્ટ્રેટશ્રી (ફ.ક.)એ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આરોપીઓને આપી, આરોપીઓ સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે કેમ ? કે તે વિના મુલ્યે કાનુની સહાય મેળવવા માંગે છે ? વગેરે બાબતોએ જરૂરી પુછપરછ કરી, આરોપીઓનું પ્રાથમિક નિવેદનો નોંધવામાં આવેલ. આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૩૦૭,૩૨૪ બી.પી.એકટની કલમ ૧૩૫ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુનાના આક્ષેપો હોઈ, સદરહુ ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા તેઓશ્રીને ન હોઈ અને સદર ગુના સંબંધે ટ્રાયલ ચલાવવાની સત્તા એકમાત્ર સેશન્સ અદાલતને હોઈ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે ગાંધીધામ ખાતેની સેશન્સ અદાલતમાં તા.૧૩/૦૬/૨૦૧૧ના રોજ સદર કેસ કમીટ કરતા, ગાંધીધામની સેશન્સ કોર્ટમાં સેશન્સ કેસ નંબર–૩૨/૨૦૧૧ થી નોંધાયેલ છે અને તેનો હાલ ગુણદોષ ઉપર નિકાલ કરવામાં આવી રહેલ છે.

(૫) આ કામના આરોપીઓ સામેનો કેસ સેશન્સ કમીટ થયાનો હુકમ થયા બાદ આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતાં, તેમને પોલીસ પેપર્સની નકલો મળેલ છે કે કેમ? તેમજ તે સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે કેમ? તે અંગેની જરૂરી પુછપરછ કરી, તા.૦૧/૦૯/૨૦૧૨ના રોજ આંક–૨૮થી આરોપીઓ વિરૂદ્ધ તહોમતનામું

વાંચી સંભળાવી, તેઓની સામે ફરમાવવામાં આવેલ ગુના તેઓને કબુલ મંજુર છે કે કેમ? તે અંગે પુછપરછ કરતા, આરોપીઓએ આંક–૨૮ના તહોમતનામા મુજબના ગુના તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવી, કેસની ઈન્સાફી કાર્યવાહી તેઓ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવતા, તે મુજબ આરોપીઓની પ્લી આંક–૨૯ થી આંક–૩૧ સુધીની રેકર્ડ કરવામાં આવેલ અને આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામનાં આરોપી નં **૩.**દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા વાળા હાજર રહેતા ન હોઈ,મળી આવતા ન હોઈ, આરોપી નં ૧ તથા ૨ વાળા એ સેપરેટ ટ્રાયલ ચલાવવાની અરજી આંક–૧૭૭ થી કરતા, તે અરજી મારા પુરોગામી વિધ્વાન ન્યાયધીશશ્રીએ મંજુર કરતા આ કામે આરોપી નં ૧ તથા ૨ પુરતુ કામ આગળ ચલાવવાનો હુકમ થયેલ છે, જયારે આરોપી નં (૩ )પુરતુ અલગ થી ચાર્જશીટ કરવાનો હુકમ થયેલ છે. ત્યારબાદ આ કામનાં વિધ્વાન એ.પી.પી.શ્રીએ આરોપી નં (૧ ) અર્જુન બદ્રીપ્રસાદ રેગર બલોટીયા વાળા હાજર રહેતા ન હોઈ,મળી આવતા ન હોઈ, જેથી આંક–૨૧૨ થી આરોપી નં (૨) પુરતી સેપરેટ ટ્રાયલની અરજી તળે હુકમ કરી, સદરહુ કેસ આરોપી નં (૨) પુરતો આગળ ચલાવવી, આરોપી નં (૧) તથા (૩) પુરતુ અલગથી ચાર્જશીટ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાં રજુ કરવામાં આવેલ છે.

**:::– મૌખીક પુરાવો :::–**

| | | |
|---|---|---|
| ૦૧ | સાહેદ નં ૧ પંચ સાહેદ: નવીન નરોતમદાસની જુબાની | આંક–૩૬ |
| ૦૨ | સાહેદ નં ૨ પંચ સાહેદ: રમજાન મુસાભાઈની જુબાની | આંક–૩૮ |
| ૦૩ | સાહેદ નં ૩ પંચ સાહેદ: પ્રેમકુમાર રતનલાલ ડાંગરની જુબાની | આંક–૩૯ |
| ૦૪ | સાહેદ નં ૪ પંચ સાહેદ: રામજી બુધાભાઈની જુબાની | આંક–૪૨ |

| | | |
|---|---|---|
| ૦૫ | સાહેદ નં ૫ પંચ સાહેદ: શબીરશા જુમાશાની જુબાની | આંક–૪૪ |
| ૦૬ | સાહેદ નં ૬ પંચ સાહેદ: રાજકુમાર ગોપીચંદ શર્માની જુબાની | આંક–૪૫ |
| ૦૭ | સાહેદ નં ૭ પંચ સાહેદ: મુસ્તાક આમદ જતની જુબાની | આંક–૪૭ |
| ૦૮ | સાહેદ નં ૮ પંચ સાહેદ: અરવીદ રામજીની જુબાની | આંક–૪૯ |
| ૦૯ | સાહેદ નં ૯ પંચ સાહેદ: અજીત ઈશાકની જુબાની | આંક–૫૧ |
| ૧૦ | સાહેદ નં ૧૦ પંચ સાહેદ: અર્જુન ધનજીની જુબાની | આંક–૫૨ |
| ૧૧ | સાહેદ નં ૧૧ પંચ સાહેદ: અનવર હુસેન જતની જુબાની | આંક–૫૪ |
| ૧૨ | સાહેદ નં ૧૨ પંચ સાહેદ: કેતન ધનજી ભાનુશાલીની જુબાની | આંક–૫૫ |
| ૧૩ | સાહેદ નં ૧૩ પંચ સાહેદ: શાંતીલાલ બાબુલાલની જુબાની | આંક–૫૭ |
| ૧૪ | સાહેદ નં ૧૪ પંચ સાહેદ: અનવર જુસબની જુબાની | આંક–૫૮ |
| ૧૫ | સાહેદ નં ૧૫ પંચ સાહેદ: રમેશ રાણાભાઈની જુબાની | આંક–૬૦ |
| ૧૬ | સાહેદ નં ૧૬ સાહેદ: પ્રકાશ મોહનલાલ ચંદાજીની જુબાની | આંક–૬૪ |
| ૧૭ | સાહેદ નં ૧૭ સાહેદ: મંજુબેન પ્રકાશ મોહનલાલની જુબાની | આંક– ૬૫ |
| ૧૮ | સાહેદ નં ૧૮ સાહેદ: વિધાબેન મોહનલાલની જુબાની | આંક–૬૬ |
| ૧૯ | સાહેદ નં ૧૯ સાહેદ: જેઠવા નિતીનની જુબાની | આંક–૬૮ |
| ૨૦ | સાહેદ નં ૨૦ સાહેદ: અમૃતભાઈ શામજીભાઈની જુબાની | આંક–૭૪ |
| ૨૧ | સાહેદ નં ૨૧ સાહેદ: વિષ્ણુવન પોપટવનની જુબાની | આંક–૭૫ |
| ૨૨ | સાહેદ નં ૨૨ સાહેદ : મુકેશ પ્રેમજીભાઈ ગોહીલની જુબાની | આંક–૭૬ |
| ૨૩ | સાહેદ નં ૨૩ સાહેદ: ડો.નિલેશ સામતભાઈ મકવાણાની જુબાની | આંક–૮૪ |
| ૨૪ | સાહેદ નં ૨૪ સાહેદ: મહેશ પ્રેમજી કતીરાની જુબાની | આંક–૧૦૦ |
| ૨૫ | સાહેદ નં ૨૫ સાહેદ: વિવેક મોહનભાઈની જુબાની | આંક–૧૦૩ |
| ૨૬ | સાહેદ નં ૨૬ સાહેદ: ડો. કિશોરગીરી લાલગીરીની જુબાની | આંક–૧૦૬ |
| ૨૭ | સાહેદ નં ૨૭ સાહેદ: પ્રતાપભાઈ સેલારભાઈની જુબાની | આંક–૧૦૯ |
| ૨૮ | સાહેદ નં ૨૮ ફરીયાદી: સંતોષ રામાજી ચૌહાણની જુબાની | આંક–૧૩૩ |
| ૨૯ | સાહેદ નં ૨૯ સાહેદ: હરદેવ સંતોષની જુબાની | આંક–૧૫૮ |
| ૩૦ | સાહેદ નં ૩૦ સાહેદ: રાકેશ સંતોષની જુબાની | આંક–૧૯૭ |
| ૩૧ | સાહેદ નં ૩૧ સાહેદ: હેમલતાબેન નરેન્દ્રની જુબાની | આંક–૨૦૬ |

| | | |
|---|---|---|
| ૩૨ | સાહેદ નં ૩૨ સાહેદ: કંચનબેન રાજેશભાઈની જુબાની | આંક–૨૦૮ |
| ૩૩ | સાહેદ નં ૩૩ સાહેદ: મીથુન સંતોષની જુબાની | આંક–૨૧૦ |
| ૩૪ | સાહેદ નં ૩૪ પંચ સાહેદ: નરેશભાઈ ખેતાભાઈની જુબાની | આંક–૨૧૬ |
| ૩૫ | સાહેદ નં ૩૫ પંચ સાહેદ: મુસ્તાક સીદીકભાઈની જુબાની | આંક–૨૨૦ |
| ૩૬ | સાહેદ નં ૩૬ પંચ સાહેદ: અશોક કરશનભાઈની જુબાની | આંક–૨૨૧ |
| ૩૭ | સાહેદ નં ૩૭ ત.ક.અ.: બાબુજી પ્રતાપસીહની જુબાની | આંક–૨૨૯ |
| ૩૮ | સાહેદ નં ૩૮ સાહેદ: રમેશદાન શીવદાન ગઢવીની જુબાની | આંક–૨૪૭ |
| ૩૯ | સાહેદ નં ૩૯ ત.ક.અ.: હરદેવસીહ કરણસીહની જુબાની | આંક–૨૫૩ |

## :::–દસ્તાવેજી પુરાવો :::–

| | | |
|---|---|---|
| ૦૧ | સ્થાનીક જગ્યાનું પંચનામુ | આંક–૩૭ |
| ૦૨ | મરણજનારનુ મરણોતર પંચનામું | આંક–૪૦ |
| ૦૩ | આરોપી નં (૧) ની અટક અંગે કરવામા આવેલ પંચનામુ | આંક–૪૩ |
| ૦૪ | મરણજનાર મહેન્દ્ર સંતોષના કપડા કબજે અંગે કરવામા આવેલ પંચનામુ | આંક–૪૬ |
| ૦૫ | ઈજા પામનાર ફરીયાદી સહીતના સાહેદોના કપડા કબજે કર્યા અંગે કરવામા આવેલ પંચનામું | આંક–૪૮ |
| ૦૬ | આરોપીએ પહેરેલ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ | આંક–૫૦ |
| ૦૭ | આરોપી નં (૨)ની અટક અંગે કરવામા આવેલ પંચનામુ | આંક–૫૩ |
| ૦૮ | આરોપી નં (૩) ની અટક અંગે કરવામા આવેલ પંચનામુ | આંક–૫૬ |
| ૦૯ | ડીસ્કવરી પંચનામું | આંક–૫૯ |
| ૧૦ | પોલીસ સ્ટેશન તરફથી મરણજનરનુ પી.એમ કરવાની યાદી | આંક–૮૫ |
| ૧૧ | મરણજનાર મહેન્દ્ર સંતોષની પી.એમ રીપોર્ટ | આંક–૮૬ |
| ૧૨ | મરણજનાર મહેન્દ્ર સંતોષનુ મરણ સર્ટીફીકેટ | આંક–૮૭ |
| ૧૩ | પોલીસ સ્ટેશન તરફથી ઈજા પામનારના સર્ટીફીકેટ અંગેની યાદી | આંક–૮૮ |
| ૧૪ | ઈજા પામનાર સંતોષ રામજીનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ | આંક–૮૯ |
| ૧૫ | પોલીસ સ્ટેશન તરફથી બનાવાવળી જગ્યાનો નકશો કરવાની યાદી | આંક–૧૦૧ |

| | | |
|---|---|---|
| ૧૬ | બનાવવાળી સ્થાનીક જગ્યાનો નકશો (ફોરવડીગ લેટર સાથે) | આંક−૧૦૨ |
| ૧૭ | જીલ્લા મેજી .સાહેબશ્રી તરફથી બહાર પાડવામા આવેલ હથીયાર બંધીનુ જાહેરનામુ | આંક−૧૦૪ |
| ૧૮ | ઈજા પામનાર હરદેવ સંતોષનુ એમ.એલ.સી.સર્ટીફીકેટ | આંક−૧૦૭ |
| ૧૯ | ઈજા પામનાર રાકેશ સંતોષનુ એમ.એલ.સી.સર્ટીફીકેટ | આંક−૧૦૮ |
| ૨૦ | પરીક્ષણ અંગે મુદામાલ મળ્યા અંગેની એફ.એસ.એલની પહોચ | આંક−૧૧૦ |
| ૨૧ | અસલ ફરીયાદ | આંક−૧૫૫ |
| ૨૨ | ફરીયાદી તથા સાહેદોના બ્લડ સેમ્પેલ લેવા અંગેનુ પંચનામુ | આંક−૨૧૭ |
| ૨૩ | આરોપીના બલ્ડ સેમ્પલ લેવા અંગેનુ પંચનામુ | આંક−૨૧૯ |
| ૨૪ | ફરીયાદી તથા સાહેદોએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કરવા માટેનુ પંચનામુ | આંક−૨૨૨ |
| ૨૫ | ફરીયાદ ગુન્હો દાખલ થવા માટે એ.ડીવીઝન પો.સ્ટેશનને કરેલ યાદી | આંક−૨૩૦ |
| ૨૬ | જાણવા જોગ એન્ટ્રી નં ૪૬/૨૦૧૧ નો ઉતારો | આંક−૨૩૧ |
| ૨૭ | સ્ટેશન ડાયરી નં ૪૬/૧૧,૧૮/૧૧ નો ઉતારો | આંક−૨૩૨<br>આંક−૨૩૩ |
| ૨૮ | જાણવા જોગ ન ૪૬/૨૦૧૧ નો ઉતારો | આંક−૨૩૪ |
| ૨૯ | તપાસની યાદી | આંક−૨૩૫ |
| ૩૦ | પરીક્ષણ માટે એફ.એસ.એલને મોકલાવેલ મુદામાલનો ફોરવડીગ લેટર (રવાનગી પત્રક સાથે ) | આંક−૨૩૬ |
| ૩૧ | એફ.એસ.એલ તરફથી મુદામાલ પરીક્ષણનો રીપોર્ટ (ફોરવડીગ લેટરસાથે) | આંક−૨૩૭ |
| ૩૨ | ઈજા પામનાર સાહેદ : મીથુન સંતોષનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ | આંક−૨૩૮ |
| ૩૩ | ઈજા પામનારનુ ડી.ડી લેવા માટે કરવામા આવેલ યાદી | આંક−૨૪૦ |
| ૩૪ | ફરીયાદ નોંધવા માટેની યાદી | આંક−૨૪૮ |
| ૩૫ | મોબાઈલ વાન એફ.એસ.એલ,ભુજનો રીપોર્ટ | આંક−૨૫૪ |

(૭) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ,ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા આંક−૨૫૫ની કલોઝીંગ પુરસીસથી

જાહેર કરેલ છે કે, રજુ કરેલ પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો આપવો નથી તેમજ તપાસવામાં આવેલ સાહેદો સિવાયના, બાકીના સાહેદોને ડ્રોપ કરી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો પુરો થતા, આ કામે રજુ થયેલા પુરાવાને આધારે આરોપી નં (૨) નું સી આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ એટલે કે, વિશેષ નિવેદન નોંધવામા આવતા,તેમાં તેમણે ફરીયાદપક્ષના કથન મુજબના ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, આ મારામારીનો બનાવમાં આ કામનાં ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો વાળાઓ સાથે મળી અમારા પિતાજી ને માર મારી બંને પગ ભાગી નાખેલ છે,તેમજ અમારા ત્રણેય ભાઈઓ પર હુમલો કરેલ છે અન અમોને પણઈજા થયેલ છે. તેમજ આ મારામારીનો બનાવ અલગ અલગ બે ત્રણ તબકકામાં ઝુલેલાલ સોસાયટી, ગંગા રાજસ્થાન સોસાયટી અને બંજરગ સોસાયટીમાં બનેલ છે, આરોપીઓએ અમને મારા માર્ય પછી સ્થળ ઉપર જ પોતાના હથીયાર નાંખી દઈ અને નાસી ગયેલ છે વઘુમા આરોપીએ પોતાના વિશેષ નિવેદનમા જણાવેલ છે કે, અમારા ભાઈ દિનેશ બદ્રીપ્રસાદને થોડા દિવસ પહેલા કામચલાઉ જામીન આપેલ હતા, અને તે ઘર થી રાજકોટ ગયેલ ત્યારબાદ આજદિન સુધી કોઈ પતો નથી જે અંગે મારા પિતાએ પોલીસમાં અરજી કરેલ છે અને અમને શંકા છે કે મારા ભાઈને દિનેશને સંતોષ ચૌહાણ કે તેમના દિકરાઓએ મારી નાંખેલ છે. પરંતુ આ બાબતે અમારી ફરીયાદ પણ લ ેતુ નથી. તેમજ અમારો ભાઈ અર્જુન બદ્રીપ્રસાદ તે પણ ૨૦૧૧ ની સાલમાં જામીન મુકત થયેલ અને દર મુદતે ના. કોર્ટમાં આવતો પરંતુ, તારીખ ૧૪–૦૩–૨૦૧૬ થી અચાનક ગુમ થઈ ગયેલ છે અને તેનો પણ પતો લાગતો નથી. અમારા પિતાજી અંપગ છે. હાલમાં આ કેસ પછી સાડા પાંચ વર્ષ જેટલો સમય ચાલ્યો ગયેલ છે. આ કામનાં ફરીયાદી અને તેમના પુત્રો પર રાજસ્થાન તથા ગુજરાત રાજયમાં અલગ અલગ કેસો ચાલુ છે. વઘુમા આરોપી પોતાના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, અમો આરોપી બિલ્કુલ નિદોર્ષ

છીએ અમોએ કોઈ ગુન્હો કરેલ નથી, અમો આરોપીને થયેલ ઈજાઓ બાબતે પ્રોસીકયુશન તરફથી કોઈ ખુલાસો કરાયેલ નથી,જેથી ઉપરોકત વિગતે અમો નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૦૯) આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબીત કરે છે કે, આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષનું નિપજેલ મૃત્યું સાપરાધ મનુષ્ય વધ છે?

:૨: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ફરીયાદીની દીકરી કંચનની આ કામનાં આરોપીઓએ છેડતી કરતા તે બાબતે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલ તે બાબતનુ મન દુ:ખ રાખી,તારીખ ૨૦-૦૩-૨૦૧૧ ના રોજ કલાક ૧૪-૩૦ વાગ્યાના સુમારે ગાંધીધામ શહેરમાં ભારતનગર વિસ્તારમાં ઝુલેલાલ સોસાયટીમાં આ કામનાં આરોપીઓ પૈકી આરોપી ભીમસેન ઉર્ફે જેનુ એ છરી જેવા હથીયાર ધારણ કરી, આ કામનાં ગુજરનાર મહેન્દ્રને ગંભીર ઈજા નીચજે અને તેનુ મૃત્યુ નીપજે, તેવા ઈરાદાસર આરોપીઓ પૈકી આરોપી ભીમસેન ઉર્ફે જેનુએ ગુજરનારના પેટના ભાગે છરીના ઘા મારેલ અને આ કારણોસર ગુજરનારને ગંભીર ઈજા થતા, તેનુ મૃત્યુ નીપજાવી,સાપરાધ મનુષ્યવધ કરીને આરોપી નં (૨)નાએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શીક્ષાનેપાત્ર ગુનો આ અદાલતની હકુમત તળેનો કરેલ છે?

:૩: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ઉપરોકત બનાવના દિવસે, સમયે અને સ્થળે ઉપર દર્શાવેલ કારણે મનદુ:ખ રાખી, આરોપીઓએ હથીયારથી સજજ થઈ અને ગુજરનારનુ મૃત્યુ નીપજે તેવા ઈરાદાથી ગુજરનાર પર હથીયાર વડે હુમલો કરેલ તે દરમ્યાન આ કામના સાહેદ હરદેવ વચ્ચે પડતા, આરોપી નં (૨)નાએ છરી વડે ગંભીર ઈજા પહોચાડેલ અને આ ઈજા ગંભીર પ્રકારની હતી અને આ ઈજાના કારણે સાહેદ હરદેવ તથા રાકેશનુ મૃત્યુ થાત આમ કરીને આરોપી નં ૨ના એ ઈ.પી. કોડની કલમ ૩૦૭

સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમત તળેનો કરેલ છે ?

:૪: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ઉપરોકત બનાવના દિવસે, સમયે અને સ્થળે ઉપર દર્શાવેલ કારણે મનદુ:ખ રાખી આરોપી નં (ર)નાએ સાહેદો વચ્ચેપડતા તને છરી જેવા હથીયાર વડે મહાવ્યથા પહોચાડી, ઈ.પી. કોડની કલમ ૩ર૪ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમત તળેનો કરેલ છે ?

:પ: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શકપણે અને સચોટપણે સાબિત કરે છે કે ઉપરોકત બનાવના દિવસે, સમયે અને સ્થળે હથીયારબંધીનુ જાહેરનામુ કે જીલ્લા મેજી.કચ્છ ભુજ દવારા પ્રસિધ્ધ કરાયેલ હતુ તે અમલમાં હતુ તેમ છતા આરોપી નં (ર)નાએ છરી જેવુ હથીયાર ધારણ કરીને, તેનો હથીયાર તરીકે ઉપયોગ કરીને,હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને બી.પી.એકટની કલમ ૧૩પ મુજબનો શીક્ષાનેપાત્ર ગુનો આ અદાલતની હકુમત તળેનો કરેલ છે.?

:૬: શું હુકમ?

(૧૦) આ કામે ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:૧: હકારાત્મક

:ર: હકારાત્મક

:૩: હકારાત્મક

:૪: હકારાત્મક

:પ: હકારાત્મક

:૬: આખરી હુકમ પ્રમાણે.

## **-:: કારણો ::-**

**મુદા નંબર-૧.** :

**(૧૧)** આ કામે સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી ગઢવીની વિદ્વતાભરી દલીલો સાંભાળી, તેઓ જણાવે છે કે, આ કામે ફરીયાદ આંક-૧૩૪ થી રજુ છે, તે મુજબ તેમા બનાવની તારીખ ૨૦-૦૩-૨૦૧૧ નાં બપોરના ૨-૩૦ કલાકે અને તે જ દિસે ફરીયાદ આપવામાં આવેલ છે, જે આ કામનાં ફરીયાદી: સંતોષ રામજીનાએ આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ આપેલ છે. વધુમા આ કામે અન્ય આરોપી નં (૧) તથા (૩) મળી આવતા ન હોઈ,ભાગી ગયેલ હોઈ, તેઓ વિરૂધ્ધ અલગ થી ચાર્જશીટ કરવાનો હુકમ થયેલ છે જયારે આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુના હાથમાં છરી હતી અને અન્ય આરોપીઓની મદદગારીથી, આરોપી નં(૨) આ છરી વડે ફરીયાદીના પુત્ર મહેન્દ્ર ઉપર ઘા કરેલ હોઈ, મહેન્દ્રનુ સદરહુ ઈજાઓથી મૃત્યુ થયુ છે અને આ બનાવ બનવાનુ મુખ્યત્વે કારણ આ કામનાં આરોપીએ ત્રણ ચાર માસ પહેલા ફરીયાદીની દીકરીની છેડતી કરેલ હતી. વધુમા આ કામે ફરીયાદીએ પોતાની જુબાની દરમ્યાન નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરીયાદીની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપેલ છે. વધુમા આ કામે ઉપરોકત ફરીયાદ ની તપાસ દરમ્યાન અલગ અલગ પંચનામાઓ કરી, સ્થાનીક જગ્યાનો નકશો પણ તૈયાર કરવામાં આવેલ છે અને એફ.એસ.એલના અધિકારીશ્રીએ પણ સ્થાનીક જગ્યાની મુલાકાત લીધેલ છે અને તે મુજબ બનાવનુ સ્થળ પ્લોટ નં ૨૧૭ ની સામે સોસાયટીના કોમન રસ્તા પર બનેલ હોવાનુ જણાય આવેલ છે.તે સિવાય તપાશનીશ અધિકારીશ્રીને પણ તપાસવામાં આવેલ છે અને તેઓએ પણ જુબાની દરમ્યાન બનાવની હકીકતને સમર્થન આપેલ છે તે સિવાય આ કામે મરણજનાર મહેન્દ્રનુ બ્લડ ગ્રુપ '' ઓ'' એફ.એસ.એલના રીપોર્ટ મુજબ પુરવાર થયા છે અને એફ.એસ.એલ દવારા આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુના હાથમાં જે છરી ધારણ કરી, મરણજનાર ઉપર ઘા મારેલ હતા, તે છરી ઉપર પણ '' ઓ'' બ્લડ ગ્રુપ મળી આવેલ છે આમ આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુએ

મરણજનાર ઉપર છરીના ઘા મારેલ હોવાનુ નિ:શકપણે પુરવાર થાય છે, તે સિવાય આ કામે અન્ય ઈજા પામનાર ફરીયાદી સહીતના સાહેદોની મેડીકલ તપાસણી કરનાર ડો.શ્રીની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લઈ તો તેઓએ જણાવેલ છે કે, આ ઈજાઓ સ્ટેમ્પવુડ છે અને છરી વડે ન થાય તેવી નથી. આમ આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુએ અન્ય આરોપીઓની મદદગારી અને મેળાપીપણામાં આ કામનાં ફરીયાદીના પુત્ર મહેન્દ્રને છરી ના ઘા મારેલ હોવાનુ તેમજ, ફરીયાદી સહીતના અનય ઈજા પામનાર સાહેદો એવા ફરીયાદીના પુત્રોને ઈજા કરેલ હોવાનુ ઉપરોકત હકીકતે, અને ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવાથી પુરવાર થતુ હોઈ, આરોપી નં (૨)નાને કડકમાં કડક સજા કરવા તથા, દંડ કરવા વિનંતી કરેલ છે.

**(૧૨ –એ)** જયારે બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એમ.ખાંડેકાએ મારી સમક્ષ આંક–૨૬૦ થી લેખિત દલીલ રજુ રાખી જણાવેલ છે કે, આ કામે ગાંધીધામ '' એ '' ડીવીઝન પો.સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી નં ૬૧/૧૧ વાળી ઈ.પી.કોડની કલમ ૩૦૨,૩૦૭, ૩૨૬,૩૨૪,૧૧૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હાના કામે પોલીસે તપાસ કરી ચાર્જશીટ કરતા,ટ્રાયલ કોર્ટ મા દાખલ થયા બાદ તે સેસન્સ કોર્ટમાં કમીટ થતા તે તેને સેસન્સ કેસ નં ૩૨/૧૧ આપવામા આવે છે, જે કેસનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તટસ્થ સાહેદોએ કયાય સમર્થન કરેલ નથી તેમજ,તેવા સમયે તપાશ કરનાર પોલીસ એજન્સી દવારા મેળવાયેલ પુરાવાઓ કોઈપણ રીતે વિશ્વસનીય નથી. આ કામે કુલ્લે ૩૬ જેટલા સાહેદોને તપાસવામા આવેલ છે તેમજ, ૧૫ જેટલા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. આ કામે મુળ ફરીયાદીને આંક–૧૩૩ થી તપાસવામાં આવેલ છે, જેઓની જુબાની માનવા લાયક નથી કારણકે, તેમના કહેવા મુજબ બનાવવાળીજગ્યા ઝુલેલાલ સોસાયટીમાં આવેલ હતી,પરંતુ તે કયા પ્લોટ અને કયા નંબર પર અને કયા સ્થળ પર આવેલ તે જણાવતા નથી વધુમાં આ કામનાં આરોપી દવારા ફરીયાદીને માર મારતા હાજર એવા લોકોએ રાડારાડી કરેલ તેથી તેના અન્ય દિકરાઓ આવી ગયેલ પરંતુ આ રાડારાડી કરનાર કોઈપણ વ્યકિતના નામો

આપેલ નથી કે કોર્ટ સમક્ષ તપાસેલ નથી, વધુમાં આ સાહેદએ કયા આરોપીના હાથમાં કયુ હથીયા હતુ, તે તેની ફરીયાદમાં જણાવેલ નથી. તેમજ, બુમાબુમ થતા ફરીયાદીની દિકરી કંચન તથા હેમલતા દોડી આવેલ તે હકીકત પણ ફરીયાદમાં જણાવેલ નથી.વધુમાં આ કામે મરણજનાર મહેન્દ્રને બીજા વાહનમાં રામબાગ હોસ્પીટલે લઈ ગયેલા અને રીક્ષામાં નાખેલ ત્યારે થોડી સાસ ચાલુ હતી પણ રસ્તામાં ગુજરી ગયેલાની હકીકત પણ ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં કહેવાતા બનાવનુ કારણ ત્રણ ચાર મહીના અગાઉ આરોપીઓએ તેમની દીકરી કંચનની છેડતી કરેલ અને તે બાબતે ઝઘડો થતા, આ ઝઘડાનુ મનદુ:ખ ના કારણે બનાવ બનેલ તે હકીકત પણ ફરીયાદમાં જણાવેલ નથી.આમ ઉપરોકત વિગતે આ સાહેદે ઈરાદાપુર્વક પાછળથી ખોટી હકીકતી જણાવેલ હોઈ, આ સાહેદની જુબાની માની શકાય નહી. તે સિવાય ઉલટતપાસ દરમ્યાન એ હકીકત કબુલ રાખેલ છે કે, જયા ઢુઢ મનાવતા હતા ત્યા મારા સિવાય ૫૦–૬૦ માણસો હતા અને ત્યા હાજર મોટા ભાગના લોકોને નામથી હુ ઓળખુ છુ પરંતુ તે પૈકી કોઈનું નામ ફરીયાદમાં લખાવેલ નથીફ. તેમજ, બનાવવાળી જગ્યાએ જેફકશન ચાલુ હતુ તેમાતેઓને કોઈ આમંત્રણ આપવામાં આવેલ ન હતુ. મરણજનારને જે વાહનમાં રામબાગ હોસ્પીટલે લઈ ગયેલા તેનુ નામ પોલીસને આપેલ નહી કે મારી ફરીયાદમાં જણાવેલ નથી. તેમજ, રામબાગ હોસ્પીટલમાં મરનાર વિશે કે તેના નામ વિશે જણાવેલ નહી તેમજ, ડોકટરશ્રીએ બનાવ કેટલા વાગ્યે અને કયા બનેલ તે વિશે પણ જણાવેલ નહી. વધુમાં આ કામે ફરીયાદીનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ આંક–૮૯ થી રજુ છે જેમાં આ ઈજા બોથડ પદાર્થ થી થઈ શકે હતી તેવુ આ સર્ટીફીકેટ આપનાર ડો.શ્રી પોતાની જુબાની દરમ્યાન જણાવે છે પરંતુ, ઉલટતપાસ દરમ્યાન આ ડોકટર સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છેકે, ઈજા પામનાર સંતોષને કોઈ ધારદાર હથીયારથી ઈજાઓ આવેલ નથી. આ રીતે ફરીયાદી ઈરાદાપુર્વક ખોટુ બોલે છે, જેથી પણ તેમની જુબાની માનવા લાયક નથી.

આ સિવાય બચાવપક્ષે એવી પણ દલીલ છે કે,વધુમાં આ સાહેદ તેમની ઉલટતપાસ દરમ્યાન એ હકીકત ને નકારે છે કે, એ વાત ખરી નથી કે બનાવના ત્રણેક

મહીના પહેલા મારી દીકરીની આરોપીઓએ છેડતી કરેલ તે કારણે હાલનો બનાવ બનેલાનુ ખોટુ જણાવુ છુ, આ હકીકત ફરીયાદમાં આવેલ નથી. તેમજ,પ્રોસીકયુશન નો કેસ આરોપીઓએ ફરીયાદીની દીકરીની છેડતી કરેલ હોય તેના કારણે બનેલ હોય તેવો નથી. આ રીતે આ સાહેદ પ્રોસીકયુશનના કેસને મુળમાંથી ખોટો પાડે છે. વધુમા મહત્વના એવા ફરીયાદી પોતાની જુબાની દરમ્યાન એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મારા તથા મારા છોકરાઓ સામે ઘણા ફોજદારી કેસો ચાલે છે તે તમામ મારામારીના કેસો છે, આ હકીકત જોતા, આ સાહેદ તથા તેમના દિકરાઓ ક્રિમીનલ ઈતીહાસ ધરાવે છે અને કોર્ટ કેસોથી માહીતગાર અને વાકેફ છે, આ રીતે પણ આ સાહેદની જુબાની માનવા લાયક નથી.આમ આ કામનાં મહત્વના એવા ફરીયાદી ની સમગ્ર જુબાની જોતા, બનાવનો સમય,સ્થળ તથા ફરીયાદ વિગેરે નિ:શકપણે પુરવાર થતી ન હોઈ, આ સાહેદની જુબાનીથી પ્રોસીકયુશનનો કેસ ખોટો પડે છે. આ સિવાય ફરીયાદપક્ષના અન્ય સાહેદ એવા ઈજા પામનાર હરદેવ સંતોષને આંક–૧૫૮ થી તપાસેલ છે. તેઓએ જણાવેલ છેકે મારા પિતાજી તથા મારા ભાઈ મહેન્દ્ર ચૌહાણ ગંગામાઈ ના મંદીરે હોળી તહેવાર સમાજના માણસો સાથે મનાવતા હતા તે સમયે ઝઘડો થયેલ, આ હકીકત જોતા કહેવાતો બનાવ મોહન ચંદાજીના ઘરના આંગણામો કે ઘર પાસે બનેલ હોવાની હકીકત ખોટી પડે છે. આમ આ કામે કહેવાતો બનાવ સ્થળનુ ગંગામૈયાનુ મદીરની જગ્યાએ ઝુલેલલ સોસાયટી બતાવે છે, જેથી આ સાહેદની જુબાની માનવા લાયક નથી. વધુમા આ સાહેદ બનાવ અંગેનુ કારણ પંદર વીસ દિવસ પહેલા તેમની બહેનની છેડતી આરોપીઓએ કરેલ હોવાનુ જણાવેલ છેજયારે ફરીયાદીએ છેડતી ત્રણ થી ચાર માસ પહેલા થયેલ હોવાનુ જણાવેલ છે. જેથી પણ પ્રોસીકયુશનનો કેસ ખોટો પડે છે. વધુમા આ સાહેદ તેમની ઉલટતપાસ દરમ્યાન એ હકીકત કબુલ રાખેલ છેકે, હુ આ બનાવ સંબધે સ્થળે ગયેલ તે પહેલા હુ મારા ઘરે હતો તે વખતે મારા ઘરે મારા પિતાજી, મારા મમ્મી, મારો મોટોભાઈ,રાકેશ તથા મિથુન, મહેન્દ્ર ચૌહાણ મારી બેન કંચન અને હેમલતા હતા. આ હકીકત જોતા ખરેખર આ તમામ ઘરના વ્યકિતઓ બનાવસમયે પોતાના ઘરે જ હતા, તેમને આરોપીઓએ કોઈ ઈજા પહોચાડેલ

નથી. તેમજ, ઉલટતપાસ દરમ્યાન એ હકીકત પણ કબુલ રાખેલ છેકે, બનાવ સ્થળે કોઈપણ અવાજ થાય તો મારા ઘરે અવાજ ન સંભળાય અને આ રીતે અવાજ થતા કહેવાતા ઈજા પામનાર સાહેદો બનાવ સ્થળે ગયાની હકીકત મુળમાંથી ખોટી પડે છે. તેમજ, આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, રામબાગ હોસ્પીટલે ગયેલ ત્યારે ડોકટરને મને તથા મારા ભાઈઓને કોણે મારેલા શુ મારેલા અને કઈ જગ્યાએ મારેલ તે જણાવેલ નથી.તેમજ,ભુજ હોસ્પીટલે પણ ડોકટરને મે મને કયા સ્થળે, શેનાથી અને કોણે મારેલા તે હકીકત જણાવેલ નહી. આ રીતે ખરેખર હાલના આરોપીઓના નામ પાછળથી વેરભાવના કારણે આપેલ છે તે સ્પષ્ટ થાય છે.

વધુમા બચાવપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, આ કામે સાહેદ રાકેશ સંતોષ ચૌહાણને આંક-૧૯૭ થી તપાસેલ છે, તેઓએ પણ કહેવાતા ઈજા પામનાર સાહેદ છે. તેઓએ પણ પોતાની પોલીસ રૂબરૂના સરતપાસમાં જણાવેલ હકીકત જણાવેલ અને તે મહત્વનુ કોન્ટ્રાડીકશન અને ઓમીશન છે, આ કોન્ટ્રાડીકશન અને ઓમીશન બચાવપક્ષ તરફથી સાહેદ નં ૩૭ બાબુજી વાઘેલાની આંક- ૨૨૯ તથા સાહેદ હરદેવસિંહ વાઘેલાની આંક-૨૫૩ વાળી જુબાથી બચાવપક્ષે પુરવાર કરેલ છે. તેમજ આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે અને તે જોવામાં આવે તો પણ આ સાહેદની જુબાની કોઈ રીતે માની શકાય તેમ નથી. આ સાહેદ ઉલટતપાસ દરમ્યાન એ હકીકત કબુલ રાખેલ છેકે જે જગ્યાએ બનાવ બનેલ એ જગ્યાએથી મારુ ઘર ન દેખાય, આ બનાવ બન્યો ત્યારે હુ મારા ઘરના દરવાજા પાસે ઉભો હતો, આ રીતે જોતા આ સાહેદે ખરેખર બનાવ નજરે જોયેલ નથી અને પાછળથી અન્ય રીતે તેમને ઈજા થતા, ખોટી રીતે આરોપીઓના નામ આપેલ છે સ્પષ્ટ થાય છે. વધુમા આ સાહેદ ઉલટતપાસ દરમ્યાન એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, હુ મારા પિતાજી અલગ રહુ છુ, આ કામે સાહેદ હરદેવ સંતોષ તેની આંક-૧૫૮ વાળી જુબાનીમાં પાના નં ૫માં જણાવે છે કે,બનાવ બન્યો ત્યારે રાકેશ ચૌહાણ મારા ભારતનગર વાળા ઘરમાં હતો આમ ખરેખર આ સાહેદ બનાવ સ્થળે હાજર જ ન હતો તે સ્પષ્ટ થાય છે.

વધુમા બચાવપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે આ કામે અન્ય સાહેદ પ્રકાશ મોહનલાલ, મંજુલાબેન પ્રકાશ મોહનલાલ, વિઘયાબેન મોહનલાલ ચંદાજી સાહેદો નજરે જોનાર સાહેદ તરીકે પ્રોસીકયુશને રજુ કરેલ છે ત્યારે ભોગબનનાર સાહેદ કરતા પણ તટસ્થ સાહેદોનુ મહત્વ વધી જાય, આ સાહેદો નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરીયાદપક્ષે સમર્થનકારી જુબાની આપતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલછેવધુમા આ તમામ સાહેદોની ઉલટતપાસ વિધ્વાન એ.પી.પી.શ્રી દવાાર કરવામા આવેલ છે તેમા પણ આ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની ન આપી વધુમા જણાવેલ છે કે, મહેન્દ્ર અને બીજા ત્રણ માણસો આવેલ અને તેને આમંત્રણ આપેલ નહતુ અને મહેન્દ્ર અને બે ત્રણ જણા હથીયાર એટલેકે પાઈપ અને તલવાર સાથે આવેલ જણાવેલ છે જયારે અન્ય સાહેદએ જણાવેલ કે ઉજવણી પુરી થયા બાદ લોકો જતા રહયા હતા. આ સિવાય આ કામે નજરે જોનાર સાહેદો હેમતલતા બેન નરેન્દ્ર તથા કંચનબેન રાજેશભાઈ (ફરીયાદીના પુત્રી) ને તપાસેલ છે, જેની જુબાની ના. કોર્ટે ઝીણવટીભરી નજરે જોવાનો અનુરોધ કરેલ છે, તેઓની જુબાની મુજબ બનાવ બન્યા બાદ બનાવવાળી જગ્યાએ ગયેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ હોઈ, આ સાહેદોએ બનાવ નજરે ન જોયેલ હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. વધુમા બચાપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, હાલના આ કેસમાં સૌથી મોટી ખામી હોય તો તપાશ કરનાર અધિકારી દવારા બિન–અધિકૃત રીતે અને પક્ષપાત કરીને ખોટી તપાસ કરવામાં આવેલ છે અને ઈરાદાપુર્વક કે ઉપેક્ષા થી સાચી વિગતો રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમા આ કામે ડીસ્કવરી પંચનામુ કરી મુદામાલ છરી કબજે કરવામા આવેલ છે, જે બંને પંચોએ પ્ર ોસીકયુશનના કેસને સમર્થન કરેલ નથી. તે સિવાય આ કામે ગુન્હા અંગેનુ કારણ (કોઝ) નકકી થતુ નથી કારણકે જો આરોપીઓએ આવુ કૃત્યુ કર્યુ હોય તો શા માટે કર્યુ, તે અંગે આંક–૧૩૪ વાળી ફરીયાદમાં કયાય ખુલાસો કરેલ નથી .જયારે ફરીયાદીએ બનાવ પાછળનુ મુખ્ય કારણ આ બનાવ બન્યાથી ત્રણ ચાર મહીના અગાઉ આરોપીઓએ તેમની દીકરી કંચનની છેડતી કરેલ અને આ બાબતે ઝઘડો થતા, મનદુ:ખ ના કારણેઆ બનાવ બનેલ જયારે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની

ઉલટતપાસ દરમ્યાન એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓએ કંચનની છેડતી કરેલ હોય તે મારી તપાસમાં ખુલેલ નથી. તેમજ, કંચનને કોઈ છેડતી થયેલ હોઈ અને તેની કોઈ ફરીયાદ દાખલ થઈ હોય એવી વિગત પણ તપાસમાં ખુલેલ નથી. આ સિવાય અન્યસાહેદ હરદેવ સંતોષ પોતાની જુબાની દરમ્યાન બનાવનુ કારણ ૧૫–૨૦ દિવસ પહેલા તેમની બહેન કંચનની છેડતી આરોપી બદ્રીપ્રસાદે કરેલ હોવાનુ જણાવેલ છે, તે સિવાય સાહેદ હેમલતાએ બનાવનુ કારણ બહેન કંચનની છેડતી દોઢ માસ પહેલા થયેલ હોવાથી થયેલ હોવાનુ જણાવેલ છે. આમ આ કામે છેડતી કરનારના નામની બાબત તથાબનાવના સમયની બાબતમાં વિરોધાભાષ જણાય આવે છે. વધુમા આ કામે એફ.એસ.એલના રીપોર્ટ મુજબ તેમજ આંક–૫૦ વાળા પંચનામામાથી આરોપી ભીમસ ેન બદ્રીપ્રસાદના કપડા ગંજી પેન્ટ અને જાગીયો કબજે લેવામા આવેલ છે તે શીરોલોજીકલ રીપોર્ટ અનુસાર કપડા પર જે લોહીના દાગ છે તેનુ ગ્રુપ ' એ ''હોવાનુ નીકેલ છે જે ભીમસેનનુ બ્લડ ગ્રુપ છે. વધુમાં આ કામે સ્થાનીક જગ્યાએથી એકમાત્ર ગાંઠવાળી લાકડી જ કબજે કરવામા આવેલ છે અને તાકી અને ભોકી શકાય તેવા સ્થાનીકે થી કબજે થયેલ કોઈ હથીયારમાં ઓ ગ્રુપ મળતુ નથી. વધુમા આ કામે છરી કબજે કરેલ તે અંગે કરવામા આવેલ પંચનામાના પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી.

વધુમા બચાવપક્ષે એવી દલીલ કરેલ છેકે ફોજદારી કાયદાના સિંધ્ધાત છે કે ૧૦૦ ગુન્હેગાર ભલે છુટી જાય પરંતુ, એક નિદોર્ષને સજા ન થઈ જોઈએ અને તેની સામેનો કેસ નિ:શક રીતે પુરવાર થવો જોઈએ અને તે રીતે હાલના આરોપી ભીમસેન ઉર્ફે જેનુ જે છેલ્લાછ વર્ષથી જેલમાં યુ.ટી.પી. તરીકે ટ્રાયલનો સામનો કરી રહેલ છે તે નિ:શક ગુન્હેગાર હોવાનુ પુરવાર થતુ નથી ત્યારે નામ. કોર્ટે આરોપીને નિદોર્ષ ઠરાવી વિકલ્પે શકનો લાભ આપી છોડી મુકવો જોઈએ, જે નમ્ર અરજ છે. વધુમાં બચાવપક્ષે પોતાની ઉપરોકત દલીલના સમર્થનમાં નીચે મુજબની તમામ ઓથોરીટીઝ રજુ રાખેલ છે, જે તમામ વંચાણે લીધી.

(૧) ૧૯૮૯ લીગલ ઈગલ (એસ.સી) ૨૪૨

સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ વિરૂઘ્ધ મદન મોહનં

(૨) ૨૦૦૪ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૬

સ્ટેટ ઓફ એચ.પી. વિરૂઘ્ધ સુખવીદર સીઘ

(૩) ૨૦૦૨ લીગલ ઈગલ (એસ.સી) ૯૬૪

રઘુનાથ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ હરીયાણા

(૪) ૧૯૯૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૭૨

રૂકમા એન્ડ અધર્સ વિરૂઘ્ધ જાલા એન્ડ અધર્સ

(૫) ૧૯૯૫ લીગલ ઈગલ (એસ.સી) ૭૦૦

રામા શંકર રનવીર સીઘ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ હરીયાણા

(૬) ૧૯૯૬ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૯૨

ઘના કનૈયાલાલ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ મઘ્યપ્રદેશ

(૭) ૧૯૯૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૭૦

સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ વિરૂઘ્ધ ભગવાન

(૮) ૨૦૧૨ લીગલ ઈગલ (એસ.સી)૧૪૨

સંપતકુમાર વિરૂઘ્ધ ઈન્સપેકટર પોલીસ કિષ્નાગીરી

(૯) ૨૦૧૫ લીગલ ઈગલ (એસ.સી)૮૨૯

ડી.થામોદરન વિરૂઘ્ધ કંડાસ્વામી એન્ડ અધર્સ

(૧૦) ૧૯૮૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૮૬

અમર સિંઘ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ પંજાબ

(૧૧) ૧૯૯૩ લીગલ ઈગલ (એસ.સી. ) ૫૪૮

મીરન બકસ વિરૂઘ્ધ લાલુ ઉર્ફે શાગીર અહેમદ

(૧૨) ૧૯૯૨ લીગલ ઈગલ (એસ.સી) ૯૬

સ્ટેટ ઓફ પંજાબ વિરૂઘ્ધ જીત સીઘ

(૧૩) ૧૯૯૦ લીગલ ઈગલ (એસ.સી) ૫૭

બી.એન સીધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૧૪) એસીઆર ૨૦૧૧(૧) ૨૬ એસ.સી.

વરૂન ચૌધરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન

(૧૫) એસીઆર ૨૦૧૧(૧) ૩૭ એસ.સી.

અંજની ચૌધરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર

(૧૬) ૧૯૯૫ સીઆર એલ.આર (મહારાષ્ટ ) ૪૩૪

કાશીનાથ બબન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ

(૧૭) ૨૦૧૦ સીઆર.એલ.આર (ગુજ) ૫૧

સતીષ રામુભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૧૮) ૨૦૦૯ સીઆર.એલ.આર (એસ.સી.) ૭૭૧

ગનેશ ગોગાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ

(૧૯) ૨૦૦૯ સીઆર.એલ.આર (એસ.સી. ) ૭૭૭

રમેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા

(૨૦) ૨૦૦૯ સીઆર.એલ.આર (ગુજ) ૪૮૫

સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મેર છગન કરશન

(૨૧) ૨૦૦૯ સીઆર.એલ.આર (ગુજ) ૪૯૦

મુનાભાઈ રઝાકભાઈ વિરૂધ્ધ સગીર અમન મુનાભાઈ અને અધસ

(૨૨) ૨૦૦૦ સીઆર.એલ.આર (ગુજ) ૪૦૫

રોલીયા જમાઈ રાતવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૨૩) ૨૦૧૦ સીઆર.એલ.આર (ગુજ) ૪૧૩

ફીરોઝ ઈકબાઈ રાઠોડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

**(૧૨–બી)** આ કામે મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી ડી.જે. જોબનપુત્રા એ આંક– ૨૬૧ થી લેખિત દલીલ રજુ રાખી, જણાવેલ છે કે, આ કામે આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ કર્યા બાદ ફરીયાદપક્ષે કુલ્લે ૨૯ સાક્ષીઓ તપાસેલ છે,

આ કામે આરોપીઓ વિરૂધ્ધ આંક–૨૮ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે અને ત્યારબાદ આરોપી નં ૧ તથા ૩ વચગાળાના જામીન દરમ્યાન મુકત થયા બાદ ભાગી ગયેલ હોઈ, આરોપી નં (૨) પુરતી હાલની ટ્રાયલ આગળ ચલાવવાનો હુકમ થયેલ છે. હાલના કેસનો સમગ્ર પુરાવો તથા ફરીયાદ અને અન્ય દસ્તાવેજી આધાર જેવા કે પી.એમ રીપોર્ટ, ઈજાના પ્રમાણપત્રો, ઈજા પામેલ સાહેદોની મૌખીક જુબાની બનાવવાળી જગ્યાનો નકશો વિગેરે વંચાણે લેતા, આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામા આવેલ તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરેલ છે. હાલનો બનાવ ૨૦–૦૩–૨૦૧૧ ના રોજ અઢી વાગ્યે બનેલ અને ઈજા પામનાર તથા મરણજનાર સરકારી હોસ્પીટલે પહોચેલ તેવુ ડો.સાહેદ નીલેશ મકવાણા આંક– ૮૪ ની જુબાનીમાં જણાવેલ છે. વધુમા આ કામે એક જ પરીવારના પુરૂષ સભ્યોને ગંભીર તથા ક્રુરતા પુર્વક ની ઈજાઓ થયેલ હોવાની ની ફરીયાદ સમયસર છે તેમજ મરણજનારનો રીપોર્ટ આંક–૮૭ થી રજુ છે, તેમા પણ છાતી અને ગળાના ભાગે ભોકાયેલા ઘાને લીધે વધુ પડતુ લોહી વહી જવાના કારણે મૃત્યુ થયેલ હોવાનુ જણાવેલ છે, અને આ હકીકતના સંદર્ભમાં આ કામનાં ફરીયાદી સહીતના ઈજા પામનાર સાહેદો એવા ફરીયાદીના પુત્રો અને બનાવ નજરે જોનાર સાહેદ એવા ફરીયાદીની પુત્રીઓ દવારા સદરહુ હકીકતને સમર્થન આપતી આરોપીઓ વિરૂધ્ધની તહોમત મુજબની હકીકતો પોતાની જુબાની દરમ્યાન જણાવેલ છે. વધુમા આરોપીઓ તરફથી આ કામે ફરીયાદ મોડી થઈ છે તેમજ બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાએ બનેલ ન હોવાના આક્ષેપો છે અને બનાવ વખતે ઘણા હાજર હોવા છતા તેમને તપાસવામા આવેલ નથી. પરંતુ આરોપીઓ તરફે લીધેલ તકરાર ટકવા પાત્ર નથી કારણકે, આ કામે મરણજનારને ૧ ૦જેટલી જીવલેણ ઈજાઓ થયેલ છે તેમજ અન્ય ચાર ઈજા પામનાર સાહેદોને પણ ઈજાઓ થયેલ છે. આવા માહોલમાં જયારે જીવલેણ ઈજાઓના કારણે ઈજાગ્રસ્ત તથા તેને લઈ જનારની પ્રથમ પ્રાથમીકતા સારવાર ની હોય તે રીતે બનાવ પછી પોલીસ ફરીયાદ તાત્કાલીક નોધેલ છે, જે થી પણ આરોપીઓ તરફેની તકરાર ટકવા પાત્ર નથફ. વધુમા આવા અધમ કૃત્યુ બાદ ઈજા પામનાર સાહેદોની બનાવ પછીની વતુર્ણક દરેક ની

મનોદશા અને તેની ક્ષ્મતચા મુજબ અલગ અલગ હોય છે જેથી પણ આરોપીઓની તે અંગેની રજુઆત ટકવા પાત્ર નથી. આ સિવાય આરોપી પક્ષે બનાવની જગ્યા અંગે તકરાર ઉભી કરેલ છે પરંતુ હાલનો બનાવ મોહન ચંદાજી રેગરના ઘર પાસે બનેલ છે તે અંગે કોઈ વિવાદ નથી કારણકે આ કામે સાહેદ પ્રકાશ મોહન ચંદાજીની આંક-૬૪ વાળી જુબાનીમા આ સાહેદ તેમના ઘરે ઢુઢનો પ્રસગ હોવાનુ સ્વીકારેલ છે તે સિવાય સ્થાનીક જગ્યાનું પંચનામુ આંક-૩૭,પંચ સાહેદ મહેશ પ્રેમજી કતીરાની આંક-૧૦૦ નીજુબાની તેમજ તપાશનીશ અધિકારીશ્રીની જુબાની અને સ્થાનીક જગ્યાનો નકશો ની પણ પુરાવાને સમર્થન મળેલ છે. અને સ્થાનીક જગ્યાએથી લોહી કબજે કરેલ છે તે માનવ લોહી છે અને હથીયારો પણ ત્યાથી જ કબજે કરવામા આવેલ છે, જેથી પણ આરોપીઓની તકરાર ટકવાપાત્ર નથી.વધુમા આરોપી પક્ષે એવી દલીલ કરેલ છે કે, આરોપીઓ તથા સાહેદોની જુબાનીમાં કોન્ટ્રાડીકશન છે, જે કોન્ડ્રાડીકશન માઈનોર (સામાન્ય) છે, જે કોર્ટ સમક્ષ પડેલ પુરાવાને શંકાશીલ પણ બનાવી શકે તેમ નથી જેથીપણ આ રજુઆત ગ્રાહય રહી શકે તેમ નથી.તેમજ આ કામે એફ.એસ.એલનો શીરોલોજી રીપોર્ટ વંચાણે લેવામા આવે તો, ઈજા પામનાર ફરીયાદી સહીતના સાહેદોની જુબાનીને સમર્થન મળેલ છે વધુમા મુળ ફરીયાદી તરફે એવી દલીલ કરવામા આવેલ છે કે, હાલના કેસનો ક્રોસ કેસ નં ૬૨/૧૨ હાલ નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર છે અને હાલના કેસના બે આરોપીઓ જે ક્રોસ કેસમાં ઈજા ગ્રસ્ત સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ છે તે બંને વચગાળાની જામીન પર છુટયા બાદ મળી આવતા નથી તેથી કેસ આગળ વધતો નથી અને હાલનો કેસ સુપરેટનો હુકમ થયેલ છે. નામ. સુપ્રિમ કોર્ટ દવારા સુધીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૨૦૦૧ સીઆર.લે જે-૧ ૦૭૧)માં એવુ ઠરાવેલ છે કે બેનં ક્રોસ કેસ એક જ જજએ એક પછી એક ચલાવવાના અને એક કેસનો પુરાવો અને દલીલો સાંભ્ળ્યા પછી જજમેન્ટ રીઝર્વ રાખવુ અને ત્યારબાદ બીજો કેસચલાવવાનો અને ત્યારબાદ બંને કેસના ચુકાદા એક પછી એક જાહેર કરવા કારણ કે તે ફેયર ટ્રાયલના સિંધ્ધાતને અનુરૂપ છે. તેમજ, વિશેષમા એવી રજુઆત કરેલ છે કે, જો હાલનાં બે ભાગેડુ આરોપીઓ જે ક્રોસ કેસના સાક્ષી છે તેમના ન

આવવાથી હાલના ફરીયાદી સામેનો કેસ ન ચાલવાથી અમોને નુકસાન જશે અને તેનાથી પુર્વગ્રહ પણ થશે અને અમો ફરીયાદી તથા સાહેદોને લાંબા સમય કે જે નકકી કહી શકાય નહી તેવા સમય સુધી તેમના ભાગી જવાથી પડતર કેસોનો સામનો ચાલુ રાખવો પડશે અને સહઆરોપીઓને તેનાથી ફાયદો થશે વધુમા જો હાલના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટ સરકયુલર નં સી.૨૬૧૮/૨૦૧૬ અને સી.૨૬૨૧/૨૦૧૬ માં આપવામાં આવેલ ર્નિદેષો મુજબ ની કાર્યવાહી કરી,અને સેપરેટ ટ્રાયલનો હુકમ થયેલ હોય તો ફરીયાદપક્ષ તરશફથી આરોપીઓની ગેરહાજરીમાં નોધવામા આવેલ પુરાવા જો કોઈપણ સાહેદ જે તે સમયે મળી ન આવત અને અથવા તેન હાજરીમાં નજીક ના ભવિષ્યમાં મળી શકે તેમ ન હોત અને અથવા સાક્ષી મરણ ગયેલ હોત તો તે પુરાવો ઈવીડન્સ એકટની કલમ ૩૩ હેઠળ ગ્રાહય રહેત અને આરોપીઓના ભાગવાનો ફાયદો આરોપીને ન મળત. પરંતુ હાલના સંજોગોમાં તે તેમના ફાયદામાં છે અને ફરીયાદપક્ષને સંપુર્ણપણે નુકસાન કરતા અને તેમને અચૌકકસ સમય માટે ટ્રાયલ ફેસ કરવાની રહેશે અને માનસીક યાતના અને આર્થીક નુકશાન વગર વાંકે ભોગવવાની રહેશે, તે રીતે પણ હાલનો ચુકાદો રીઝર્વ રાખવા અરજ છે. તે સિવાય ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામા આવેલ મૌખીક અને દસ્તાવેજી આધારોને ધ્યાને લેતા, ફરીયાદ દસ્તાવેજી આધારોમાં કરવામા આવેલ આક્ષેપો સુંસગત છે અને પ્રોસીકયુશનના કેસને સંપુર્ણપણે સમર્થન મળેલ છે અને ફરીયાદપક્ષનો કેસ ર્નિવિવાદીત અને નિ:શકપણે સાબિત થયેલ છે, જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવી સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. વધુમા ઉપરોકત દલીલના સંદર્ભે આ કામે નીચે મુજબની ઓથોરીટીઝ રજુ કરવામા આવેલ છે, જે તમામ વંચાણે લેવામા આવેલ છે.

(૧) ૨૦૧૬ એસીઆર ૬૮૯

ફકીર મોહમદ ઈબ્રાહીમ વિરૂઘ્ઘ ઉદય ઉમેશ

(૨) ૨૦૦૧ (૦) જીએલએચઈએલ –એસ.સી.–૩૦૬૬૪

સુઘીર વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ મઘ્યપ્રદેશ

(૩) ના. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં સી.૨૬૧૮/૨૦૧૬

(૪) ના. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં સી.૨૬૨૧/૨૦૧૬

(૧૩) ફોજદારી કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપીઓ વિરૂદ્ધ સંપુર્ણપણે નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે. વિશેષમાં સામાન્ય રીતે કોઈપણ ફોજદારી બનાવમાં નજરે જોના સાહેદ કોણ કોણ છે?, કેટલા સાહેદો છે? અને તેઓએ કેવી રીતે તેઓનો પુરાવો આપેલ છે તે અંગે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે, તે જ રીતે ઈજા પામનાર સાહેદ કે અન્ય સાહેદોએ કેવો પુરાવો આપેલ છે, તેનું મુલ્યાંકન કરવાનું હોય છે, જો નજરે જોનાર સાહેદ કોઈ ન હોય તો સાંયોગીક પુરાવા એટલે કે, સર્કમટન્સીસ એવીડન્સ છે કે કેમ તેની ચર્ચા કરવાની હોય છે આ અંગેના પણ સિદ્ધાંતો હોય છે. આ તમામ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી, ફરીયાદીએ જે ફરીયાદ આપેલ છે તેનું મુલ્યાંકન અદાલતે કરવાનું હોય છે.

(૧૪) આ કામે આંક-૮૪ થી સાહેદ નં ૨૩ ડો. નીલેશ સાંમતભાઈ મકવાણાને તપાસેલ છે,જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે,તારીખ ૨૦-૦૩-૧૧ ના રોજ બપોરના અઢી વાગ્યે હુ મારી ફરજ પર હાજર હતો ત્યારે મારામારી ના બનવમા ઈજા પામેલ મરણજનાર મહેન્દ્ર સંતોષ સહીતના આઠ -નવ જણા સારવાર અર્થે લાવેલા, જેની જાણ મે સંબધિત પો.સ્ટેશને કરેલી અને પ્રાથમીક સારવાર શરુ કરેલી, અને એ જદિવસે એ ડીવીઝન પો.સ્ટેશન ના પી.આઈ એ આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષ વાળાનુ શબ પરિક્ષણ લખેલ યાદી આપેલ, જે આ કામે આંક-૮૫ થી રજુ રાખેલ છે અને વધુમા જણાવેલ છે કે, આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષ ચૌહાણનુ શબનુ બાહય પરીક્ષણ કરતા, આ લાશ એક પુરૂષની હતી, જેની ઉમર આશરે ૨૪ વર્ષની હતી, જેને વાઈટ શર્ટ વાઈટ ગજી અને બ્લુ જીન્સ પહેરેલ હતુ, છાતી અને પેટના ભાગે કપડા ફાટેલા હતા, શર્ટ અને ગંજી પુરેપુરા

લોહીથી ખરડાયેલા હતા અને પેન્ટ પણ લગભગ આખુ ખરડાયેલ અને શરીરનુ બ્રાહય સામાન્ય હતુ, શરીર ઠડુ અને પુરેપુરુ અકડાયેલ હતુ, પી.એમ.લીકવીડીટી પાછળના ભાગે આંખો ખુલી હતી, મો બંધ હતુ, ચહેરો લોહીથી ખરડાયેલ હતો, કાન અને ગળાના ભાગે લોહીની હાજરી હતી, તેમજ આ શબના અલગ અલગ શરીરના ભાગ જેવા કે ગળાના ભાગે, છાતીના ભાગે,ફેફસાના ભાગે, પેટના ભાગે ડાબા હાથમાં અલગ અલગ કપાયેલા ૧૦ જેટલીઓ ઈજાઓ હતી અને આ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી તેમ જણાવી આ સાહેદ વધુમા પોતાની નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છે કે, મારા મત પ્રમાણે **ઘણા બધા ભોકાયેલા ઘા જેમ કે છાતી પેટ અને ગળામાં ભોકાયેલા ઘા ને લીધે વધારે પડતુ લોહી વહી જવાથી હદય અને શ્વાસ બંધ પડી જતા, મૃત્યુ થયેલ જે કુદરતના સામાન્ય કમમા માણસનુ મૃત્યુ હોવાથી તેવી ઈજા રીતે મૃત્યુ થવા સંભવ છે.** આમ જણાવી આ સાહેદ દવારા આંક-૮૬ થી મરણજનારનો પી.એમ.રીપોર્ટ તેમજ આંક-૮૭ થી મરણજનારનુ મરણ અંગેનુ પ્રમાણપત્ર રજુ રાખેલ છે અને તેમા પોતાની સહી ઓળખી બતાવે છે. આ તમામ હકીકતો જોતાં મરણજનારનું મૃત્યું અકુદરતી હોવાનું જણાઈ આવે છે અને તેથી મુદા નંબર-૧નો નિર્ણય હું **હકાર**માં ઠરાવું છું.

**(૧૫)<u>મુદા નંબર-ર થી ૪ ની સંયુકત ચર્ચા:::-</u>** આ કામે એક હકીકત સ્પષ્ટ છે કે, ચાર્જશીટમાં જણાવવામાં આવેલ મોટા ભાગના તપાસવામાં આવેલ કુલ-૩૯ સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો, હાલના કેસમાં નજરે જોનાર સાહેદ તેમજ ઈજા પામનાર સાહેદો પણ છે. આવા સંજોગોમાં પ્રત્યક્ષ સાહેદો (સ્વતંત્ર સાહેદો તથા ઈજા પામનાર સાહેદો) તથા સાંયોગીક પુરાવાની તમામ તમામ સાંકળ (ચેઈન) સંપૂર્ણપણે નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવાની હોય છે. એટલું જ નહિં પરંતુ કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો પ્રમાણે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન ઘણો જ મહત્વનો પુરાવો છે. પરંતુ કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ તે પુરાવો નબળો

હોય છે. એટલે કે, તેવા પુરાવાને કોરોબ્રેશન એવીડન્સ (સમર્થનકારક પુરાવા) થી સમર્થન મળી રહે તે અત્યંત જરૂરી છે તેમજ કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કેસોમાં સામાન્ય રીતે પંચો હોસ્ટાઈલ જાહેર થતા હોય છે. તેમ છતાં જેટલો પુરાવો માની શકાય તેટલો હોય તે પુરાવો ધ્યાનમાં લઈ શકાય.

**(૧૬)** હવે જયારે ઉપર મુદા નં (૧) ની ચર્ચા કરેલ તે મુજબ આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષનુ મરણ જયારે અકુદરતી અને વધુ પડતી ઈજાઓના કારણે થયેલ છે અને ઈજા પામનાર ફરીયાદી સહીતનાં અન્ય સાહેદો ને થયેલ ઈજા આરોપીઓ દવારા એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં કરેલ છે કે કેમ તે અંગેની વિસ્તૃત ચર્ચા કરીએ તો આ કામે સૌપ્રથમ મહત્વના એવા ફરીયાદી સહીતના તમામ ઈજા પામનાર સાહેદો તથા સ્વતંત્ર સાહેદોનો પુરાવો સૌપ્રથમ ચર્ચા કરીએ તો...

**(૧૭)** આ કામે સૌપ્રથમ મહત્વના એવા ઈજા પામનાર ફરીયાદી: સંતોષ રામાજી ચૌહાણને ફરીયાદપક્ષે આંક– ૧૩૩ થી તપાસેલ છે, તેઓએ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે,તારીખ ૨૦–૦૩–૧૧ ના અમો મોહન ચંદારજીના ઘરે તેમના છોકરાનો પ્રંસગ હોઈ, તેથી હુ તથા મારો દિકરો મહેન્દ્ર મોહન ચંદારજીના ઘરે ગયા હતા અને ત્યારે દીનેશ બદી પ્રસાદ, જેનુ બદ્રી પ્રસાદ (હાલનાં આરોપી નં –૨ ) અને અર્જુન બદ્રીપ્રસાદ તણેય જણા હથીયાર લઈને ફકશનવાળી જગ્યાએ આવેલ અને દીનેશ બદ્રીપ્રસાદના હાથમાં હતલવાર હતી, વેણુના હાથમાં છરી હતી અને અર્જુનના હાથમાં તલવાર હતી, ત્યારે દિનેશે આવીને તલવારનો ઘા મારા ગરદન પર મારવા માટે મે મારો ડાબો હાથ મારા ગરદનની આડે કરેલ, જેથી મારા હાથમાં પાકો પાટો પ્લાસ્ટર કપાઈને મને કાડાના ભાગે ઘા લાગેલ અને આ જગ્યા જુલેલાલ સોસાયટીમાં આવેલી હતી, અને ત્યારબાદ ફકશનમાં હાજર રહેલા લોકોએ રાડારાડી કરેલી તેથી મારા ત્રણ છોકરા રાકેશ, હરદેવ

અને મીથુન જે ઘરે હતા તે દોડીને ફકશનવાળી જગ્યાએ આવેલ, મારા દિકરા રાકેશને દિનેશ તેમજ અજુને તેમના હાથમાંની તલવારોએ વડે માથામાં નાભાગે ઘા કરેલ તેમજ જેનુએ (હાલનાં આરોપી નં–૨ ) તેમના હાથમાંની છરી મારા દિકરા રાકેશને ડાબી છાતીના ભાગે મારેલ તેમજ પીઠના ભાગે ઘા કરેલ,અને જેથી મારા દિકરાને રાકેશને આ ઈજાને કારણે લોહી નીકળેલુ. મારા બીજા દિકરા મહેન્દ્રને રાકેશને મારતા પહેલા ત્રણેય આરોપીઓએ ભેગા મળીને તલવારો અને છરી પેટ, છાતીમાં ગળા પર મારેલુ અને ગળા પર ઘા થયેલ, ગળુ કપાઈ ગયેલુ, હવે હુ કહુ છુ કે, ગળા પર ઘા થયેલ અને મહેન્દ્ર ત્યા ને ત્યા ઢળી પડી ગયો અને મહેન્દ્ર પડી ગયા બાદ મારા ત્રણ છોકરા રાકેશ હરદેવ અને મીથુન દોડી આવેલ , મારા દિકરા હરદેવને દિનેશે તેમના હાથમાંની તલવાર પેટમાં ઘુસાડી દીધી અને જેનુ (આરોપી નં –૨ ) એ તેના હાથમાની છરીથી પેટ પર ઘા કરેલ,ત્યારબાદ મીથુન ને અર્જુનની પોતાના હાથમાંની તલવાર તેની આગળી પર ઘા કરેલ, અને રાકેશ પર આ ત્રણેય જણાઓ ભેગા મળીને ઘા કરતા રાકેશ હટવા ગયેલ તેમ છતા માથાના પાછળના ભાગે ઈજાઓ થયેલી અને ત્યારબાદ બુમાબુમ થતા મારી દીકરી કંચન તેમજ હેમલતા દોડી આવેલ, અને ત્યારબાદ આ ત્રણેય આરોપીઓ ભાગી ગયેલ, અને મારી બંને છોકરી કંચન અને હેમલતાએ મારા દીકરાઓને એક રીક્ષામાં બેસાડી રામબાગ હોસ્પીટલ લઈ ગયેલ અને ત્યારબાદ બીજા વાહનમાં હુ રામબાગ હોસ્પીટલે ગયેલ, ત્યારબાદ રામબાગ હોસ્પીટલે પોલીસ આવી અને મે ફરીયાદ આપેલી. વધુમા આ સાહેદ તેમની સરતપાસ દરમ્યાન એવુ જણાવે છે કે, મારા દીકરા મહેન્દ્રને બનાવવાળી જગ્યાએ વાગેલ અને થોડી થોડીક સાંસ લેતો હતો અને રીક્ષામાં નાંખેલ, તે રસ્તામાં ગુજરી ગયેલ, અને અમો હોસ્પીટલે લઈ ગયેલ ત્યારે ડોકટરે મહેન્દ્ર મરણ ગયેલાનુ જાહેર કરેલ છે, અને મારા પુત્ર રાકેશ અને હરદેવની સારવાર રામબાગ હોસ્પીટલમાં કરેલી, પરંતુ આ બંનેને ગંભીર પ્રકારની ઈજાઓ હોતા એમ્બયુલન્સમાં ભુજની જી.કે. જનરલ હોસ્પીટલમાં સારવાર માટે લઈગયેલ તેમ જણાવી વધુમા આ સાહેદ જણાવે છે કે, આ બનાવ બનવાનુ મુખ્ય કારણ એ હતુ કે, આ બનાવથી ત્રણ ચાર

મહીના અગાઉ આરોપીઓએ મારી દીકરી કંચનની છેડતી કરેલી, જેથી ઝઘડો થયેલ હોઈ, મનદુ:ખ ના કારણે આ બનાવ બનેલ, તેમ જણાવી આ સાહેદ ના. કોર્ટ રેકર્ડમાથી અસલ ફરીયાદ રજુ રાખી, તેમા પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૧૩૪ થી રજુ છે તેમજ, મુદામાલ આર્ટીકલ નં ૨૩ (માર્ક –એચ) વાળી છરી બતાવવામા આવતા તે ઓળખી બતાવે છે, તેમજ તમો આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨) ના વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે,મોહન ચંદાજીનો હુ કોઈ સગા વહાલો નથી ફકત જ્ઞાતિ બંધુ છુ. તેમજ મને મોહન ચંદાજીએ કોઈ આંમત્રણ આપેલ ન હતુ. તેમજ, મને બનાવ પહેલા મારા ડાબા હાથે પ્લાસ્ટર હતુ તે ઈજા મને ફ્રેકચર થયેલ હતુ તે કારણે પ્લાસ્ટર હતુ, તે હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ બાદ મારા ત્રણ દિકરા તથા દિકરી એક રીક્ષામાં રામબાગ હોસ્પીટલે ગયેલા, તે રીક્ષાવાળો કોણ હતો તેના નંબર શુ તેની મને ખબર નથી તેમજ, રીક્ષાવાળાને કોઈ ભાડુ આપેલ હતુ કે કેમ તેની મને ખબર નથી. હુ હીરો હોન્ડામાં હોસ્પીટલે ગયેલ, હીરોહોન્ડા વાળાને બનાવ વિશે જણાવેલ નહી. તેમજ, આરોપીઓ બનાવ પહેલા બોલવાનો વહેવાર ન હતો અને તેઓ સાથે અણબનાવ હતો.

(૧૮) ત્યારબાદ આ કામે અન્ય ઈજા પામનાર સાહેદ: હરદેવ સંતોષને આંક– ૧૫૮ થી તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે,હુ તા.૨૦.૩.૨૦૧૧ ના રોજ હુ મારા ઘરે હતો તે વખતે બપોર અઢી વાગ્યા હતા ત્યારે અઢી વાગ્યા ના સુમારે મારા પીતાજી તથા મારા ભાઈ મહેન્દ્ર ચૌહાણ ગંગામાઈ ના મદીરે હોળી તહેવાર સમાજના માણસો મનાવતા હતા.તે વખતે ત્યા ઝઘડો થયો.તે સમય તયા મારા પિતાજી મારા ભાઈ નો જઘડો દીનેશ બદ્રી પ્રસાદ ,અર્જુન બદ્રી પ્રસાદ ,ભીમસેન ઉર્ફે જેનુ બદ્રી પ્રસાદ (આરોપી નં –૨) સાથે થયેલો અને ત્યારબાદ હુ મારો ભાઈ રાકેશ ચૌહાણ તથા નાનો ભાઈ મીથુન

ચૌહાણ જયા ઝઘડો થતો હતો જે જુલેલાલ સોસા.કહેવાય છે, ત્યા ગયેલા.મે ત્યા જઈને જોયુ કે દીનેશ બદ્રી પ્રસાદ ના હાથમા તલવાર હતી ભીમસેન ઉર્ફે જેનુ (આરોપી નં –ર) ના હાથમા છરી હતી અને અર્જુન બદ્રી પ્રસાદ ના હાથમા તલવાર હતી.આ તણેય જણા માર ાભાઈ મહેન્દ્ર ચૌહાણ નેતલવાર અને છરી થી મારતા હતા, ત્યારબાદ અમો બચાવ માટે હુ, મારો મોટો ભાઈ રાકેશ, તથા નાનો ભાઈ મીથુન વચ્ચે પડેલા, આરોપી દીનેશ બદ્રી પ્રસાદે તલવાર વડે મારા ભાઈ રાકેશ ચૌહાણ ને માથામા ઘા કરેલો.અને ભીમસેન ઉર્ફે જેનુ (આરોપી નં –ર)એ છરી થી મારાભાઈ રાકેશ ચૌહાણ ને ડાબા હાથે ઘા મારેલો.અને પછી દીનેશ બદ્રી પ્રસાદે તલવારથી અને ભીમસેન ઉર્ફે જેનુ એ (આરોપી નં –ર) છરીથી મારા પેટ અને છાતીમા ઘા મારેલો. જેથી હુ જમીન ઉપર પડી ગયેલો.તેમજ મારા ભાઈ મીથુન ચોહાણને બચાવ કરવા જતા અર્જુનની તલવારથી હાથમા ઘા લાગેલો.ત્યારબાદ, રાડા રાડ થતા આ તણેય ભાઈઓ તયાથી નીકળી ગયેલા ત્યાર બાદ મારા મમ્મી સુસીલાબેન અને નાની બેન કંચન તથા હેમલતા મને તથા મારામોટા ભાઈ રાકેશ,તથા મહેન્દ ચૌહાણને આદીપુર રામ બાગ હોસ્પીટલ મા લઈ ગયેલા.ત્યા અમારી સારવાર થયેલી.ત્યારબાદ મને તથા મોટાભાઈ રાકેશ ચૌહાણ ને વધુ સારવાર અર્થે જી.કે. જનરલ હોસ્પી.મા રીફર કરવામા આવેલ અને મારો મોટો ભાઈ નામે મહેન્દ્ર ચૌહાણ નુ મૃત્યુ બનાવ વાળી જગ્યાએ થયેલુ.ભુજ મા મારુ ઓપરેશન થયેલુ અને ભાનમાં આવતા મારી બેન કચને કહેલુ કે મહેન્દ્ર નુ મૃત્યુ થઈ ગયેલુ છે.મને છાતીતથા પેટ નાભાગે ઈજાઓ થયેલી છે.આ બનાવ નુ કારણ પદર વીસ દીવસ પહેલ મારી બેન કંચનની છેડતી બદ્રી પ્રસાદે કરેલી તેનું મનદુ:ખ રાખી ને આ બનાવ બનેલો. ત્યારબાદ આ સાહેદને નામ. કોર્ટ સમક્ષ મુદામાલ આટી નં.એ–૪ બતાવવામા આવતા,જણાવેલ છેકે તે આજ છે.આ તલવારથી મને મારાભાઈને ઘા કરવામા આવે લો તે આ જ છે. તે હુ ઓળખી બતાવુ છું તેમજ, મુદામાલ આટી નં.એ–૩ વાળી તલવાર બતાવવામા આવતા, જણાવે છેકે, જે તલવારથી મને તથા મારા બન્ને ભાઈઓને ઘા મારવામા આવેલો તે તેજ છે જે હુ ઓળખી બતાવુ છું. તેમજ, મુદામાલ આટી નં.ર૩ વાળી છરી બતાવવામા

આવે છે  જેના પર માર્ક– એચ લખાવામા આવેલ છે.તે છરી વડે મને છાતી ઉપર અને મારામોટાભાઈ રાકેશ ચોહાણ ને ડાબા હાથઉપર અને બીજા મોટાભાઈ મહેન્દ્ર ચૌહાણને છાતી અને પેટના ભાગે ઘા મારેલા હતા તે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ, તેમ જણાવી આ સાહેદ નામ. કોર્ટ સમક્ષ આરોપીઓને ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨) ના વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમાં તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, બદરી પ્રસાદે અમારી વિરુધ્ધ ગાંધીધામ પોલીસ સ્ટેશન ફ. ગુ. રજી. ન. ૩૭/૧૧ નો તા. ૧૭/૨/૧૧ તળે ફરીયાદ નોધાવેલી જેમા હુ આરોપી છુ. તેમજ,ભીમસીગ ઉર્ફે જેનુએ અમારી વિરુધ્ધ ફ. ગુ. રજી. ન. ૬૨/૧૧ વાળો કેસ કરેલો છે અને જેમા હુ આરોપી છુ.  બનાવ વાળી જગ્યાએ આવો બનાવ બન્યો છે તેવી કોને જાણ કરેલી તે બાબતે જણાવુ છુ કે રાડા રાડ થતા હુ ઘટનાવાળી જગ્યાએ હુ દોડી ગયેલો.વધુમાં આ સાહેદ ઉલટતપાસ દરમ્યાન એ હકીકત પણ કબુલ રાખેલ છે કે,બનાવ બન્યો ત્યારે હોળીનો દીવસ હતો અને હોળીદહન બાકી હતુ.હોળીના દીવસે જાહેર રજા હોતી નથી પરતું ધુળેટી ના દીવસે હોય છે.

**(૧૯)** ત્યારબાદ આ કામે અન્ય ઈજા પામનાર સાહેદ : રાકેશ સંતોષને આંક– ૧૯૭થી તપાસેલ છે,જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, તા.૨૦.૩.૧૧ ના રોજ બપોરના લગભગ અઢી વાગયા ના સમયે તે દીવસે મારા પિતાજી સંતોષજી તેમજ મારા ભાઈ મેહન્દ્ર ચૌહાણ હોળીનો તહેવાર હોવાથી મારા સમાજવાળાઓની સાથે હોળી(ઘુડ)ની વીધી મોહન ચંદાજી રેગર ના ઘરે રાખેલી.તે સમયે અચાનક થી ત્યા ઝઘડો થયેલ. આ ઝઘડો દીનેશ બદ્રીપ્રસાદ,જેનુ બદ્રીપ્રસાદ (આરોપી નં –૨),અર્જુન બદ્રીપ્રસાદ રેગર ,આ ત્રણેય ભાઈઓ ત્યા આવેલા હતા ત્યારે ભાગમભાગ અને રાડારાડ થતા મને ખબર પડેલી જેથી હું ,મારો ભાઈ હરદેવ તેમજ મીથુન અમે ત્રણેય ભાઈઓ ત્યા ગયેલા.તે વખતે મે જોયેલું

કે મારા પિતા સંતોષજી ના ડાબા હાથની કલાઈમા ઘા વાગેલો હતો અને તેમાંથી લોહી નીકળતું ત્યાં મારા પિતા ઉભેલા હતા.તે વખતે મારો ભાઈ મહેન્દ્ર ચૌહાણ પણ ત્યા હાજર હતો.મે જોયેલુ કે દીનેશના હાથમાં તલવાર હતી.જેનું બદ્રીપ્રસાદ (આરોપી નં –૨) ના હાથમાં છરી હતી તેમજ અર્જુન બદ્રીપ્રસાદના હાથમા તલવાર હતી.આ ત્રણેયભાઈઓ મારા ભાઈ મહેન્દ્રચોહાણને તલવાર અને છરીથી માર મારી રહેલા હતા જે ઘાવ થતા તેમાથી ખુન નીકળી રહયુ હતુ તે મે જોયેલુ.તે સમયે મારાભાઈ મહેન્દ્ર જમીન ઉપર પડી ગયેલ.મારા ભાઈ મહેન્દ્રને ગળા નાભાગે તેમજ પેટનાભાગે ઈજા, શરીરના અન્ય ભાગે લાગેલુ હતુ. ત્યારબાદ હું તેના બચાવ માટે વચ્ચે પડેલો.ત્યારે દીનેશે મારા માથાના જમણી ભાગે તલવારનો ઘા કરેલો.જેથી મારે લોહી નીકળવા મડેલુ તેમજ જેનું (આરોપી નં –૨) એ મારા ડાબા હાથે છરી મારેલી અને દીનેશ બદ્રીપ્રસાદે મારા ગળાના ભાગે તલવાર થી હુમલો કરેલો પણ મે મારા બચાવમા મારો ડાબો હાથ આગળ કરી દેતા મને હથેળીનાભાગે તલવારનો ઘા વાગેલો અને આરોપી અર્જુને મને તલવારથી ઘા કરેલો પંરતુ હું નીચે જુકી જતા મને વાગેલ નહી.હું નીચે નમી જતા તે તલવારનો ઘા આરોપીના મોટાભાઈ દીનેશ બદ્રીપ્રસાદનામાથાના ભાગે વાગતા તેમજ ડાબી બાજુનો કાન કપાઈ ગયેલો.હું જમીન પર પડી ગયેલો પંરતુ હું હોશમા હતો પછી મારો ભાઈ હરદેવ ચૌહાણ પણ સાથે હતો ત્યારે આરોપી દીનેશ,અર્જુન અને જેનું (આરોપી નં –૨)ત્રણેયભાઈઓ મળી પેટનાભાગે છરી અને તલવારના ઘા કરેલા ત્યારે હરદેવ મારી આંખોની સામે જમીન પર પડી ગયો આ વખતે મારોભાઈ મીથુન અમારા બચાવ માટે વચ્ચે પડેલો ત્યારે અર્જુને તલવારથી ડાબા હાથની પ્રથમ આગળી પર તેને ઘા વાગેલો પછી ત્યા ઘટના સ્થળે મારી મા અને બહેનો કંચન,હેમલતા ત્યા આવી ગયેલા તે લોકોએ પણ આ બનાવ જોયેલો.આ બનાવમાં મારા મોટાભાઈ મહેન્દ્ર ચૌહાણ નું મરણ ઘટના સ્થળે થઈ ગયેલું અને આરોપીઓએ મારા ઉપર તેમજ મારા ભાઈ હરદેવ ઉપર જાન થી મારી નાખવાની પુરેપુરી કોશીશ કરેલી અને મારા પિતા સંતોષભાઈ તથા મારા ભાઈ મીથુન ઉપર પણ જાન લેવા હુમલો કરેલો ત્યારે આ બનાવ મે ભાનમાં હોવાથી મારી આંખો થી જોયેલો. અમને હુમલામાં ઈજાઓ થતા મારી મા તથા બહેનો તેમજ મારા

પિતાજી પ્રથમ રામબાગ હોસ્પીટલે લઈ ગયેલ ત્યા જે ઓટો રીક્ષા મળેલી તેમા લઈ ગયેલ ત્યા રામબાગ હોસ્પીટલમાં મારી અને મારા ભાઈ હરદેવની સારવાર કરેલી અને અમોને ગંભીર ઈજાઓ થયેલી હોવાથી ભુજની જે.કે. જનરલ હોસ્પીટલમા મોકલેલા.ભુજ હોસ્પીટલમા મારા હાથનું ઓપરેશન થયેલુ તથા સીટી સ્કેન કરવામાં આવેલો. તેમજ, મારાભાઈ હરદેવ ચૌહાણ ના પેટ અને છાતીનું ઓપરેશન કરવામાં આવેલુ ત્યા અમને એકવીસ દીવસ સુધી ત્યા સારવાર હેઠળ રાખેલા તે દીવસે સાંજે પોલીસ આવેલી અને માંરુ નીવેદન લીધેલુ અને બીજા દીવસે પોલીસ આવેલી હતી. બીજા દીવસે પોલીસે ઘટના વખતે પેહરેલા કપડા કબજે લીધેલા અને નીવેદન લીધેલુ.મને બનાવમાં વપરાયેલ તલવાર,ચપ્પુ વિગેરે બતાવવામાં આવે તો ઓળખી શકુ તેમ જણાવી ના. કોર્ટ માં મુદામાલ આટીકલ નં. ૦૪ વાળી તલવાર બતાવવામાં આવતા, જે જોઈને કહુ છું કે તે હુમલા વખેતે વપરાયેલ હતી તે તે જ છે,તેમજ મુદામાલ આટી નં. ૦૫ તલવાર બતાવવામાં આવતા તેમજ,મુદામાલ આર્ટીકલ નં.ર૩ વાળી છરી બતાવવામાં આવતા, તે હુમલા વખતે વપરાયેલ હતી તે તેજ છે.તેમજ, તપાસના કામે પહેરેલ કપડા ઘટના સ્થળે તપાસ કામે મારી પાસે રીકવર કરેલા હતા તે બતાવવામા આવતા, આ કામે આર્ટીકલ નં.ર૧ વાળા કપડા માર્ક–એફ વાળા કપડા જે શીલબધ પેક લાખથી સીલ કરેલા છે તે ખોલીને મને બતાવવામાં આવે છે જે કાળા કલરનો અડધી બાય નો આડી સફેદ લીટી વાળુ ટીશર્ટ તથા સલેટીયા કલરની પેન્ટ ,અને જે ટીશર્ટ લોહીથી ખરડાયેલો છે તે જોઈને કહુ છુ તે તેજ છે.આજરોજ કોર્ટમા આરોપી જેનુ બદ્રીપ્રસાદ હાજર છે જેને હું ઓળખી બતાવુ છું.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં –ર નાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમાં તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, રામબાગે પોલીસે કે ડોકટર મેને પુછેલુ કે મે કાંઈ લખાવેલ હોઈ તેવુ બનેલ નથી.બનાવ ના સ્થળે હું અને કંચન બેન લગભગ સાથે જ પહોચેલા.હુ મારા ઘરથી બનાવ વાળા સ્થળે પગ થી ચાલી નીકળેલો અને કંચન બેન પણ મારી સાથે પગેથી ચાલી આવેલી અને મારી સાથે મારા માતૃશ્રી તથા મારી નાનીબેન હેમલતાબેન મારી પાછળ આવતા

હતા.વધુમાં આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આરોપીઓના પીતાજી બદ્રીપ્રસાદ બાલોટીયાએ ગાધીધામ એ ડીવી. પો.ટે. ફ્સ્ટ.ગુ.ર.નં. ૩૭/૧૧ ની ફરીયાદ દાખલ કરેલ છે જે ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૬(૨),૫૦૪ની ફરીયાદ મારા વીરુધ્ધ લખાવેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ ફરીયાદ ખોટી લખાવેલી છે.તેમજ, આ કેસમાં પોલીસે અમને પકડેલ અને મને કોર્ટે જામીન આપેલ, આ કેસ હજુ પેન્ડીગ છે.એ ફરીયાદમા મને તથા મારા પિતાજી તથા માર બે ભાઈઓને આરોપી તરીકે દર્શાવેલ છે.આ બનાવ ના ક્રોસ કેસ નં. ૬૨/૧૧ ની ક્રોસ કેસ ચાલે છે જેમાં હું આરોપી છુ.

(૨૦) તદઉપરાંત ઈજા પામનાર સાહેદ: મીથુન સંતોષને આંક-૨૧૦ થી તપાસેલ છે, તેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, મારા પરીવારમા મારા પિતા સંતોષ ,મારી માતા સુશીલા,ત્રણ મોટાભાઈ જેનું નામ રાકેશ,મહેન્દ્ર,હરદેવ અને હું છીએ. મહેન્દ્ર ની આ ઘટનામા મોત થઈ ગયેલ છે અને મારે ત્રણ બહેનો વીમલા,કચન,હેમલતા છે.આ ઘટના તા.૨૦.૩.૧૧ ના રોજ બનેલી તે દીવસે ધુળેટી નો તહેવાર હતો તે દીવસે અમો અમારા ઘરે હતા તે દીવસે મારા પિતાજી સંતોષ તેમજ મારોભાઈ મહેન્દ્ર જેઓ મોહન ચંદાજી રેગરના ઘરે તેમના દીકરા નો દીકરાનો ઢુંઢનો ઉત્સવ હતો તે મનાવવા ત્યા ગયેલા હતા.હું મારા ઘરની લાઈનમા હતો અને મે જોયું કે બહાર દેકારો થાય છે આ બનાવ બે થી અઢી વાગ્યાની વચ્ચે બપોરે બનેલો .હું જયા શોરશરાબો થતો હતો ત્યા મોહન ચંદાજીના ઘરે પાસ ે ગયેલો મે જઈને જોયુ તો દીનેશ બદ્રીપ્રસાદ,અર્જુન બદ્રીપ્રસાદ,જેનું બદ્રીપ્રસાદ (આરોપી નં -૨) જેઓ મારા પિતા તેમજ મારાભાઈ મહેન્દ્ર ને તલવાર અને ચાકુ થી હુમલો કરી રહયા હતા મે તે દુરથી જોયુલ. જોઈને તરત મારા ઘરે ગયેલો.મે મારા ઘર જઈને અને મારા પરીવાર ને જણાવેલ દીનેશ,અર્જુન અને જે ત્રણેયે મળીને બાપુજી અને ભાઈ પર હુમલો કરી રહયા છે તે સમયે મારા ભાઈ રાકેશ ,હરદેવ,હું તેમજ મારી મમ્મી સુશીલા,બહેનોકચન,હેમલતાપાછળ આવેલા અને આરાપીઓએ જોયુ કે અમો આવીએ છીએ તેથી તેઓએ અમારા ઉપર પણ હુમલો કરેલો.આ હુમલામાં જેનુ

(આરોપી નં –૨) એ મારા ભાઈ ઉપર તલવાર અને છરી વડે હુમલો કરેલો અને મારો ભાઈ રાકેશ વચ્ચે પડતા તેના ઉપર પણ જેનુ (આરોપી નં –૨) અને દીનેશે હુમલો કરેલો અને આ બનાવ મા હું વચ્ચે પડતા અર્જુન પ્રસાદે મારા ઉપર પણ તલવારથી હુમલો કરેલો અને મને જમણા હાથની પહેલીઆગળી પર વાગેલુ અને ત્યા દેકારો થતા માણસો ભેગા થઈ ગયેલા અને મારી બહેન કચન હેમલતા અને મારી મમ્મી સુશીલા ત્યા હાજર હતા તે વખતે આરોપી દીનેશ,જેનું,અર્જુન ત્રણેય ત્યાંથી ભાગી ગયેલા અને બનાવવાળી જગ્યાએ મારોભાઈ મહેન્દ્ર લોહી–લુહાણ હાલતમાં પડેલો હતો અને મારી બહેન કચન રોડ પરથી ઉપર થી એક રીક્ષા જાતી હતી અને મને તથા મારા ભાઈઓને તે રીક્ષામાં નાખીને રામબાગ હોસ્પીટલ લઈ ગયેલ અને અમે હોસ્પીટલ પહોચ્યા પછી ડોકટરે કહેલ કે મહેન્દ્રનું મૃત્યુ થયેલછે અને મારા ભાઈ રાકેશ,હરદેવ,ગંભીર રીતે ઘવાયેલા હતા જેથી તેને ભુજ હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલા.આ બનાવ નું કારણ આ બનાવથી એક દોઢ મહીના પહેલા અમારી બહેનની છેડતી બદ્રી પ્રસાદે કરેલી અને તેના મનદુઃખ નાકારણે આબનાવ બનેલો.વધુમા આ સાહેદને ના. કોર્ટ રેકર્ડમાંથી મુદામાલ આર્ટીકલ નં ૪ અને ૫ તલવાર બતાવવામાં આવતા જણાવે છે કે,` આરોપીઓએ જેનાથી હુમલો કરેલો તે જ છે. તેમજ, મુદામાલ આર્ટીકલ નં ૧ છરી બતાવવામા આવતા તે પણ ઓળખી બતાવી જણાવેલ છે આનાથી આરોપીઓએ અમારા ઉપર હુમલો કરેલ હતો. વધુમાં આ ઘટના વખતે મે જે કપડા પેહરેલા હતા તે પેન્ટ સ્કાય બ્લુ કલરનું તેમજ ઉપરનું ટી–શર્ટ લાંબી બાય વાળો મેદી કલરનો હતો.તે મુદામાલ આટી કલ નં. ૨ વાળો મુદામાલ જે સીલપેક હાલતમા છે જે આજરોજ કોર્ટની પરવાનગી થી સીલ ખોલીને બતાવવામાં આવતા તે કપડા મે પેહરેલા જે લોહીથી ખરડાયેલા છે જે` ટીશર્ટ ઉપર ગુલાલના નીશાન છે.તેમ જણાવી આ સાહેદ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨)નાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ હકીકત કબુલ રાખેલ છે કે, આ બનાવ બન્યો ત્યારે હું અભ્યાસ કરતો હતો.આ બનાવ ના દીવસે હું મારા ઘરની લાઈનમા હતો.હું

મારા ઘરથી આઠ–દસ ઘર દુર હતો. મારુ ઘર ગંગા–રાજસ્થાન સોસાયટી આવેલ છે.જેના નં.૧૨૯ છે.આ શોર શરાબો મોહન ચંદાજી ના ઘરે પાસે થતો હતો.મોહન ચંદાજીના ઘરનો નંબર–૧૪ છે.અમારા ઘરે થી મોહન ચંદાજીના ઘરે જવુ હોય તો રસ્તામાં એક લાઈન અનેએક ટર્ન આવે છે. તેમજ,હું મારા ઘર પાસે ઉભો રહુ તો ત્યાથી સીધુ મોહનચદાજીનું ઘર દેખાય નહી.આશરે ૧૫થી ૨૦ મકાન હું જે લાઈન કહુ છુ તેમાઆવેલા છે અને તે મકાનો પુરા થયા પછી વળાક આવે.મારા ઘર અને ગગા મચા નું મંદીર વચ્ચે આઠ થી દસ ઘર આવેલ છે.વધુમા આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આ ઢુંઢ વીધી ને કારણે મારા ઘરમા પણ ઉત્સવ હતો.તેમજ, મહેન્દ્ર અમારા ઘરે રાકેશની દીકરીની ઢુંઢ ની વીધી અમારા ઘરે મનાવતો હતો.હવે હુ કહુ છુ કે તે મોહન ચંદાજીના ઘરે ઢુંઢની વીધી મનાવતો હતો.તે રાકેશની દીકરી સાથે લઈ ગયેલ ન હતો. તેમજ, એટલા વીસ્તારમાં ગંગા માતાનુ મંદીર,જુલેલાલ સોસાયટી અને ગંગારાજસ્થાન સોસાયટી નજીક આવેલ છે.વધુમા આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મને અંદર ના દર્દી તરીકે રાખેલનહી પંરતુ તે સમયે ટાંકા લઈ મને હોસ્પીટલમાંથી રજા આપેલી.હું મારા ભાઈઓની સારવાર માટે તે દીવસે ન હતો ગયેલો પંરતુ પાછળથી ગયેલ.પોલીસ ભુજ ખાતે હોસ્પીટલમાં પણ આવેલી.ભુજ ખાતે હોસ્પીટલમા પોલીસે મારો જવાબ લીધેલો નહી.મે પોલીસ ને મારુ નીવેદન નોધવા માટે સામેથી કયારેય બતાવેલ નહી.એ વાતની મન`ખબર નથીકે આ બનાવ પહેલા બદ્રીપ્રસાદે તેમના બન્ને પગ ભાગી નાખ્યા તે બાબતની ફરીયાદ અમારા તથા મારાભાઈઓ વીરુઘ્ધ નોધાવેલી.વધુમા આ સાહેદ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, મે મારા પોલીસ જવાબમાં એવુ લખાવલે નથીકે આ બનાવ નું કારણ આ બનાવ થી એક દોઢ મહીના પહેલા અમારીબહેન ની છેડતી બદ્રીપ્રસાદે કરેલી અને તેના મનદુ:ખ ના કારણે આ બનાવ બનેલો.''

**(૨૧)** ત્યારબાદ આ કામે આંક–૨૦૬ થી સાહેદ એવા બનાવ સમયે હાજર એવા હેમલતાબેન નરેન્દ્રને તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ

ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, તા.૨૦.૩.૧૧ ના રોજ ધુળેટી નો તહેવાર હતો.તે દીવસે મારા પીતાજી સંતોષ તેમજ મારો મહેન્દ્ર મોહન ચંદાજીના રેગરના ઘરે ઢુંઢ નો ઉત્સવ મનાવી રહયા હતા.તે સમયે મોહન ચંદાજીના ઘરે બાળક નો જન્મ થયેલ હોય તેના અનુંસધાને આ ઉત્સવ મનાવવામા આવેલ હતો અને ત્યા અચાનક રાડારાડ અને ચીલાવવાનુ અવાજ આવ્યો અને આ આશરે બે અઢી વાગ્યા ના સમય દરમીયાન અવાજ આવેલો. તે સમયે રાડારાડીનો અવાજ થતા હું,મારી માતા ,મારોભાઈ રાકેશ,હરદેવ અને મીથુન ,તેમજ મારી બહેન કચનઅમે લોકો દોડી બધા મોહન ચંદાજીના ઘરે ગયેલા.ત્યારે મે ત્યા જઈને જોયુ તો ત્રણેય ભાઈ દીનેશ,જેનુ (આરોપી નં -૨) અને અર્જુન અને આ ત્રણેય મારા ભાઈ મહેન્દ્ર ને મારતા હતા.દીનેશ ના હાથ મા તલવાર હતી. જેનું (આરોપી નં -૨) ના હાથમા ચાકુ હતુ. અને અર્જુન હાથમા તલવાર હતી.આ ત્રણેય ભાઈઓ મારા ભાઈ મહેન્દ્ર ને મારતા હતા તે મે મારા નજરે થી જોયેલુ અને મહેન્દ્ર જમીન ઉપર પડી ગયેલો અને તેના શરીરમાથી બધી જગ્યાએથી લોહી નીકળતુ હતુ અને તેને બચાવવા માટે મારો ભાઈ હરદેવ,રાકેશ અને મીથુન ગયેલા અને તે ત્રણેયભાઈઓએ રાકેશ, અને હરદેવ ,મીથુન ઉપર પણ હમલો તલવાર,ચાકુ ,છરી થી હુમલો કર્યો. દીનેશે , રાકેશ ને તલવારથી માથામા મારેલુ અને હાથ ઉપર પણ ચાકુ મારેલુ અને તે જમીન ઉપર પડી ગયો. તે સમયે તે હોશમા હતો અને ત્રણેય ભાઈઓ હરદેવ ઉપર હુમલો કરેલો, તેમાં છાતી અને પેટના ભાગે મારેલ અને ત્યાથી લોહી નીકળ ેલુ અને પછી એક જતી રીક્ષામા આ ત્રણેય મારાભાઈઓને બેસાડી હુ અને મારી બહેન કચન તે ત્રણેય ને રામબાગ હોસ્પીટલે લઈ ગયેલા અને હોસ્પીટલે મહેન્દ્રને ડોકટરે મરણ જાહેર કરેલો અને રાકેશ અને હરદેવ ની ગંભીર ઈજાઓ જોતા તેની પ્રાથમીક સારવાર આપી અને તેને ભુજ જી.કે. જનરલ હોસ્પીટલમાં રીફર કરવામા આવેલ.મને હુમલામા વપરાયેલ હથીયાર આજે બતાવવામા આવે તો હુ એને ઓળખવાની કોશીશ કરી શકુ ત્યારબાદ આ સાહેદને કોર્ટ રેકર્ડમાંથી તલવાર બતાવવામાં આવતા ઓળખી શકેલ નહી પણ તેઓના હાથમા તલવાર હતી મને મુદામાલ છરી બતાવવામા આવે તોતે કદાચ એ જ હશે.વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ બનાવ નુ કારણ મારી બહેન કચનની

છેડતી દોઢેક મહીના પહેલા છેડતી કરતા બનેલો, તેમ જણાવી આ સાહેદને નામ. કોર્ટ સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨)નાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, આ બનાવ ના દીવસ ે હુ મારા ઘરની બહાર બેઠીહતી.આ વખતે મારો ભાઈ રાકેશ,હરદેવ,અનેમીથુનઅને મારી માતા અને કચન મારી બહેન મારી સાથે હતા.અમે અમારી ગલીમા ઘરની સામે રોડની આજુબાજુ મા બેઠા હતા.આ બનાવ ધુડ નો ઉત્સવ હોવાથી સમાજના ઘણા માણસો ભેગા થયેલા અને જગડવાનો અવાજ આવતામારા ભાઈ મીથુને જોતા તેણે બનાવ અગે કહેલુ .મીથુને થોડા આગળ જઈને જોયુ તો માણસો ભાગભભાગ કરતાહતા તેથી તે પાછો ફરીને ઘરે આવયો અને અમને બતાવયુ ત્યા કાઈક માથાકુટ થાય છે તેમજ, મે મારા પોલીસ જવાબમાં અંકોના હાથમાં શું હથીયાર હતું તેવુ લખાવેલ નથી.વધુમા આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મે મારા પોલીસ જવાબમા એવુ લખાવેલ નથીકે આ ત્રણેયભાઈઓ મારા ભાઈ મહેન્દ્ર ને મારતા હતા તે મે મારી નજરે થી જોયેલુ અને મહેન્દ્ર જમીન પર પડી ગયેલો અને તેના શરીરમાથી બધી જગયાએથી લોહી નીકળતુ હતુ અને તેને બચાવવા માટે મારો ભાઈ હરદેવ ,રાકેશ,અને મીથુન ગયેલા.તેમજ, મે મારા પોલીસ જવાબમા એવુ લખાવેલ નથીકે હુ મારી માતા,મારોભાઈ રાકેશ,હરદેવ,મીથુન તેમજ મારી બેન કચન અમે લોકો દોડી બધા મોહન ચંદાજીનાઘરે ગયેલા.મે ચાલતી રીક્ષા પકડેલી,મે અને કંચને ચાલતી રીક્ષા પકડેલી. રાકેશ ,હરદેવ અને મહેન્દ્ર ને રીક્ષામા નાંખીને લઈ ગયેલા.

**(૨૨)** ત્યારબાદ આ કામે બનાવ સમયે હાજર એવા ફરીયાદીના પુત્રી: કંચનબેન રાજેશભાઈને આંકઅ ૨૦૮ થી તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે,મારા પરીવારમા મારા મમ્મી, પપ્પા સંતોષભાઈ અને સુશીલા તેમજ મારા ચાર ભાઈઓ રાકેશ,હરદેવ,મહેન્દ્ર અને મીથુન છીએ જેમાંથી મારો મહેન્દ્ર મરણ ગયેલ છે.તેમજ, અમે ત્રણ બહેનો હું તેમજ વીમલા અને હેમલતા

છીએ.હોળીનો તહેવાર હોવાથી તા.૨૦.૩.૧૧ ના રોજ મારા માતાપીતા ના ઘરે હું ગઈ હતી.આ બનાવ મોહન ચંદાજીના ઘર પાસે તેમનો પોતાના ઢુંઢ નો પ્રસંગ હતો જેમા મારા પીતાજી સંતોષ ચૌહાણ,મારા ભાઈ મહેન્દ્ર ચૌહાણ ગયેલા ત્યારે પબ્લીકનો ખુબજ અવાજ આવેલો ત્યારે મારો ભાઈ મીથુન થોડોક દુર હતો તેણે આવીને બતાવ્યુ કે ત્યા ઝઘડો મોહન ચંદાજી રહે છે ત્યા થયેલ છે અને મીથુને આવીને બતાવેલ ત્યારે મારો ભાઈ રાકેશ,હરદેવ અને મીથુન ત્રણેય જણા દોડીને ગેયેલા અને હું,મારી માતા અને મારી બેન હેમલતા ત્રણેય જણા પણ દોડીને ગયેલા અને ત્યા પહોચેલ ત્યારે મે જોયુ તો મારો ભાઈ મહેન્દ્ર જમીન ઉપર પડેલો હતો દીનેશના હાથમાં તલવાર હતી જેનુ ઉર્ફે ભીમસેન (આરોપી નં -૨) ના હાથમા છરી અને અર્જુનના હાથમાં તલવાર હતી.તેઓ મારા બધા મારા ભાઈ મહેન્દ્રને મારતા હતા અને મહેન્દ્રના શરીરમાંથી લોહી નીકળતું હતુ અને ત્યારે મારોભાઈ રાકેશ મહેન્દ્રને બચાવવા ગયેલો ત્યારે દીનેશે મારાભાઈ રાકેશ ઉપર માથામાં તથા અર્જુને હાથ પર તલવાર મારેલી. દીનેશ અર્જુન અને જેનુ એ હરદેવ ના પેટ પર છાતી પર તલવાર અને છરીથી મારેલા.મારા પિતાજી સંતોષ ઉપર પણ હુમલો કરેલો પણ તેના હાથમાં પ્લાસ્ટર હતુ જેથી તે બચી ગયેલા અને મારા ભાઈ મીથુન ઉપર પણ હુમલો કરેલો.અને પછી ઘણી બધી પબ્લીક ભેગી થઈ ગયેલી ત્યારે આ ત્રણેય ભાઈઓ ત્યાંથી ભાગી ગયેલા પછી એક જતી રીક્ષાને મે રોકેલી અને મારા પીતાજી તથા મારા બહેનો પણ મારા ભાઈઓ ને રામબાગ હોસ્પીટલે રીક્ષામાં લઈ ગયેલા અને ત્યા મારા મહેન્દ્રને મરી ગયેલ જાહેર કરેલ.રાકેશ અને હરદવે ને બહુજ ગંભીર હાલતમાં ભુજ હોસ્પીટલે એબ્યલન્સમાં લઈ ગયેલા.ત્યા અમેનુ ઓપરેશન ચાર-પાચ કલાક ચાલેલુ અને વીસેક દીવસ તેમને હોસ્પીટલમાં રાખેલા.આ બનાવનું કારણ બદ્રી પ્રસાદે મારી છેડતી એક દોઢ માસ પહેલા કરેલી અને મારી મમ્મી અને બદ્રીપ્રસાદ વચ્ચે જગડો થયેલો તેને કારણે આ બનાવ બનેલો, તેમ જણાવી આ સાહેદને મુદામાલ આર્ટીકલ નં ૪ અને ૫ તલવાર બતાવવામા આવતા તે તલવાર આરોપીઓએ હુમલા વખતે વાપરેલ છે,તેવુ જણાવેલ છે તેમજ, મુદામાલ આર્ટીકલ નં -૧ છરી બતાવવામા આવતા,તેમા પણ આ સાહેદ જણાવે છે કે, આ છરી આરોપીએ હુમલા વખતે વાપરેલ છે. આ

કામે મારાભાઈ મહેન્દ્ર જે મરણ ગયેલ જે વખતે આઘટના બનેલી તે સમયે જે કપડા પહેરેલ હતા, તે બતાવવામા આવતા તે સફેદ કલરનો શર્ટ તેમજ, સફેદ કલરનુ ગજી અને બ્લુ કલરની જીન્સકે જે લોહીથી ખરડાયેલ છે,તે ઓળખી બતાવે છે. વધુમા આ સાહેદ નામ. કોર્ટ સમક્ષ આરોપી નં (૨) તે જેનુ ઉર્ફે ભીમસેનને પણ કોર્ટમાં ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપીનં –૨ નાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, અમે તથા આકામના આરોપીઓ એક જ્ઞાતીના છીએ અને અમારા બન્નેનું મુળ વતન રાજસ્થાન છે, તેમજ, આ બનાવ બન્યો તે પહેલા મારા લગ્ન થઈ ગયેલા અને બનાવના દિવસે હુ મારા માતા–પિતાના ઘરે આવેલ હતી.તેમજ, મારા પીતાજીના ઘરેથી મોહન ચંદાજીનું ઘર સીધુ જોઈ શકાય નહી. વધુમા આ સાહેદ એ હકીકતને પણ સ્વીકારેલ છે કે, હું ઘટના સ્થળે પહોચી ત્યારે અમને ખબરપડી ગયેલી કે મહેન્દ્ર જીવીત નથી તેમજ, બનાવવાળી જગ્યાએ ઘણા માણસો આવી ગયેલા હોવાનું જણાવુ છું પંરતુ તેમાથી હું કોઈને ઓળખતી નથી. તેમજ,પોલીસે મારો જવાબ આઠ દીવસ પછી લીધેલો.હું બે દીવસ મહેન્દ્ર ની અતીમ વીધી માટે મારા ઘરે આવેલી તે સીવાય ભુજ ખાતે મારા ભાઈઓની સારવારમાં હતી.મે મારા પોલીસ જવાબમાં આરોપીઓ બનાવવાળી જગ્યાએ હથીયારો ફેકતા ગયેલા તેવુ લખાવેલુ હતુ.વધુમા આ સાહેદ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૨૩)** ત્યારબાદ મુદા નં (૧)માં ચર્ચા કરેલ તે મુજબ મરણજનાર મહેન્દ્ર સંતોષનુ મરણ અકુદરતી થયેલાનુ ડોકરટરશ્રી દવારા તેઓનો અભિપ્રાય આપેલ છે અને આ કામે અન્ય ઈજા પામનાર સાહેદો જેવા કે ફરીયાદી: સંતોષ રામાજી ચૌહાણ, સાહેદ: હરદેવ સંતોષ,સાહેદ: રાકેશ સંતોષ તથા સાહેદ: મીથુન સંતોષને ડો. સાહેબ શ્રી નિલેશ સામંતભાઈએ તેઓની મેડીકલ તપાસણી કરેલ હોઈ, આ સાહેદ પોતાની આંક– ૮૪ ની જુબાનીમાં જણાવેલ છે કે, તે સિવાય પી.એસ.આઈ.

શ્રી બી.પી.વાઘેલા એ ડીવીઝન પો.સ્ટેશનનાઓએ અન્ય ઈજાપામના સારવાર સર્ટી આપવા અંગે યાદી કરેલ જે યાદી આંક– ૮૮ થી રજુ છે તેમજ, ઈજા પામનાર સંતોષ રામજી ચૌહાણ નાઓને સારવારનુ પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ હતુ અને તેને ડાબા હાથમાં કાડા પાસે ૧ ૧/૨ × ૧ સેમી કપાયેલ છુદાયેલ ઘા હતો, જે લાલ કલરનો હતો, તેની આજુબાજુ ૪ સે.મી. એરીયા સુઝેલો હતો, આ ઈજા બોથડ પદાર્થથી થઈ શકે તેવી છે, તે ઈજા અંગેનુ સર્ટીફીકેટ આંક–૮૯ થી રજુ રાખેલ છે તેમજ, ઈજા પામનાર મીથુન સંતોષને જમણા હાથની પહેલી આંગળીમા એકસ સ્ટેશર બાજુ એ લાલ કલરની આડી દિશામાં ચાડી સુધી ઉડી લોહી જામેલી એક કપાયેલી ઈજા હતી, જે ધારદાર હથીયાર થી થાય તેવી ઈજા હતી, જે સર્ટી આંક– ૮૭ થી રજુ રાખી, વધુમા જણાવે છે કે, ઉપરોકત બંને ઈજા પામનારઓની ઓથોપેડીક સર્જન પાસે સારવાર લેવા રેફરન્સ કરવામાં આવેલ આ સિવાય અન્ય બે ઈજા પામનાર જેવા કે, હરદેવ સંતોષ તથા રાકેશ સંતોષ વાળાઓને વધુ પડતી ઈજા થવાથી ભુજ જી.કે.જનરલ હોસ્પીટલમાં સારવાર કરવામા આવેલી હતી તેમ જણાવેલ હોઈ, આ કામે અન્ય સાહેદ: ડો. કિશોરગીરી લાલગીરી ગોસ્વામીને આંક–૧૦૬ થી તપાસેલ છે, જેઓની નામ. કોર્ટ સમક્ષ આપેલ જુબાની વંચાણે લઈતો....

**(૨૪)** તારીખ ૨૦–૦૩–૨૦૧૧ ના રોજ જી.કે. જનરલ હોસ્પીટલ ભુજ ખાતે જયારે અમો અમારી ફરજ પર હતા, ત્યારે સાંજના ૫–૪૦ કલાકે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બે દર્દી આવેલ જેના નામ હરદેવ સંતોષ ચૌહાણ તથા રાકેશ સંતોષ ચૌહાણ હતા, આ બંનેને મેડીકલ ઓફીસર રામબાગ હોસ્પીટલ રીફર કરેલ, વધુમા હીસ્ટી પુછતા, તેવુ જાણવા મળેલ કે, તેમના ઉપર તલવાર વડે હુમલો થયેલ હતો, હુમલો કરનાર નુ નામ તેમના બતાવ્યા પ્રમાણે ત્રણ વ્યકિત હતા, જેનુ નામ એક દિનેશ બીજો જેનુ (આરોપી નં –૨) અને ત્રીજો અર્જુન હતો,આ બંને દર્દી પૈકી હરદેવ સંતોષને તપાસતા, કપાયેલા ઘા ૨ સેમી છાતીની જમણી બાજુએ, સ્ટેપ વુન્ડ લીવર ડાબી બાજુ લોબમાં ૬ સેમી, સ્ટેપ વુન્ડ પેટના ડાબી બાજુએ ઉપલા ભાગે, નીચેના ભાગે, પેટના ગ્રેટર કવચરની અંદર બે કાણા હતા, ઈજા નં ૧ બ્રહય અને ઈજા

નં ૨ આંતરિક ઈજા હતી, તેમ જ ૩ અને ૪ બ્રાહ્ય ઈજા હતી, ઈજા ૫ આંતરીક હતી, આ ઈજાઓ બે થી ૩ કલાકમાં થયેલી અને તીક્ષણ હથીયાર વડે થયેલ હતી અને ગંભીર પ્રકારની હતી. તે સિવાય આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબા આ દર્દીને અંદરના દર્દી તરીકે હોસ્પીટલમાં દાખલ કરેલ, જયા તેમને અમારા સર્જન સાહેદ દવારા ઓપરેશન કરવામા આવેલ અને જરૂરી શસ્ત્રક્રિયા કરેલ ત્યારબાદ આ દર્દીને તારીખ ૩૦–૦૩–૨૦૧૧ ન રોજ રજા આપવામા આવેલ હતી. બીજા દર્દી રાકેશ સંતોષ ચૌહાણને તપાસતા ટાંકા લીધેલા ઘા જમણા કાનની પાછળના ભાગે માથામાં, ટાકા લીધેલ ઘા ડાબો હાથ કોણીથી ઉપર તથા ટાંકા લીધેલા ઘા ડાબા હાથની હથેળીમાં હતુ, આ દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરવામા આવેલ અને ત્યારબાદ તારીખ ૦૪–૦૪–૧૧ ના રોજ રજા આપવામા આવેલી હતી. તેમ જણાવી આ સાહેદ દવારા હરદેવ સંતોષ ચૌહાણનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ આંક–૧૦૭ થી તેમજ રાજેશ સંતોષ ચૌહાણન એમ.એલ.સી. સર્ટી ૧૦૮ થી રજુ રાખી, તેમા પોતાની સહી ઓળખી બતાવેલ છે, તેમજ વધુમા જણાવે છે કે, બંને ઈજા પામનાર હરદેવ સંતોષ તથા રાકેશ સંતોષ ને જે ઈજાઓ થયેલી હતી, તે ઈજાઓ તલવારથી થઈ શકે તેવી ઈજાઓ હતી.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨)ના વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, આ બંને ઈજા પામનારાઓ રામબાગ હોસ્પીટલ ગાંધીધામ ખાતે પ્રાથમીક સારવાર લઈ મારી પાસ ે આવેલ હતા. તેમજ, રાકેશને ટાંકા અગાઉ લીધેલ હતા. ટાંકા લીધેલ હોઈ તે ઈજા અંગે સાચો અભિપ્રાય હુ આપી શકુ નહી. તેમજ મેડીકલ સર્ટીફીકેટમાં આ બંને ઈજા પામનારના ઓળખ અંગેના ચિન્હો જણાવેલ નથી.

**(૨૫)** ત્યારબાદ આ કામે બનાવ સમયે હાજર એવા અન્ય સાહેદોનો પુરાવો ક્રમાનુંસાર વંચાણે લઈ તો, આંક–૬૪ થી સાહેદ પ્રકાશ મોહનલાલ ચંદાજીને તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવે છેકે, બનાવ આજથી બે વર્ષ પહેલા બનેલ, તે ીદવસે મારા દીકરાની ઢુંઢ એટલેકે રિવાજી મુજબનો

પ્રસગ હતો અને સમાજના માણસોને બોલાવેલ, તેમા બદરી પ્રસાદ નહતો આવેલ પરંતુ, તેના કુટુબના સભ્યો દિનેશ, જેનુ આવેલ હતા અને ધુનનો પ્રસગ પુરો થયેથી આ લોકો ચાલ્યા ગયેલ હતા. વધુમા એવુ જણાવેલ છેકે, દિનેશ અને જેનુ પર સામાવાળા એટલ ેકે મહેન્દ્ર અને બીજા બે ત્રણજણાએ વાર કરેલ હતો અને ત્યારબાદ આ ઝઘડો થતા હુ ચાલ્યો ગયેલ હતો. ત્યારબાદ પોલીસવાળા આવેલ અને મારી પુછપરછ કરેલી હતી આ સિવાય બીજુ હુ કાઈ જાણતો નથી. આમ આ સાહેદ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી જુબાની આપતા ન હોઈ, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે અને ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામા આવતા તેમા પણ આસાહેદ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી જુબાની આપેલ નથી.તેવી જ રીતે સાહેદ: મંજુબેન પ્રકાશ મોહનલાલ તેમની આંક-૬૫ ની જુબાનીમાં બનાવના દિવસે ઢુંઢનો પ્રસગ હોવાનો સ્વીકાર કરેલ છે, તે સિવાય ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી જુબાની આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ત્યારબાદ આંક- ૬૬ થી સાહેદ: વિધાબેન મોહનલાલ રેગર તેમજ આંક- ૬૮ થી સાહેદ: જેઠવા નિતીન પણ ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી જુબાની આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે વધુમા આ સાહેદોની ઉલટતપાસ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામા આવેલ છે તેમા પણ આ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.

**(૨૬) પંચ સાહેદો:** આ કામે તપાસેલ તમામ પંચ સાહેદોની જુબાની ક્ર માનુંસાર વંચાણે લઈ તો, આંક- ૩૭ વાળા પંચનામાનાં પંચ સાહેદ: નવીન નરોતમદાસને આંક- ૩૬ થી તપાસેલ છે, જેઓ ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છેકે, પોલીસે મારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કે કપડા કબજે કરેલ નથી કે કોઈ હથીયાર પણ કબજે કરેલ નથી. પરંતુ તૈયાર પંચનામામા મારી સહી લીધેલ છે. તેવી જ રીતે આ પંચનામાના અન્ય પંચ સાહેદ: રમજાનભાઈ મુસાભાઈ પોતાની આંક-૩૮ની જુબાનીમાં તૈયાર પંચનામામા સહી લીધેલાનુ સ્વીકાર કરેલ છે. આમ આ બંને પંચસાહેદો

આંક–૩૭ વાળા પંચનામાની હકીકતનો લેશમાત્ર સમર્થનકારી જુબાની આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે. વધુમા આ સાહેદોની વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામા આવેલ ઉલટતપાસમાં પણ આ સાહેદ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

**(૨૬.૧)** ત્યારબાદ આંક– ૪૦ વાળા મરણજનારનુ મરણોતર અંગે કરવામા આવેલ પંચનામાના પંચ સાહેદ:પ્રેમકુમાર રતનલાલ પોતાની આંક– ૩૯ વાળી જુબાનીમાં એવુ જણાવે છે કે, તારીખ: ૨૦–૦૩–૧૧ ના રોજ પોલીસે રામબાગ હોસ્પીટલે ઈકવેસ્ટ પંચનામામા બોલાવેલ ત્યા મહેન્દ્ર સંતોષ ચૌહાણ નામની વ્યકિત મરણ પામેલ હતી. તેના શરીરના જખ્મ મને પોલીસે બતાવેલ, તે જોતા એક જખ્મ માથાના ભાગે ,૩ ગળાના ભાગે ૩ છાતીના ભાગે અને પાંચ જખ્મ પેટના ભાગે તેમજ ડાબા હાથ પર એક જખ્મ હતો એમ આશરે ૧૨ થી ૧૩ જખ્મ શરીર ઉપર હતા. તેમ જણાવી આ સાહેદ આંક–૪૦ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમા આ સાહેદની ઉલટતપાસ આરોપી નં ૨ના વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છેકે હુ પોલીસ ના પંચનામામા અવાર નવાર ગયેલ છુ.

**(૨૬.૨)** ત્યારબાદ આ કામે આંક–૪૩ વાળા અટક પંચનામાના પંચ સાહેદ રામજીભાઈ બુધાભાઈ ની આંક–૪૨ ની જુબાનીમાં તેમજ આ પંચનામાના અન્ય પંચ સાહેદ શબીરશા જુમાશાની આંક–૪૪ વાળી જુબાનીમાં આ સાહેદો પોતે તૈયાર પંચનામામા સહી કરેલ હોવાનુ તેમજ પોતાની હાજરીમાં કોઈ ઈસમની અટક ન કરેલા હોવાની હકીકત જણાવેલ છે. તેવી જ રીતે આંક– ૪૬ વાળા મરણજનાર મહેન્દ્ર સંતોષના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગે કરવામા આવેલ પંચનામાના પંચ સાહેદ: રાજકુમાર ગોપીચંદની આંક–૪૫ ની જુબાનીમાં કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. તેમજ, આંક–૪૮ વાળા ઈજા પામનાર અન્ય સાહેદોના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ મુસ્તાક આમદ જત આંક– ૪૭ વાળી

જુબાનીમાં તેમજ, અન્ય પંચ સાહેદ અનવર હુસેન જતની આંક–પ૪ વાળી જુબાનીમાં ફકત તૈયાર પંચનામામા પોતાની સહી લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ, આંક– ૫૦ વાળા આરોપી નં –ર ના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામાના પંચ સાહેદ અરવિંદ રામજીએ આંક–૪૯ વાળી જુબાની તેમજ, પંચ સાહેદ: અજીત ઈશાક જત પોતાની આંક–૫૧ વાળી જુબાનીમાં તૈયાર પંચનામામા સહી લીધેલ હોવાનુ અને પોતાની હાજરીમાં કોઈ કપડા કબજે નહી કર્યાનો સ્વીકાર કરેલ છે.તે સિવાય આંક–૫૩ વાળા આરોપીની અટક અંગે કરવામા આવેલ પંચનામાના પંચ સાહેદ: અર્જુન ધનજીને આંક–૫ર ની જુબાનીમા કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. તેમજ, આંક–૫૬ વાળા અટક પંચનામાના પંચ સાહેદ: કેતન ધનજીને આંક–૫૫ થી તેમજ આ પંચનામાના અન્ય પંચ સાહેદ શાંતીલાલ બાબુલાલ ઠકકરને આંક–૫૭ થી તપાસેલ છે, તેમજ, આંક–૫૯ વાળા ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ: અનવર જુસબને આંક–૫૮ થી તેમજ અન્ય પંચ સાહેદ : રમેશ રાણાભાઈને આંક– ૬૦ થી તપાસેલ છે. આ સાહેદો પણ અન્ય પંચ સાહેદોની માફક જ પંચનામામા સહી ઓળખી બતાવેલ છે પરંતુ અન્ય હકીકતો અંગે લેશમાત્ર સમર્થનકારી જુબાની આપેલ નથી. વધુમા આ કામે ફરીયાદ તથા ઈજા પામનાર અન્ય સાહેદોના બલ્ડ સેમ્પલ લેવા માટે કરવામા આવેલ આંક–૨૧૭ વાળા પંચનામાના પંચ સાહેદ: નરેશભાઈ ખેતાભાઈને આંક–૨૧૬ થી તેમજ પંચ સાહેદ: મુસ્તાક સીદીકભાઈને આંક–રર૦ થી તપાસેલ છે તેમજ આંક–રરર વાળા ફરીયાદી તથા સાહેદોએ બનાવ સમયે પહેરેલ કપડા અંગે કરવામા આવેલ પંચનામાના પંચ સાહેદ અશોક કરશનભાઈને આંક–રર૧ થી તપાસેલ છે. આ તમામ સાહેદો જે તે પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ તૈયાર પંચનામામા સહી લીધેલ હોવાની તેમજ પંચનામાની અન્ય હકીકતો જાણતા ન હોવાનો સ્વીકાર કરેલ છે. આમ આ તમામ પંચ સાહેદોને વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે અને ત્યારબાદ આ તમામ પંચ સાહેદોની વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ આ તમામ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.

**(૨૭) પોલીસ સાહેદો / સરકારી સાહેદો ::-**

આ કામે આંક- ૭૪ થી પો.સાહેદ: અમૃતભાઈ શામજીભાઈને તપાસેલ છે જેઓ નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ: ૨૦-૦૩-૧૨ના રોજ કલાક ૧૬-૦૦ વાગ્યે પી.એસ.ઓ અમૃતદાન ગઢવી દવારા ફોનથી વરધી મળેલી કે, ભારતનગર ઝુલેલાલ સોસાયટીમાં ઝઘડો થયેલ છે કે ખુન થયેલ છે. તાત્કાલીક બંદોબસ્તમાં જાઓ,તેથી હુ તાત્કાલીક બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યા બનાવવાળી જગ્યાએ રોડ પર લોહી પડેલ હતુ, બે તલવાર પડેલી હતી તથા એક લોખંડનો પાઈપ પડેલ હતો, તે તમામ વસ્તુઓ જેમની તેમ રહેવા દઈ, બદોબસ્ત માં રહેવા સુચના હોઈ, રાત્રે નવેક વાગ્યે પી.આઈશ્રી વાઘેલા સાહેબ આવેલ અને સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરી, એફ.એસ.એલ અધિકારીની હાજરીમાં તમામ મુદામાલ કબજે લીધેલ, વધુમા આ સાહેદ મુદામાલ હથીયાર નામ. કોર્ટ સમક્ષ બતાવવામા આવતા, તે ઓળખી બતાવે છે.

**(૨૭.૧)** ત્યારબાદ અન્ય પો. સાહેદ: વિષ્ણુવન પોપટવન ગુંસાઈને આંક- ૭૫ થી તપાસેલ છે, તેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, ગઈ તારીખ ૨૦-૦૩-૧૧ ના રોજ કલાક ૧૬-૦૦ વાગ્યે પી.એસ.ઓ રમેશદાન ગઢવી દવારા વરધી મળેલ કે, ભારતનગર ઝુલેલાલ સોસાયટીમાં ઝઘડો થયેલ છે અને એક ખુન થયેલ છે તાત્કાલીક બંદોબસ્તમાં જાવ, જેથી બનાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યા માણસો ઉભા હતા, તેમને વીખેરાઈ જવાનુ કહેલ અને ત્યારબાદ પી.આઈ. વાઘેલા સાહેબ આવેલ, બનાવવાળી જગ્યાએ રોડ પર લોહી પડેલ તેમજ બે તલવાર ત્રણ લાકડી અને એક લોખંડનો પાઈપ પડેલ હતો, તે જેમનો તેમ રહેવા દીધેલ,અને બાદ વાઘેલા સાહેદ રાત્રીના નવવાગ્યે એફ.એસ.એલ અધિકારી સાથે બનાવવાળી જગ્યાએ આવી પંચનામુ કરી, મુદામાલ કબજે લીધેલ, વધુમા આ સાહેદ નામ. કોર્ટ સમક્ષ મુદામાલ હથીયાર ઓળખી બતાવે છે.

(૨૭.૨) ત્યારબાદ આ કામે આંક– ૭૬ થી પો.સાહેદ: મુકેશ પ્રેમજીભાઈ ગોહીલને તપાસેલ છે, જેઓ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છે કે, હુ પો.સ્ટેમા હતો અમારા રાઈટર રામબાગ હોસ્પીટલમાંથી ડોકટર પાસેથી મરણજનારના કપડા લોહીના ડાઘાવાળા જે લઈ પો.સ્ટેશન આવેલ, જેથી અમો રામબાગ જઈ આ કપડા જે ડોકટર સાહેબે આપેલ હતા, તે અમારા ક્રાઈમ રાઈટર મરતાજી એ.એસ.આઈ પાસ ે જમા કરાવેલ, વધુમા આ સાહેદ હુ જે કપડા લેવા ગયેલ તેમાં સફેદ કલરનો શર્ટ અને બ્લુ કલરની જીન્સની પેન્ટ હતી, તેમ જણાવી આ સાહેદ નામ. કોર્ટ સમક્ષ કપડા ઓળખી બતાવે છે.

(૨૭.૩) તદઉપરાત આંક– ૨૪૭ થી પો.સાહેદ: રમેશદાન શીવદાન ગઢવી ને તપાસેલ છે જેઓ ના. કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છે કે, તા. ૨૦.૩.૧૧ અમો ગાંધીધામ એ ડીવી. પો.સ્ટે.માં પી.એસ.ઓ ફરજ ઉપર હતા તે દરમિયાન કલાક ૧ ૮.૫૫ વાગ્યે ગાંધીધામ એ ડીવી.ના પીએસઆઈશ્રી બી.પી.વાઘેલાસાહેબે પોતાની રુબરુની ફરીયાદી ની લીધેલ ફરીયાદ જે યાદી સાથે અમોને ગુનો દાખલ કરવા આવતા જે ફરીયાદ આધારે અમોએ ગાધીધામ એ ડીવી. પો.સ્ટે.એ ફર્સ્ટ ગુ.ર.ન.૬૧/૧૧ આઈપીસીકલમ૩૦૨,૩૦૭,૩૨૬,તથા ૩૨૪ તથા ૧૧૪ મુજબનો ગુનો એફઆઈઆર માં જણાવ્યા મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ એચ.કે.વાઘેલા સાહેબ પો.ઈન્સ તરફ ડેપ્યુટ કરેલ હતી.તેમ જણાવી આ સાહેદ દવારા આંક–૧૩૪ વાળી ફોજદારી કાર્યરીતી ૧૬૪ હેઠળનો ઉતારો માં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક– ૨૩૦ વાળી ફરીયાદમાં આ કામે બી.પી.વાઘેલાશ્રી એ ફરીયાદ પોતાની રુબરુ નોધી અને તે ફરીયાદ નોધાવા માટે સદરહુ યાદી મારી પાસે મોકલેલ હતી,તેમ જણાવી આ સાહેદ દવારા આંક–૨૪૮ થી આ કામે સદરહુ ફરીયાદ નોધી અને આ કામની આગળની તપાસ એચ.કે.વાઘેલા સાહેબને સોપેલી ની યાદી રજુ રાખેલ છે.

**(૨૭.૪)** તે સિવાય આ કામે સ્થાનીક જગ્યાનો નકશો બનાવનાર સાહેદ: મહેશ પ્રેમજી કતીરાને આંક– ૧૦૦ થી તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છે કે, પો.સબ ઈન્સ '' એ '' ડીવીઝન પો.સ્ટેશનના જા નં ૧૪૪ ૪ તારીખ ૨૬–૦૩–૨૦૧૧ વાળા પત્ર સાથે તારીખ ૨૦–૦૩–૨૦૧૧ ના ફર્સ્ટ ગુન્હા રજી નં ૬૧/૧૧ કામે સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરેલ તે જગ્યાનનો નકશો બનાવવાનુ જણાવેલ, અમોએ તારીખ ૧૪–૦૭–૨૦૧૧ ના રોજ નકશો બનાવી, સંબધિત પોલીસ સ્ટેશનમા મોકલી આપેલ તેમ જણાવી આ સાહેદએ આંક– ૧૦૧ થી પોલીસ તરફથી લખેલ યાદી, આંક–૧૦૨ થી ફોરવડીગ લેટર તથા ૧૦૩ થી સ્થાનીક જગ્યાનો નકશો રજુ રાખી, તેમા પોતાની સહી ઓળખી બતાવે છે.

**(૨૮) તપાશનીશ અધિકારીશ્રી:::–**

ત્યારબાદ ફરીયાદપક્ષનાં મહત્વના એવા સાહેદ તપાશનીશ અધિકારીશ્રી હરદેવસિંહ કરણસીહ વાઘેલાને આંક– ૨૫૩ થી તપાસેલ છે જેઓએ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,ગઈ તા.૨૦.૩.૧૧ ના રોજ હું પીઆઈ એલસીબી પુર્વ–કચ્છ ગાધીધામમા ફરજ બજાવતો હતો.મારી પાસે ડીવાયએસપી અંજાર અને એ ડીવી. પો.સ્ટે. નો વધારાનો ચાર્જ હતો.ઘુળેટીનો દીવસ હોય બદોબસ્ત પટ્રોલીગમા હતા દરમીયાન ભારતનગર,જુલ ેલાસ સોસાયટી પાસે મારા મારી નો બનાવ બનેલ હોવાનું અને તે બાબતે જાણવા જોગ એનટ્રી થયેલ હોવાનુ અમને જાણવા મળતા અમે બનાવ વાળા સ્થળે પહોચેલ અને ત્યારે ત્યા પોલીસના માણસો પહોચી ગયેલા હોય તેઓનો આ બનાવવાળુ સ્થળ સુરક્ષીત રાખવા સુચના આપી બન્ને પક્ષના માણસોને ઈજાઓ થયેલ હોય રામબાગ હોસ્પીટલ અને તપ હોસ્પીટલમાં સારવારમાં લઈ ગયેલા હોવાનુ જણાવતા મે પીએસઆઈ બીપીવાઘેલા ને રામબાગ હોસ્પીટલે જઈ આગળ કાર્યવાહી કરવા સુચના આપેલી અને અમો તપ હોસ્પીટલે ગયેલા.ત્યાંથી તેઓને હરીઓમ હોસ્પીટલે લઈ ગયેલ હોવાનુ જણાવતા અમો ત્યા ગયેલા ત્યાથી તેઓને રામબાગ હોસ્પીટલે લઈ ગયેલા

હોવાનુ જણાતા અમે રામબાગ હોસ્પીટલે આવેલા.આ દરમીયાન પીએસઆઈશ્રી બીપીવાઘેલાએ ફરીયાદી સંતોષ રામાજી ચૌહાણનાઓની ઈ.પી.કો. ૩૦૨,૩૦૭,૩૨૬,૩૨૪,૧૧૪ વીગેરે મુજબની ફરીયાદ લઈ ગુનો રજી. કરવા તજવીજ કરેલી.જે ગુનો એ ડીવી.પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.ન.૬૧/૧૧ થી નોધવામા આવેલ અને એની આગળની તપાસ અમોએ સંભાળેલી.તેઓએ કરેલ કેસ કાગળો વંચાણે લીધેલા.ઈન્કવેસ્ટ પંચનામુ અને મરણોતર ફોર્મ વચાણે લીધેલા.આ કામે થયેલ જાણવા જોગ નાકાગળો વંચાણે લીધેલા અને આ કામે અમોએ ભીમસેન ઉર્ફે જેનું બદ્રીપ્રસાદની આ કામની ફરીયાદી તથા તેમના પુત્ર વીરૂધ્ધ ૩૨૬,૩૨૪ ,૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,જી.પી.એકટ ૧૩૫ મુજબની ફરીયાદ લીધેલી.જે પણ ફર્સ્ટ ૬૨/૧૧ થી દાખલ કરવામા આવેલી તેની તપાસ પણ અમોએ સંભાળેલી.આ કામે બનાવ સ્થળ ઉપરથી બનાવ સ્થળનું પંચનામુ કરવા એફએસએલ અધીકારી ની જરુરીયાત હોઈ એફએસએલ અધીકારીને મોકલવા માટે મેસેજ કરેલો અને એફએસેએલ અધીકારીશ્રી કે.આર.હુડકા ભુજથી આવેલા.તેઓને સાથે રાખી બનાવવાળી જગ્યાએ ત્યા પોલીસ બદોબસ્ત રાખવામાં આવેલો હતો ત્યા આવી પંચો નવીનભાઈ ઉમરાણીયા અને રમજાનભાઈ મુસાભાઈને બોલાવી પંચમા રહેવા સમજ કરેલી અને બનાવવાળી જગ્યા પ્રકાશભાઈ મોહનભાઈ રેગરનાઓ બતાવતા હોય તે જગ્યા પ્લોટ નં.૧૪ જુલ ેલાલ સોસાયટી વોર્ડ નં.૧૧/એ,ભારતનગરમાં જાહેર રોડ પર આવેલી હોય તે બતાવેલી.તે જગ્યાએથી એફએસએલ અધીકારી ના માગદર્શનમુજબ એક જગ્યાએ લોહીનું મોટુ આશરે બે ફુટ જેટલુ પહોળુ સુકાયેલા લોહી નુ ધાબુ હતુ ત્યાથી રૂનું પુમળુ ઘસી આપતા તે તેમજ બીજી જગ્યાએથી લોહીના ડાઘામાંથી લોહીનુ પુમળુ ઘસી આપતા તે તેમજ એક જ રૂનુ પુમુળુ કંટ્રોલ સેમ્પ્લ તરીકે આપેલુ તે તેમજ મકાન નં.૧૪ના દરવાજા પાસે પડેલ તલવાર જે લોહીથી ખરડાયેલ હતી જેને પીતળ ની મુંઠ હતી અને એની એક બાજુ જયમાતાજી અને બીજી બાજુ અંજાર રજવાડી હીન્દીમા લખેલુ હતુ.તે તલવાર તથા બીજી એક તલવાર જેનુ પણ વર્ણન ઉપર મુજબ જેવુ હતુ અને તે લોહીથી ખરડાયેલી હતી તેમજ ત્રણ લાકડીઓ લોહીના ડાઘાવાળી પંચનામાની

વિગતે વીગતવારનું પચનામુ પચોના લખાવચા મુજબ લખી લઈ માર્ક આપી કબજે કરવામા આવેલી.બાદમાં પો.સ્ટશને જઈ આ બાબતે મુદામાલ પાવતી ફાડવામા આવેલી.બાદમા આરોપીના ઘરે તપાસ કરતા અર્જુન બદ્રીપ્રસાદ ,તેના ઘરે હાજર મળી આવતા તેઓની પુછપરછ કરેલી અને તેને અટક કરવામા આવેલો અને તેણે પહેરેલા કપડા પંચનામાની વીગતે કબજે કરવામા આવેલા તેને પણ માથામા ઈજા થયેલ હોય તેને સારવાર યાદી લખી રામબાગ હોસ્પીટલ સારવાર માટે મોકલેલ.તેનુ બ્લડ સેમ પ્લ લેવડાવવા યાદી લખેલી.આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષરેગરના કપડાઓ કોન્સ.પ્રેમજીભાઈએ પીએસઓ મરતાજી સરતાજી પાસે રજુ કરેલા અને તેનુ વીગતવારનું પચનામુ કરી કબજે લીધેલા. તે પંચનામુ અમેને આપતા અમે વંચાણે લેતા અમે સામેલ રાખેલ.બાદ અમે બનાવવાળી જગ્યા બતાવનાર તેમજ જેના ઘર પાસે આ બનાવ બનેલ છે અને જેને ત્યા પુત્ર જન્મેલો અને ઢુંઢ નો ઉત્સવ હતો તે પ્રકાશભાઈ મોહનભાઈ રેગરનું નીવેદન લીધેલુ તેમના પત્ની મંજુબેનનુ નીવેદન લીધેલુ તેમની માતા વીધાબેન મોહનભાઈનું નીવેદન લીધેલુ.આ કામે અનય સાહેદો અને આરોપીઓ ભુજ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમાં હોય તેઓની પુછપરછ કરવાઅને તેઓના કપડા કબજે કરવા પીએસઆઈશ્રી બી.પી. વાઘેલાને ભુજ મોકલેલા.બીજે દીવસે ભુજ જઈ આરોપીઓ દીનેશ અને ભીમસેનનાઓની પુછપરછ કરી તેમના નીવેદન લીધેલા અને તેઓએ બનાવ વખતે પેહરેલા કપડા પંચનામાની વિગતે કબજે કરેલા.આકામે સાહેદ હરદેવ સંતોષ ચૌહાણ ની પુછપરછ કરી તેનું નીવેદન લીધેલુ અને તે પણ બનાવ વખતે પેહરેલા કપડા પંચનામાની વિગતે કબજે કરેલા અને આ કામે આરોપી ભીમસેન ઉર્ફે જેનું બદ્રીપ્રસાદનાઓને હોસ્પીટલમાંથી રજા આપતા તેઓને લઈ ગાંધીધામ પરત આવેલા.દરમીયાન આદીપુર ખાતે બીજો આઈ.પી.સી કલમ ૩૦૨ નો બનાવ બનેલો અને તે કામમા અમારે તપાસના કામે જવાનુ હોય પો.અધીક્ષકશ્રીની મૌખીક સુચનામુજબ પી.એસ.આઈશ્રી બી.પી.વાઘેલાને આ ગુના ની તપાસ સોપેલી, તેમ જણાવી આ સાહેદ દવારા આંક-૨૪૮ થી તપાસની યાદી રજુ રાખેલ છે તેમજ, મુદામાલ કપડા, હથીયાર નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવી વધુમા જણાવેલ છે કે, આ

કામે સાહેદ પ્રકાશ મોહનલાલ ચંદાજી રેગર તેમણે ના.કોર્ટ સમક્ષ જે હકીકતોને સમર્થન આપેલ નથી તે તમામ હકીકતો તેમણે માર રુબરુના નીવેદનમાં તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ હતા.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપીનાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામા આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવવાળા સ્થળે હું ચારેક વાગ્યે પહોચેલો હતો.બનાવવાળી જગ્યાએ બે કોન્સ. ને પી.એસ.ઓ.એ બનાવની જાણ કરતા મોકલી આપેલા.તેમજ, બનાવવાળી જગ્યા જુલેલાલ સોસાયટીના મકાન નં. ૧૧૪ સામે ની નહી પરતુ ખાલી ૧૪ સામે ની હતી.કહેવાતો બનાવ જુલેલાલ સોસાયટીમાં બનેલો.ઝુલેલાલ સોસાયટીમા બનાવ બનેલો તેના મકાન નં. ૧૪ બાબતે હું કહી શકુ પરતુ ૧૧૪ બાબતે હુ કહી શકુ નહી.હું બનાવ વાળા સ્થળે ૧૦ થી ૧૫ મીનીટ રોકાયેલો હતો.તેમજ, જુલેલાલ સોસાયટીના બીજા મકાન પાસે હું ગયેલો નથી.તેમજ, મે મારા બન્ને કોન્સટેબલને એ ૧૧૪ અને ૧૧૭ ઉપર બદોબસ્ત માટે મોકલેલા નહી.એફએસએલ વાળા જયારે આવેલા ત્યારે હું સાથે હતો.હું એફએસએલ વાળા સાથે હતો ત્યારે મે હથીયાર કબજે કરેલ.સ્થાનીક જગ્યાએથી જે હથીયારો કબજે કરેલા તે હથીયારો મે કોઈ સાહેદ ને બતાવેલા નહી.વધુમાં આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મોહન ચંદાજીના ઘરના માણસો સીવાય કોઈના નીવેદન મે લીધેલ નથી.તેમજ, બનાવ વાળી જગ્યાએ નજરે જોનાર બીજા સાહેદો હાજર હતા તેવા નજરે જોનાર કોઈ સાહેદના નીવેદન મે લીધેલ નથી.વધુમા આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આ સાહેદવાળા એવુ પણ નીવેદન માં લખાવવામા આવેલ નથી આ બનાવનું કારણ પંદર– વીસ દીવસ પહેલા મારી બેન કંચનની છેડતી બદ્રીપ્રસાદે કરેલી તેનુ મન દુ:ખ રાખી ને આ બનાવ બનેલો.તેમજ, આ સોસાયટીમાં ઘણી સોસાયટીઓ આવેલી છે અને બનાવવાળી જગ્યા અને તેની આસપાસ બીજી સોસાયટી આવેલી છે તે સોસાયટી ના હોદેદારો,મંત્રી કે પ્રમુખના મે નીવેદન લીધેલ નથી.

(૨૮.૧) ત્યારબાદ આ કામે તપાસ સંભાળનાર અન્ય તપાશનીશ અધિકારીશ્રી બાબુજી પ્રતાપસીહ વાઘેલા ને આંક– ૨૨૯ થી તપાસેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, અમો ગાંધીધામ 'એ' ડીવી.પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૦.૩.૧૧ ના રોજ ભારતનગરમાં મારામારી નો બનાવ બનતા જે અંગે ગાંધીધામ પો.સ્ટે. જાણવા જોગ એન્ટ્રી નં.૪૬/૧૧ વાળી દાખલ થયેલ .જે અનુંસધાને પો.ઈન્સ.શ્રી વાઘેલા સાહેબે અમોને રામબાગ હોસ્પીટલ જઈ ઈજા પામનારાની ફરીયાદ લેવા જણાવતા અમો રામબાગ હોસ્પીટલે જઈ આ કામે ફરીયાદી સંતોષ રામાજી ચૌહાણ દાખલ હોઈ તેની પુછપરછ કરી ફરીયાદ લેતા મજકુરે આરોપી દીનેશ બદ્રીપ્રસાદે,ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ તથા અર્જુન બદ્રીપ્રસાદ વીરુધ્ધ આઈપીસી કલમ–૩૦૨,૩૦૭,૩૨૬,૩૨૪ વીગેરે મુજબની ફરીયાદ લખાવતા અમોએ વીગતવારની ફરીયાદ લઈ પો.સ્ટશને ગુનો દાખલ થવા મોકલી આપેલ અને આ કામે મરણજનાર મહેન્દ્ર સંતોષ ની લાશનું પંચો રુબરુ રામબાગ હોસ્પીટલમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ લાશને પીએમ થવા માટે મોકલી આપેલ. તેમજ અમો પીઆઈસાહેબના ફરમાન મુજબ આ કામે બીજો કોઈ બનાવ ન બને તે માટે ભારતનગરમાં પેટ્રોલીગ રાખેલ અને આ કામે ગુનો દાખલ થયા બાદ ગુનહા. નં.૬૧/૧૧ દાખલ થયા બાદ આ કામની તપાસ પો.ઈ.એચ.કે. વાઘેલા સાહેબે સંભાળેલી અને આ કામની પ્રથમ તપાસ તેઓ સાહેબે કરેલી.આ કામે તેઓ સાહેબના ફરમાન મુજબ અમો ભુજ જઈ ઈજા પામનાર રાકેશ સંતોષ અને હરદેવ સંતોષના દાખલ હોઈ તેમના નીવેદન લીધેલ.અને આ કામે તેઓને સદરહુ બન્ને ઈસમોના ડીડી લેવા માટે એકજી. મેજી.ભુજને યાદી આપેલી.બાદ પો. ઈન્સશ્રી વાઘેલા સાહેબ ડીવાયએસપી ના ચાર્જમાંહોય અને આદીપુર મુકામે બીજો ૩૦૨ નો બનાવ બનતા તેવો વીજીટેશનમાં ગયેલાઅને આ કામની તપાસ અમોને સોંપેલી.આ કામે અમોએ આરોપી ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદને ગુન્હા કામે.અટક કરી વિગતવારનું પંચનામું કરી કામમાં સામેલ રાખેલુ તેમજ મજકુર આરોપીએ બનાવવખતે વાપરેલ હથીયાર છરી પોતાના ઘરે સંતાડેલ હોવાનુ જણાવતા અને સદર મુદામાલ આગળ ચાલી રજુ કરવાનું જણાવતા વીગતવારનું

ડીસ્કવરી પંચનામુ કરી મુદામાલ છરી કબજે લીધેલ.તેમજ આ કામે આજુબાજુમાં રહેતા સાહેદ કાનજી દેવરાજ ગઢવી ,મથુરદાસ મોહનદાસ સાધુ ,જયેશ ઈશ્વરલાલ ઠકકર ,ના નીવેદન લખી કામમાં સામેલ રાખેલ.તેમજ આ કામે પીએમ થયા બાદ લાશ ઉપરના કપડા પો.કોન્સ.મુકેશ પ્રેમજીભાઈ ગોહીલે રજુ કરતા વિગતવારનું પંચનામુ કરી કબજે લીધેલ.તેમજ સ્થાનીક જગયાએ રાખેલ પોલીસ ના માણસો અમૃત સામજી ચાવડા,તથા વિષ્નુવન પોપટવન ના નીવેદનો લેવામા આવેલ.તેમજ આરોપી દીનેશ બદ્રીપ્રસાદને તા.૨૫.૩ ના અટક કરવામા આવેલ. તેમજ આરોપી દીનેશનું બ્લડ સેમપ્લ લેવડાવામા આવેલ તેમજ આવેલ બ્લડ સેમ્પલના પંચો રુબરુ બ્લડ સેમ્પલ કબજે લ ેવામા આવેલ.તેમજ આ કામે કબજે થયેલ તમામ મુદામાલનો વિગતવારના રીપોર્ટ સાથે એફએસએલ રાજકોટ તરફ મોકલી આપવામા આવેલ.તેમજ આ કામે કપડા લઈ જનાર પો.કોન્સ.પ્રતાપ સેલારભાઈનું નીવેદન લેવામા આવેલ.તેમ જણાવી વધુમા આ સાહેદ આંક–૧૩૪ વાળી અસલ ફરીયાદ પોતાની રૂબરૂમાંફરીયાદીએ લખાવ્યા મુજબ લઘી લીધેલાનુ જણાવી તેમા પોતાની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે.તેમજ આંક–૨૩૦ થી લીધેલી ફરીયાદ ગુન્હો દાખલ થવા માટે એ ડીવી.પો.સ્ટે.એ જે યાદી મોકલેલી હતી આંક–૨૩૧ જાણવા જોગ એન્ટ્રી નં.૪૬/૧૧ નો ઉતારો આંક–૨૩૨ અન્ય ઉતારો સ્ટે. ડાયરી એન્ટ્રી નં.૧૮/૧૧ વાળો ઉતારો,આંક–૨૩૩ થી સ્ટે.ડાયરી એન્ટ્રી નં. ૧૯/૧૧ રજુ રાખેલ છે તેમજ, આંક–૨૩૪ થી જાણવા જોગ એન્ટ્રી નં. ૪૬/૧૧ નો ઉતારો તેમજ આંક–૨૩૫ થી જાણવા જોગ એન્ટ્રી નં. ૪૬/૧૧ ની ડેપ્યુટ થયેલી યાદી રજુ રાખી, આંક–૪૦ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોના દેખતા અને તેમના લખાવ્યા મુજબ લખી લઈ બાદમા પચો ની સહી કરાવેલી તેમા તપાસ કરનાર અધીકારી તરીકે મારી સહી છે તેમ જણાવેલ છે તેમજ આંક–૮૮ વાળુ સતોષ રામજીનું સારવાર અગેનું સટીફીકેટ મેળવનાર રામબાગ મેડીકલઓફીસરશ્રીને કરેલી યાદી ઓળખી બતાવેલ છે. તેમજ, આંક–૮૫ થી મરનાર નુ લાશનું પોસ્ટમાર્ટમ કરી તેની મોતનુ ચોકસસ કારણ જણાવવા બાબતની યાદી જે મે રામબાગ ઓફીસરશ્રી ને લખેલી હતી જેમા રામબાગ ના ડોકટરશ્રીની સહી અને

સમય તારીખ વાળી છે મોકલનાર તરીકે મારી સહીછે જેઓળખી બતાવે છે. આંક–૫૩ વાળુ આરોપી ભીમસેન બદ્રીનાથની અટક પંચનામુ,આંક–૫૯ વાળુ હથીયાર (છરી )ડીસ્કવરી ઓળખી બતાવે છે. તેમજ આકામે આંક–૧૦૧ વાળુ રેવન્યુ સર્કલ ઓફીસ અને સ્થાનીક જગ્યાનો નકશો બનાવવા કરેલી યાદી ઓળખી બતાવે છે. તેમજ આંક–૨૧૭ તથા ૨૧૯ વાળા પંચનામાઓ કકે જે આ કામે સાહેદો તથા ફરીયાદીના લીધેલ બલ્ડ સેમ્પલ અંગે કરવામા આવેલ પંચનામામાં પણ ઓળખી બતાવે છે. તે સિવાય આ સાહેદ આંક–૨૩૬ થી આ કામે મેળવેલ મુદામાલ એફએએસએલ રાજકોટને પૃથ્થકરણ અર્થે મોકલેલહતુ તે યાદી રજુ રાખી, તેમા પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૨૩૭ થી એફએસએલ રાજકોટનું મુદામાલ પૃથ્થકરણ અહેવાલ ફોરવડીગ લેટર સાથેનું છે તે મે મારા તપાસ કામે મેળવેલ હતુ તે ઓળખી બતાવી, રજુ રાખેલ છે તેમજ આંક–૨૩૮ થી સાહેદ: મીથુન સંતોષનુ સારવાર અગેનું મેળવેલ સ ટીફીકેટ જે રામબાગ હોસ્પીટલ ના ડો.શ્રીની સહી વાળુ છે જે બતાવવામા આવે છે જે મે મારા તપાસ કામે મેળવેલ હતું, તેમ જણાવી આ સાહેદને નામ. કોર્ટ રેકર્ડમાથી મુદામાલ આટીકલ નં ૨૩ બતાવવામા આવતા તે છરી ઓળખી બતાવેલ છે તેમજ, આ સાહેદ પણ નામ. કોર્ટ સમક્ષ આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુંને ઓળખી બતાવી વધુમા જણાવેલ છે કે, આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો હોઈ મે ચાર્જશીટ કરેલ છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ આરોપી નં (૨)નાં વિધ્વાન વકીલશ્રી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, આંક–૨૩૧ વાળા દસ્તાવેજમાં ઈજા પામનારઓના નામ તથા ઈજાપામનારાઓને કોણે મારેલા છે અને શેનાથી મારેલા અને અને કયા સ્થળ પર મારેલા છે તે વિગત લખેલ નથી.તેમજ, આંક–૨૩૨ માં આરોપીની અટક રેગર લખેલ છે. આરોપી ભીમસેનનું નામ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છેકે તેને જેનુ તરીકે ઓળખે છે.તેમજ, ભીમસેન ઉર્ફે જેનું પણ નામ લખેલ નથી.તેમજ, આરોપી નું નામ ભીમસેન ઉર્ફે જેનું સંબધે મે કોઈ તપાસ કરેલ નથી.તેમજ,આંક–૨૩૩ વાળી જાણવાજોગ એન્ટ્રીમાં

ઈજાપામનારને કોણે અને કયા સ્થળ અને કયા હથીયારથી મારેલ તે લખેલ નથી. વધુમાં આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મે આ કીસ્સામાં રામબાગ હોસ્પીટલના કોઈ ડોકટરનું નીવેદન લીધેલ નથી.તેમજ, આંક–૨૩૧,૨૩૨,૨૩૩,૨૩૪ માં બનાવ ઝુલેલાલ સોસાયટી પાસે બનેલ હોવાનું જણાવેલ નથી.તેમજ, કહેવાતો બનાવ બપોરે ૩.૦૦ વાગે બનેલો હોય તેવું મારી તપાસમાં ખુલેલુ નહી.તેમજ, મને પ્રથમ વખત તપાસના જે કાગળો મેળેલા તેમાં સંતોષ રામાજી અને મીથુન રામાજીને કોઈ ઈજા થઈ હોય તેવો કોઈ દસ્તાવેજ મળેલ નહી કે વિગત મળેલ નહી.હું સોપ્રથમ તપાસ માટે રામબાગ હોસ્પીટલ ગયેલો. હું રામબાગ હોસ્પીટલ બપોરના અઢી વાગ્યાથી ત્રણ વાગ્યા સુધીમા પહોચેલો.રામબાગ હોસ્પીટલે સૌપ્રથમ ઈજાપામનારને મળેલ પછી ફરીયાદીને મળી અને ફરીયાદ લીધેલી. તેમજ, હું રામબાગ ગયો ત્યારે હરદેવ સંતોષ અને રાકેશ સંતોષને મળેલો અને તેની પુછપરછ કરી તેનું નીવેદન લીધેલુ અને તેના પછી મે ફરીયાદ લીધેલી.હવે કહુ છુ કે નીવેદન વાઘેલા સાહેબે લીધેલુ હવે વાઘેલા સાહેબે કેટલા વાગે નીવેદનો લીધેલા તે મને યાદ નથી. મે ફરીયાદ લીધી ત્યારે હરદેવ અને રાકેશ રામબાગ હોસ્પીટલમાં દાખલ હતા.એ વાત ખરીછેકે મે ફરીયાદ લીધી તે અગાઉ હુ ફરીયાદી ને ઓળખતો ન હતો.વધુમા આ સાહેદ સવાલ નાં જવાબમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,એ વાત ખરી છેકે આરોપીએ કચન ની છેડતી કરેલ હોય તે મારી તપાસમા ખુલેલ નથી.એ વાત ખરી છેકે કચનને કોઈ છેડતી થયેલ હોય અને તેની કોઈ ફરીયાદ દાખલ થઈ હોય એવી વિગત પણ મારી તપાસમાં ખુલેલ નથી.તેમજ,હું જયારે બનાવ વાળા સ્થળ પર ગયો ત્યારે ઘણા બધા માણસો હતા તેમાથી મે કોઈ નું નીવેદન લીધેલ નથી.તેમજ,આ બનાવ કેવીરીતે બનેલો અને તેમા કોણ સંડોવાયેલ તે લોકો વાતચીત કરતા હતા. મે આ પૈકી કોઈ વ્યકિતના નીવેદન લીધેલ નથી.વધુમા આ સાહેદ સવાલના જવાબમાં જણાવે છે કે, બનાવ મોહન ચંદાજીના આગણા તથા રોડ ઉપર બનાવ બનેલો.તેમજ, એ વાત ખરીછેકે મોહન ચંદાજીના ઘરનું આગણુ મે જોયુ ત્યારે લોહીના ડાઘા ન હતા.તેમજ, ફરીયાદપક્ષ ની આજુબાજુ રહેતા લોકોમાંથી કોઈના નીવેદન મે લીધેલ નહી.વધુમાં આ સાહેદ એ હકીકત

પણ કબુલ રાખેલ છે કે, મારીફરીયાદમાં એવુ ખુલેલુ કે આ કામના આરોપી ભીમસ ેને ફરીયાદ પક્ષવાળા તરફે ફરીયાદપક્ષવાળા વિરુધ્ધ ગુનો દાખલ કરાવેલ છે.તેમજ, મારી તપાસમાં એવુ ખુલેલુ કે આરોપીઓને પણ ઈજાઓથયેલી છે.એ વાત ખરી છે કે જયારે આરોપીઓને ઈજા થયેલી ત્યારે શા કારણસર ઈજાથયેલી છે તે પુછવુ જોઈએ અને ફરીયાદીને પણ પુછવુ જોઈએ. તેમજ, આ કામના ફરીયાદીએ તથા સાહેદોએ આરોપીઓને ઈજા કેમ થયેલ છે તે બાબતનો કોઈ ખુલાસો મારી તપાસમાં ખુલ ેલ નથી.તેમજ, આ કામના ઈજાપામનારાઓને કયા વાહનમા લઈ ગયેલા અને કોના વાહનમા લઈ ગયેલા તે વાહન ચાલક સંબધે મે કોઈ તપાસ કરી નથી.વધુમાં આ સાહેદ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, મને જે કપડા મળેલા તે ખુલ્લી હાલતમાં મળેલા.એ વાત ખરીછેકે આ કબજે કરેલ કપડા સંબધે મે કોઈ સાહેદનું નીવેદન લીધેલ નથી. તેમજ,સાહેદ કંચનબેનને મારા સમક્ષના નીવેદનમા એવું લખાવેલ નથી કે ત્યારે પબ્લીકનો શોર અવાજ આવતા તેથી મારો ભાઈ મીથુન થોડે દુર હતો તેણે આવીને બતાવયુ આ ઝઘડો મોહન ચદાજી રહે છે ત્યા થયેલ છે અને મીથુને આવીને બતાવેલ ત્યારે મારોભાઈ રાકેશ ,હરદેવ,અને મીથુન ત્રણેય જણા દોડીને ગયેલા.તેમજ, સાહેદ કંચન મારા રુબરુના નીવેદનમા એવુ લખાવેલ નથી કે હું ,મારી માતા અને મારી બહેન હેમલતા ત્રણેય જણા દોડીને ગયેલા ત્યા પહોચેલ ત્યારે મે જોયુ તો મારોભાઈ મહેન્દ્ર જમીન પર પડેલો હતો.દીનેશના હાથમા તલવાર હતી જેનું ઉર્ફે ભીમસેનના હાથમાં છરી અને અર્જુનના હાથમાં તલવાર હતી તેઓ બધા મારા ભાઈ મહેન્દ્રને મારતા હતા અને મહેન્દ્રના શરીર માંથી લોહીનીકળતું હતુ અને ત્યારે મારો ભાઈ રાકેશ મહેન્દ્રને બચાવવા ગયેલો ત્યારે દીનેશે મારા ભાઈ રાકેશ ઉપર માથામા તથા અર્જુને હાથ પર તલવાર મારી દીનેશ,અર્જુન અને જેનુ એ હરેદેવ ના પેટ પર છાતી પર તલવાર અને છરી થી મારેલા.મારા પિતાજી સંતોષ ઉપર પણ હુમલો કરેલો પણ તેના હાથમાં પ્લાસ્ટર હતુ જેથી તે બચી ગયેલા અને મારા ભાઈ મીથુન ઉપર પણ હુમલો કરેલો અને પછી ઘણી બધી પબ્લીક ભેગી થઈ ગયેલી ત્યારે આ ત્રણેયભાઈઓ ત્યાથી ભાગી ગયેલા.

**(૨૯)** આ કામે એક હકીકત નિર્વિવાદીત છે કે,ઉપર મુદા નં –૧માં કરેલ ચર્ચા મુજબ આ કામના ફરીયાદીના પુત્ર મહેન્દ્ર સંતોષનુ મોત અકુદરતી હોવાનું જણાઈ આવે છે પરંતુ આ સપરાધ વધનો ગુન્હો આરોપી નં (૨) દવારા અન્ય સહ આરોપીની મદદગારી અને મેળાપીપણામાં કરવામા આવેલ છે કે કેમ તેમજ, આ કામે ફરીયાદી સહીતના અન્ય સાહેદોને આ કામનાં આરોપી નં (૨)નાએ તથા અન્ય સહ આરોપીઓએ હાથમાં રાખેલ હથીયાર વડે ગંભીર ઈજાઓ પહોચાડી હોવાની હકીકત ફરીયાદપક્ષને નિ:શક પણે સાબીત કરવો પડે, તે માટે રજુ થયેલ ઉપરોકત મુજબનો તમામ પુરાવો વંચાણે લેતા પહેલા સદરહુ કલમ તળેના તત્વો વંચાણે લેવામાં આવે તો...

**કલમ–૨૯૯ ગુન્હાહિત મનુષ્યવધ**

**જે કોઈ વ્યકિત, મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા જેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી અથવા પોતાના એવા કૃત્યુથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે એવી જાણકારી સાથે કોઈ કૃત્યુ કરીને મૃત્યુ નિપજાવે, તે ગુન્હાહિત મનુષ્યવધનો ગુનો કરે છે.**

આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(અ) કોઈ વ્યકિતનુ મૃત્યુ નિપજાવવામા આવ્યુ હોઈ અથવા

(બ) મૃત્યુ નિપજાવવાના સંભાવનાવાળી શારીરીક ઈજા કરવાના ઈરાદે કરવામા આવ્યુ હોય અથવા

(ક) આ કાર્યથી પોતે મોત નિપજાવશે એવા સંભવની જાણ સહીત કરવામા આવ્યુ હોય.

**શિક્ષાપાત્ર મનુષ્યવધમા માનસીક તત્વ**

(૧) મૃત્યુ નિપજાવવાનો ઈરાદો

(૨) મૃત્યુ નિપજાવી શકે તેવી ભયપ્રદ ઈજા કરવાનો ઈરાદો અને

(૩) મૃત્યુ નિપજાવવાનો સંભવનુ જ્ઞાન

**કલમ–૩૦૦ ખુન:**

**આમા હવે પછી દર્શાવેલ અપવાદ સિવાય ગુન્હાહિત મનુષ્યવધ એ ખુન છે, જો મૃત્યુ નિપજાવનારુ કૃત્યુ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા**

**બીજુ શારીરીક હાની પહોચી હોય કે વ્યકિતનુ જેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોવાનુ ગુનેગાર જાણતો હોય એવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય અથવા**

**કોઈ વ્યકિતને શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને કરવા ધારેલી હાની કુદરીતે મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય અથવા**

**ચોથુ કૃત્યુ કરનાર વ્યકિત જાણતી હોય કે એવુ તાત્કાલીક ભયજનક છે કે તેનાથી મૃત્યુ નિપજાવવાનુ અથવા મૃત્યુ નિપજાવે એવી શારીરીક હાની પહોચાડવાનો પુરો સંભવ છે અને મૃત્યુ નિપજાવવાનુ અથવા ઉપયુકત હાની પહોચાડવાનુ જોખમ ખેઠવાના કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.**

(૨૯.૧) હવે ઉપર મુજબના તત્વો સાબિત કરવા માટે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો વંચાણે લઈ તો લઈ તો આ કામે મહત્વના એવા ફરીયાદીએ નામ. કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,તારીખ ૨૦–૦૩–૧૧ ના તેઓ તથા તેમનો દીકરો મહેન્દ્ર મહેન્દ્ર મોહન ચંદારજીના ઘરે પ્રંસગ હોવાથી હાજર હતા ત્યારે આ કામનાં આરોપી જેનુ બદ્રી પ્રસાદ (આરોપી નં –૨) તથા અન્ય આરોપીઓ આવેલ અને જેનુ (આરોપી નં –૨)ના હાથમાં છરી હતી જયારે અન્ય આરોપીઓના હાથમાં તલવાર હતી, અને આ આરોપીઓ તેના વડે ફરીયાદી ઉપર

હુમલો કરતા હતા ત્યારે તે જગ્યાએ  હાજર રહેલા લોકોએ રાડારાડી કરેલી, મારા બીજા દિકરા મહેન્દ્રને રાકેશને મારતા પહેલા ત્રણેય આરોપીઓએ ભેગા મળીને તલવારો અને છરી પેટ, છાતીમાં ગળા પર મારેલુ અને મહેન્દ્ર ત્યા ને ત્યા ઢળી પડી ગયો અને મહેન્દ્ર પડી ગયા બાદ મારા ત્રણ છોકરા રાકેશ હરદેવ અને મીથુન દોડી આવેલ , મારા દિકરા હરદેવને દિનેશે તેમના હાથમાંની તલવાર પેટમાં ઘુસાડી દીધી અને જેનુ (આરોપી નં –૨ ) એ તેના હાથમાની છરીથી પેટ પર ઘા કરેલ,ત્યારબાદ મીથુન ને અર્જુનની પોતાના હાથમાંની તલવાર તેની આગળી પર ઘા કરેલ, અને રાકેશ પર આ ત્રણેય જણાઓ ભેગા મળીને ઘા કરતા રાકેશ હટવા ગયેલ તેમ છતા માથાના પાછળના ભાગે ઈજાઓ થયેલી અને ત્યારબાદ બુમાબુમ થતા મારી દીકરી કંચન તેમજ હેમલતા દોડી આવેલ, અને ત્યારબાદ આ ત્રણેય આરોપીઓ ભાગી ગયેલ, અને મારી બંને છોકરી કંચન અને હેમલતાએ મારા દીકરાઓને એક રીક્ષામાં બેસાડી રામબાગ હોસ્પીટલ લઈ ગયેલ અને ત્યારબાદ બીજા વાહનમાં હુ રામબાગ હોસ્પીટલેગયેલ, અને રસ્તામાં તેઓના દિકરા મહેન્દ્રનુ મરણ થયેલ હતુ અને અન્ય દિકરાઓની સારવાર ચાલુ કરેલ હતી જયારે બે દિકરાઓને વઘુ સારવાર માટે ભુજ મોકલવામા આવેલ હતા, તે સિવાય આ સાહેદ આ બનાવ બનવાનું મુખ્ય કારણ જણાવતા કહેલ કે, આ બનાવથી ત્રણ ચાર મહીના અગાઉ આરોપીઓએ મારી દીકરી કંચનની છેડતી કરેલી, જેથી ઝઘડો થયેલ હોઈ, મનદુ:ખ ના કારણે આ બનાવ બનેલ છે. તેમ જણાવી, આ સાહેદ દવારા મુદામાલ હથીયાર (છરી ) કે જે આ કામનાં આરોપી નં (૨)ના એ પોતાના હાથમાં ઘારણ કરી, હુમલો કરેલ હતો તે કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે, તેમજ આરોપીનં –૨ ને પણ કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે.

**(૨૯.૨)** આ સાહેદની ઉપરોકત હકીકતના સમર્થનમાં  આ કામે અન્ય ઈજા પામનાર સાહેદ એવા પુત્ર : હરદેવ સંતોષ, રાકેશ સંતોષ તથા સાહેદ: મીથુન સંતોષ દવારા પણ સદરહુ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે. તેમજ, આ તમામ સાહેદો પણ ફરીયાદીના ઉપરોકત કથન મુજબની જુબાની આપેલ છે તેમજ, વઘુમા આ

તમામ સાહેદો પણ આ બનાવ બનવા પાછળનુ કારણ ત્રણ ચાર મહીના અગાઉ આરોપીઓએ આ કામનાં ફરીયાદીની દીકરી કંચનની છેડતી કરેલી, જેથી ઝઘડો થયેલ હોઈ, મનદુ:ખ ના કારણે બનેલ હોવાનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે.

(૨૯.૩) વધુમા આ કામે અન્ય સાહેદો એવા ફરીયાદીની દીકરી : હેમલતાબેન નરેન્દ્રભાઈ તથા કંચન રાજેશભાઈ કે જે પણ બનાવ બાદ તુરત જ એટલ ેકે બનાવ બન્યો હોવાનુ દુર થી જોયેલ હોવાનુ તેમજ, બનાવ બાદ આ કામનાં મરણજનાર, ફરીયાદી તથા અન્ય ઈજા પામનાર સાહેદ એવા તેઓના ભાઈને હોસ્પીટલ ે લઈ ગયેલ હોવાનો સ્વીકાર કરેલ છે. તેમજ, આ સાહેદો પણ બનાવ બનવા પાછળનુ મુખ્ય કારણ આ કામે ફરીયાદીની પુત્રી એવી કંચનની છેડતી આરોપીઓ દવારા કરેલ હોવાનુ અને જે કારણે ઝઘડો થયેલ હોવાનુ અને આ બાબતનુ મનદુ:ખ આરોપીઓ દવારા રાખેલ હોવાનુ જણાવેલ છે.

(૨૯.૪) તે સિવાય આ કામે ઈજા પામનાર સાહેદોને શરીરના જુદા જુદા ભાગે થયેલ ઈજા તીક્ષણ હથીયાર વડે થયેલ હોવાનો સ્વીકાર આ કામે ઈજા પામનાર એવા સાહેદોની મેડીકલ તપાસણી કરનાર ડો. કિશોરગીરી લાલગીરી ગોસ્વામીએ તેમની નામ. કોર્ટ સમક્ષની આંક-૧૦૬ની જુબાનીમાં આપેલ છે, તે હકીકતની પણ નોંધ લેવામા આવેલ છે.

(૨૯.૫) વધુમાં કાયદાની જોગવાઈઓ મુજબ જયારે કેસમાં આરોપીઓ સામે સીધો પુરાવો એટલે કે બનાવ નજરે જોનાર તથા બનાવમાં ઈજા પામનાર ફરીયાદી સહીતનો સમર્થનકારી જુબાની આપેલ છે ત્યારબાદ આ કામે ઉપરોકત પુરાવો ફરીયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા માટે મદદરૂપ થાય છે કેમ તે અંગે ઈનડાયરેકટ એવીડન્સ એટલે કે પરોક્ષ પુરાવો, સાંયોગીક પુરાવો છે કે કેમ? તે અદાલતે જોવાનું રહે છે. તે અંગે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા જોઈએ તો, આ કામે તપાશનીશ અધિકારી

શ્રી દવારા રજુ કરવામા આવેલ આંક–૨૩૬ થી એફ.એસ.એલને મુદામાલ હથીયાર, બનાવ સમયે આરોપીઓ તથા ઈજા પામનાર ફરીયાદી સહીતના સાહેદોનાં કપડા તથા અન્ય મુદામાલ પ્રથ્થકરણ માટે મોકલવા માટેની કરેલ પત્ર વ્યવહાર તથા આંક–૨૩૭ થી સદરહુ મુદામાલ એફ.એસ.એલ. રાજકોટનો પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ. એફ.એસ.એલ. પરિક્ષણ અહેવાલ આંક–૨૩૭ નો હાલની અદાલતે ઉંડાણપૂર્વક અને તલસ્પર્શી અભ્યાસ કરેલ છે. જેમાં ખાસ કરીને આંક–૨૩૭ વંચાણે લેવામા આવે તો '' સી '' એક સફેદ કલરનો લોહીથી ખરડાયેલ શર્ટ , ''સી /૧'' થી એક સફેદ કલરનુ ગંજી બનીયાન, ''સી/૨'' એક બ્લુ કલરનુ જીન્સ પેન્ટ જે તમામ લોહીથી ખરડાયેલ છે. તેમજ, ''સી /૩ '' એક કાચની શીશીમાં બ્લ્ડ સેમ્પલ જે આ કામે મરણજનાર ફરીયાદીના પુત્ર : મહેન્દ્ર સંતોષના કપડા તથા બલ્ડ સેમ્પલ મોકલવામાં આવેલ છે, જે નમુનાનુ એફ.એસ.એલ દવારા પરિક્ષણ કરવામા આવેલ છે અને જેમા રૂધિર મળી આવેલ છે તેમજ, તે રૂધિરનુ બ્લડ ગ્રુપ '' ઓ '' છે. તેવુ પરીક્ષણનો રીપોર્ટ એફ.એસ.એલ દવારા આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે '' એચ'' થી એક છરી લાકડાના હાથાવાળી કે જે છરી આરોપી નં (૨)નાએ બનાવ સમયે હાથમાં ધારણ કરેલ હતી, જેનો એફ.એસ.એલ દવારા પરિક્ષણ કરવામાં આવેલ છે અને જેના પર રૂધિર મળી આવેલ છે જેનુ ગ્રૂપ '' ઓ'' છે. આમ આ કામે મરણજનારનુ મરણ આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં કરેલ હોવાનુ તેમજ, આ કામે આરોપી નં (૨)ના હથીયાર વડે થયેલ હોવાનુ સાબિત થાય છે.

(૨૯.૬) વધુમા આ કામે આરોપી ના વિધ્વાન વકીલશ્રી એસ.એમ.ખાંડેકાએ આંક–૨૬૦ થી લેખિત દલીલ રજુ રાખી, મારી સમક્ષ મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે, બનાવ ઝુલેલાલ સોસાયટીમાં બનેલ છે પરંતુ કયા પ્લોટમાં, કયા સ્થળે બનાવ બનેલ છે તે હકીકત મહત્વના એવા ફરીયાદી સહીતના અન્ય તમામ સાહેદો પોતાની જુબાની દરમ્યાન જણાવતા નથી જેથી આ કામનાં ફરીયાદી સહીતના બનાવમાં ઈજા પામનાર સાહેદો તથા અન્ય નજરે જોનાર સાહેદો એવા

ફરીયાદીની દીકરીઓની જુબાની માનવા લાયક નથી. આ કામે ફરીયાદી: સંતોષ રામજીની આંક–૧૩૩ ની જુબાની, ઈજા પામનાર સાહેદો હરદેવ સંતોષની આંક–૧૫૮ ની જુબાની, રાકેશ સંતોષની આંક– ૧૯૭ ની જુબાની, મિથુન સંતોષની આંક–૨૧૦ ની જુબાની તથા અન્ય નજરે જોનાર સાહેદો એવા ફરીયાદીની પુત્રી હેમલતા તથા કંચનની જુબાની અનુક્રમે આંક–૨૦૬ તથા ૨૦૮ની સમગ્ર જુબાની વંચાણે લેવામા આવે તો તેમા બનાવની તમામ હકીકતો અંગે ખુબ જ વિરોધાભાષ આવે છે તેમજ, સાહેદની જુબાનીની સરતપાસમાં જણાવેલ વિગત ઈરાદાપુર્વક ખોટી રીતે જણાવેલ છે, તે ગ્રાહય રાખી શકાય નહી. આ તમામ સાહેદો પોતાની ઉલટતપાસ દરમ્યાન એ વાત નો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગુજરાતી જાણતા નથી, તેમજ એ વાત ખરી છે કે, ગુજરાતી બોલીને ફરીયાદ લખાવેલ નથી, ફરીયાદ જોવામા આવે તો, તેમા કયાય ફરીયાદી ગુજરાતી જાણતા  ન હોવાનુ જણાવેલ નથી, જે હકીકતનો લાભ આરોપીને મળવાપાત્ર છે., તે સિવાય સાહેદએ પોતાની જુબાનીની ઉલટતપાસમાં એ વાત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે રામબાગ હોસ્પીટલે મારી પાસે કલાક ૩–૩૦ વાગ્યે પોલીસ આવેલ અને મે ફરીયાદ લખાવેલ તે હકીકત ખોટી જણાવુ છુ.તેમજ, વધુમા ફરીયાદીએ ઉલટતપાસ દરમ્યાન એ હકીકત જણાવેલ છે કે, મોહન ચંદાજી ઘરની બાઉન્ડી આગળ કોઈ બનાવ બનેલ નથી, તે સંજોગોમાં મહત્વના એવા ફરીયાદીની જુબાની માનવા લાયક નથી વધુમા બચાવપક્ષે એવી પણ તકરાર લીધેલ છે ખરેખર કયા બનાવ સ્થળે બનાવ બનેલ છે, તે હકીકત પણ પ્રોસીકયુશન પોતાના પુરાવાથી પુરવાર કરેલ ન હોઈ, તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આ સિવાય  ફરીયાદમાં ઢુંઢ ના પ્રસંગમાં અમારા સિવાય બીજા ૫૦ થી ૬૦ માણસો હતા અને આ હાજર રહેનાર મોટાભાગના માણસોને નામથી ઓળખુ છુ. તેમજ, તે હકીકત ખરી છે કે, આ ૫૦–૬૦ માણસો પૈકી કોઈપણ માણસનું નામ ફરીયાદમાં જણાવેલ નથી. આમ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રીએ પોતાની લેખીત દલીલમાં સાહેદોની ઉલટતપાસમાં આવતા કોન્ટ્રાડીકસ તેમજ  બનાવના સ્થળ તથા બનાવ અંગેની અન્ય હકીકતો અંગે પ્રશ્ન ઉભો કરી અને તપાસવામાં આવેલ સાહેદોની જુબાની માનવા લાયક ન હોવાનું

તેમજ, આ કામે ફરીયાદી: સંતોષ રામજીની આંક–૧૩૩ ની જુબાની, ઈજા પામનાર સાહેદો હરદેવ સંતોષની આંક–૧૫૮ ની જુબાની, રાકેશ સંતોષની આંક– ૧૯૭ ની જુબાની, મિથુન સંતોષની આંક–૨૧૦ ની જુબાની તથા અન્ય નજરે જોનાર સાહેદો એવા ફરીયાદીની પુત્રી હેમલતા તથા કંચનની જુબાની અનુક્રમે આંક–૨૦૬ તથા ૨૦૮ની સમગ્ર જુબાની વંચાણે લેવામા આવે તો તેમા બનાવની તમામ હકીકતો અને એકબીજા સાહેદોની જુબાનીમા ઘણો જ વિરોધાભાષ આવતો હોવાનુ જણાવી, જુબાની માનવા લાયક ન હોઈ, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ નો કેસ નિ:શકપણે પુરવાર કરેલ ન હોઈ, આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૨૯.૭) વધુમા ઉપરોકત તકરારના સંદર્ભે ફરીયાદપક્ષે મુળ ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, હાલના કેસનો સમગ્ર પુરાવો તથા ફરીયાદ અને અન્ય દસ્તાવેજી આધાર જેવા કે પી.એમ રીપોર્ટ, ઈજાના પ્રમાણપત્રો, ઈજા પામેલ સાહેદોની મૌખીક જુબાની બનાવવાળી જગ્યાનો નકશો વિગેરે વંચાણે લેતા, ફરીયાદપક્ષેપોતાનો કેસ નિ:શ્કપણે પુરવાર કરેલ છે. વધુમા આરોપીઓ તરફથી આ કામે ફરીયાદ મોડી થઈ છે તેમજ બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાએ બનેલ ન હોવાના આક્ષેપો છે અને બનાવ વખતે ઘણા હાજર હોવા છતા તેમને તપાસવામા આવેલ નથી. પરંતુ આરોપીઓ તરફે લીધેલ તકરાર ટકવા પાત્ર નથી કારણકે, આ કામે મરણજનારને ૧૦જેટલી જીવલેણ ઈજાઓ થયેલ છે તેમજ અન્ય ચાર ઈજા પામનાર સાહેદોને પણ ઈજાઓ થયેલ છે. આવા માહોલમાં જયારે જીવલેણ ઈજાઓના કારણે ઈજાગ્રસ્ત તથા તેને લઈ જનારની પ્રથમ પ્રાથમીકતા સારવાર ની હોય તે રીતે બનાવ પછી પોલીસ ફરીયાદ તાત્કાલીક નોધેલ છે, જે થી પણ આરોપીઓ તરફેની તકરાર ટકવા પાત્ર નથી

સદરહુ હકીકતના સંદર્ભે અત્રેની કોર્ટનુ ફરીયાદપક્ષે મુળ ફરીયાદી તરફે રજુ કરેલ તથ્યોને ન માનવાને કોઈ કારણ નથી કારણકે જયારે આ કામે ઈજા પામનાર તમામ સાહેદોને જયારે વધુ પડતી ઈજાઓ થયેલ હોઈ તેવા સંજોગોમાં આ

કામે પ્રાથમીક તબકકે તેઓ સારવાર માટે જશે અને ત્યારબાદ જ પોલીસ ફરીયાદ કરશે. આમ  આ કામે આરોપી પક્ષે જે તકરાર ઉઠાવેલ છે, તે તકરારને માનવુ ન્યાયોચિત જણાતુ નથી.

આ સિવાય આરોપી પક્ષે બનાવની જગ્યા અંગે તકરાર ઉભી કરેલ છે પરંતુ સદરહુ તકરારના સંદર્ભે વીથ પ્રોસીકયુશન તરફે એવી દલીલ કરેલ છે કે, હાલનો બનાવ મોહન ચંદાજી રેગરના ઘર પાસે બનેલ છે તે અંગે કોઈ વિવાદ નથી કારણકે આ કામે સાહેદ પ્રકાશ મોહન ચંદાજીની આંક–૬૪ વાળી જુબાનીમા આ સાહેદ તેમના ઘરે ઢુઢનો પ્રસગ હોવાનુ સ્વીકારેલ છે તે સિવાય સ્થાનીક જગ્યાનું પંચનામુ આંક–૩૭,પંચ સાહેદ મહેશ પ્રેમજી કતીરાની આંક–૧૦૦ નીજુબાની તેમજ તપાશનીશ અધિકારીશ્રીની જુબાની અને સ્થાનીક જગ્યાનો નકશો ની પણ પુરાવાને સમર્થન મળેલ છે. અને સ્થાનીક જગ્યાએથી લોહી કબજે કરેલ છે તે માનવ લોહી છે અને હથીયારો પણ ત્યાથી જ કબજે કરવામા આવેલ છે, જેથી પણ આરોપીઓની તકરાર ટકવાપાત્ર નથી.

સદરહુ તકરાર સંદર્ભે પણ અત્રેની કોર્ટનુ માનવુ એવુ છે કે, આ કામે બનાવ સ્થળ અંગે તકરાર લેવામા આવેલ છે પરંતુ આ કામે મુળ ફરીયાદ તરફે થયેલ રજુઆત મુજબ આ કામે બનાવવાળી જગ્યાનુ સ્થાનીક પંચનામુ તથા સાહેદની જુબાની વંચાણે લેતા,તેમજ બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ દવારા માટીમાંથી લોહી કબજે કરેલ હોવાનુ સાબિત થયેલ હોઈ, તેમજ ફરીયાદીના કથન મુજબ બનાવ મોહન ચંદાજીના ઘરે આંગણામાં બનેલ હોવાનુ જણાવેલ છે અને અત્રેની કોર્ટનુ માનવુ છે કે, આગણુ એટલેકે મકાનની આગળ ની જગ્યા માની શકાય, અને આ બનાવ સ્થળ  બાબતે જે તકરાર લેવામાં આવેલ તે તકરાર એટલી પણ ગંભીર ગણી શકાય નહી કે તેના કારણે આ કામે રજુ થયેલ પુરાવાના અર્થઘટન કરવામા ગંભીર અસર થાય તેમ છે,જેથી પણ આરોપીઓની તકરાર ટકવાપાત્ર નથી.

(૨૯.૮) વધુમા આ કામે વીથ પ્રોસીકયુશન તરફે વિધ્વાન વકીલશ્રી ડી.જે. જોબનપુત્રાએ મારી સમક્ષ દલીલ કરતા એવી તકરાર ઉઠાવેલ છે કે, આ કામે ક્રોસ કેસ

પેન્ડીગ છે, જે કેસ પણ પુરાવા ઉપર હોઈ, આ કેસનો ન્યાયીક નિર્ણય સદરહુ ક્રોસ કેસ સાથે કરવો જોઈએ. તે હકીકતના સંદર્ભે સદરહુ કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, મારા પુરોગામી વિધ્વાન ન્યાયધીશશ્રીએ આંક–૨૮ થી આ કામનાં આરોપી નં (૧) અર્જુન બદ્રીપ્રસાદ બલોટીયા, (૨) ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ બલોટીયા,રહે બંને ભારતનગર મકાન નં ૧૦૪, ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ–કચ્છ તથા (૩) દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા રહે: મકાન નં ૧૨૯, ભારતનગર, ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ–કચ્છવાળા વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવેલ છે, અને સદરહુ તહોમત મુજબના ગુન્હાઓનો આરોપીઓ દવારા ઈન્કાર કરતા, કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ આરોપી નં(૧) અર્જુન બદ્રીપ્રસાદ રેગર બલોટીયા તથા આરોપી નં (૩) દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયાને ચાલુ કામ દરમ્યાન કામચલાઉ જામીન મળેલ અને ત્યારબાદ આ બંને આરોપીઓ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેતા, ભાગી ગયેલ હોઈ, સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબ તેઓ વિરૂધ્ધ અનુક્રમે આંક–૨૧૨ તથા આંક–૧૭૭ ના હુકમ મુજબ અલગ થી ચાર્જશીટનો હુકમ કરવામા આવેલ છે. ત્યારબાદ આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા વિરૂધ્ધનુ કામ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે. વિથ પ્રોસીકયુશનના વિધ્વાન વકીલશ્રીની ઉપરોકત દલીલના અનુંસધાને કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાત તેમજ નામ. સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટસ દવારા કરવામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા, બંને કેસો નો ન્યાયીક નિર્ણય સાથે લેવો જોઈએ.પરંતુ,સદરહુ હકીકતના સંદર્ભે આ કેસની સમગ્ર રેકર્ડ તથા હકીકત વંચાણે લેતા, આ કામનાં આરોપી નં(૧)અર્જુન બદ્રીપ્રસાદ રેગર બલોટીયા તથા આરોપી નં (૩) દીનેશ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા મળી આવતા ન હોઈ,લાંબા સમય સુધી મળી આવે તેવી શકયતા જણાય આવતી ન હોઈ, તેઓની જામીનની રકમ વસુલ કરવામા આવેલ છે અને સી.આર.પી.સી.ની કમ ૨૯૯ હેઠળ આ બંને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ અલગ કરવાનો હુકમ થયેલ હોઈ, તેમજ આરોપી નં (૩)ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા નાઓ ઘણા સમયથી એટલેકે

સને ૨૦૧૧ થી એટલેકે છેલ્લા છ વર્ષ ઉપરના સમયથી જેલમાં હોઈ,**તેમજ આ કેસ સમય મર્યાદામાં પુરો કરવાનું નામ. ગુજરાત હાઈકોર્ટનુ ડાયરેકશન હોઈ,** તે સિવાય ન્યાયનો હેતુ જળવાઈ રહે અને આરોપીને ન્યાય મળે તે હેતુ ધ્યાનમાં લેતા, આ કેસનો ન્યાયીક નિર્ણય આપવો યોગ્ય જણાય છે.

(૨૯.૯) આ સિવાય બચાવપક્ષે પોતાની દલીલના સમર્થનમાં આપવામાં આવેલ ઓથોરીટીઝ નં (૧)૧૯૮૯ લીગલ ઈગલ (એસ.સી) ૨૭૨,સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ વિરૂધ્ધ મદન મોહનં ,(૨)૨૦૦૪ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૬,સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ સુખવીદર સીધ,(૩)૨૦૦૨ લીગલ ઈગલ (એસ.સી) ૯૬૪,રઘુનાથ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, (૪)૧૯૯૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૭૨,રૂકમા એન્ડ અધર્સ વિરૂધ્ધ જાલા એન્ડ અધર્સ,(૫)૧૯૯૫ લીગલ ઈગલ (એસ.સી) ૭૦૦, રામા શંકર રનવીર સીધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા,(૬)૧૯૯૬ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૯૨,ધના કનૈયાલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ,(૭)૧૯૯૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૦૭૦,સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ વિરૂધ્ધ ભગવાન,(૮) ૨૦૧૨ લીગલ ઈગલ (એસ.સી)૧૪૨,સંપતકુમાર વિરૂધ્ધ ઈન્સપેકટર પોલીસ કિષ્નાગીરી,(૯),૨૦૧૫ લીગલ ઈગલ (એસ.સી)૮૨૯,ડી.થામોદરન વિરૂધ્ધ કંડાસ્વામી એન્ડ અધર્સ,(૧૦)૧૯૮૭ લીગલ ઈગલ (એસ.સી) ૧૮૬,અમર સિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ,(૧૧)૧૯૯૩ લીગલ ઈગલ (એસ.સી. ) ૫૪૮, મીરન બકસ વિરૂધ્ધ લાલુ ઉર્ફે શાગીર અહેમદ,(૧૨)૧૯૯૨ લીગલ ઈગલ (એસ.સી) ૯૬,સ્ટેટ ઓફ પંજાબ વિરૂધ્ધ જીત સીધ,(૧૩)૧૯૯૦ લીગલ ઈગલ (એસ.સી) ૫૭,બી.એન સીધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,(૧૪)એસીઆર ૨૦૧૧(૧) ૨૬ એસ.સી.વરૂન ચૌધરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન,(૧૫)એસીઆર ૨૦૧૧(૧) ૩૭ એસ.સી.અંજની ચૌધરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર,(૧૬)૧૯૯૫ સીઆર એલ.આર (મહારાષ્ટ ) ૪૩૪, કાશીનાથ બબન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ,(૧૭)૨૦૧૦ સીઆર.એલ.આર (ગુજ) ૫૧,સતીષ રામુભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,(૧૮)૨૦૦૯ સીઆર.એલ.આર

(એસ.સી.) ૭૭૧,ગનેશ ગોગાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ,(૧૯)૨૦૦૯ સીઆર.એલ.આર (એસ.સી. ) ૭૭૭,રમેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા,(૨૦) ૨૦૦૯ સીઆર.એલ.આર (ગુજ) ૪૮૫, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મેર છગન કરશન,(૨૧)૨૦૦૯ સીઆર.એલ.આર (ગુજ) ૪૯૦,મુનાભાઈ રઝાકભાઈ વિરૂધ્ધ સગીર અમન મુનાભાઈ અને અધસ,(૨૨)૨૦૦૦ સીઆર.એલ.આર (ગુજ) ૪૦૫, રોલીયા જમાઈ રાતવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,(૨૩)૨૦૧૦ સીઆર.એલ.આર (ગુજ) ૪૧૩, ફીરોઝ ઈકબાઈ રાઠોડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદો રજુ રાખેલ છે, તે તમામ ચુકાદાઓ વંચાણે લેતા તેમજ, અત્રેના કેસની હકીકત વંચાણે લેતા,તેમજ બચાવપક્ષની લેખિત દલીલ વંચાણે લેતા, તેમજ આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ એ હકીકત નિ:શકપણે પુરવાર થાય છે આ કામનાં આરોપીઓની એકબીજાની મદદગારી અને મેળાપીણામાં આ કામનાં આરોપીએ બનાવ સ્થળે સમયે, આ કામનાં ફરીયાદીની દીકરીની અગાઉ કરેલ છેડતી બાબતે બોલાચાલી નુ મનદુ:ખ રાખીને આ કામનાં ફરીયાદીના પુત્ર મહેન્દ્ર સંતોષનાને આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયાનાએ છરી વડે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી હોવાની અને આ ઈજાના કારણે મહેન્દ્ર સંતોષનુ મરણ થયેલ હોવાનુ તેમજ ફરીયાદી સહીતના અન્ય ઈજા પામનાર સાહેદો એવા ફરીયાદીના પુત્રો રાકેશ, હરદેવ અને મીથુન ને ઈજા થયેલ હોવાનુ તેમજ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સદરહુ બનાવને નજરે જોનાર સાહેદ એવા ફરીયાદીની પુત્રી કંચન અને હેમલતાએ નામ. કોર્ટ સમક્ષ જુબાની આપેલ હોઈ, તેમજ આ કામે રજુ થયેલ એફ.એસ.એલનો સીરોલોજી રીપોર્ટ મુજબ આ કામે આરોપી નં (૨) જેનુ બદરીપ્રસાદની ભુમીકા જોતા, આરોપી નં (૨)ના હાથમાં જે છરી વડે હુમલો કરેલ હતો અને આ કારણે મરણજનાર ફરીયાદીના પુત્ર મહેન્દ્ર નુ મરણથયેલ હોવાનુ અને આ છરીમાં મરણજનાર મહેન્દ્રનુ બ્લડ ગ્રુપ ''ઓ'' મળી આવેલ હોઈ, તે હકીકત ઘ્યાને લેતા, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીની દીકરી કંચનની આ કામનાં આરોપીઓએ છેડતી કરતા તે બાબતે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલ તે બાબતનુ મન દુ:ખ

રાખી, બનાવ સમયે, સ્થળે આરોપીઓ પૈકી આરોપી નં (ર) ભીમસેન ઉર્ફે જેનુ બદીપ્રસાદ ના એ છરી ધારણ કરી, આ કામનાં ફરીયાદીના પુત્ર મહેન્દ્ર ને ગુજરનારના શરીરના ભાગે અનેક ઘા મારી,ગંભીર ઈજાઓ પહોચાડી અને આ ઈજાના કારણે મૃત્યુ થયેલ હોવાનુ તેમજ, ફરીયાદી સહીતના અન્ય ઈજા પામનાર સાહેદો એવા ફરીયાદીના પુત્રોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી હોવાની પુરવાર થતી હોઈ, તેવા સંજોગોમાં આ કામે રજુ કરવામાં આવેલ બચાવપક્ષની તમામ ઓથોરીટીઝ –ચુકાદાઓ ના સિધ્ધાંતોનુ પાલન કરવા માટે અત્રેની કોર્ટ બંધાયેલ છે. પરંતુ, ઉપરોકત રજુ થયેલ ચુકાદાઓ ની હકીકત અને અત્રેના કેસની હકીકત અલગ અલગ હોઈ, ઉપરોકત તમામ ચુકાદાઓ બચાવપક્ષને મદદરૂપ થતા નથી તેવુ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે.

**(૩૦)** આમ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામનાં ફરીયાદી સહીતના ઈજા પામનાર સાહેદો દવારા આ કામનાં આરોપીનં (ર)નાએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં આ કામનાં ફરીયાદી તથા તેમના દીકરાઓ ઉપર પ્રાણઘાતક હથીયાર ધારણ કરી, તેના પર હુમલો કરેલ હોવાનુ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ પુરાવાથી ઉપર કરેલ ચર્ચા મુજબ સાબિત થતુ હોઈ, . ન્યાયના હિતમાં મુદા નંબર–ર થી ૪ નો નિર્ણય **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદા નંબર–પ.</u> :**

**(૩૧)** આ કામે આરોપી નં (ર) ઉપર બી.પી.એકટની કલમ ૧૩પ મુજબનુ તહોમત છે. તે સંજોગોમા આ કામે ઉપર મુદા નં ર થી ૪ ચર્ચા કર્યા મુજબ અને તે ચર્ચાના તારણ મુજબ આ કામના આરોપીનં (ર)નાએ અન્ય આરોપીઓની મદદગારી અને મેળાપીપણામાં ચાકુ જેવુ હથીયાર ધારણ કરી, મરણજનાર ફરીયાદીના પુત્ર મહેન્દ્ર સંતોષનો શરીરના અલગ અલગ ભાગો પર ઘા મારી, તેનુ મરણ નિપજાવી હોઈ, તેમજ આ કામે ફરીયાદી સહીતના અન્ય ઈજા પામનાર સાહેદોને છરી જેવુ પ્રાણઘાતક હથીયાર છરી ધારણ કરી, હુમલો કરી,ગંભીર ઈજાઓ પહોચાડેલ હોવાની

હકીકત સ્પષ્ટ પણે સાબિત થયેલ છે., વધુમાં આ કામે આંક–૧૦૩ થી સાહેદ: વિવેક મોહનભાઈ ગઢવીને તપાસેલ છે તેઓ ના.કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, હુ વર્ષ ૨૦૦૯ થી જીલ્લા મેજી કચ્છ ભુજની કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ, તારીખ: ૦૯–૦૩–૨૦૧૧ ના રોજ તે સમયના અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી ગુણવત વાઘેલા સાહેબે માર્ચ –૨૦૧૧ દરમયાન યોજાનાર વિવીધ ધાર્મીક તહેવાર મેળાઓ તેમજ બોર્ડની પરીક્ષા નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી તારીખ ૧૦–૦૩–૨૦૧૧ થી તારીખ ૩૧–૦૩–૨૦૧૧ સુધીની મુદત નુ મુબઈ પોલીસ અધિનીયમ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયેનુ હથીયારબંધીનુ જાહેરનામુ સમગ્ર કચ્છ જીલ્લા મા બહાર પાડેલ જેનુ ઓફીસ રેકર્ડ સાથે લાવેલ છુ, તેમ જણાવી નામ કોર્ટ રેકર્ડમાંથી જાહેરનામુ રજુ રાખેલ છે જે દાખલ આંક–૧૦૪ રજુ રાખેલ છે, આમ આ કામે બનાવ સમયે મ્હે. જીલ્લા મેજી .સાહેબશ્રીનું હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હતુ અને આ જાહેરનામાનો ભંગ આરોપી નં (૨) દવારા કરેલાનુ ઉપર કરેલ ચર્ચા મુજબ સ્પષ્ટ પણ સાબિત થયેલ હોઈ, તે સંજોગોમા ન્યાયના હિતમાં મુદા નં ૫ નો જવાબ તે રીતે **હકાર**માં આપવામા આવેલ છે અને આ કામનાં આરોપી નં (૨) ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયાનાઓને ઈ.પી.કોડની કલમ ૩૦૨,૩૦૭,૩૨૪,૧૧૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુન્હા સબબ સજા માટે આરોપીને સાંભળવા ઉપર કામ મુલત્વી રાખવાનુ વ્યાજબી અને ન્યાયોચિત માનુ છુ.

:::– આ હુકમ આજરોજ તારીખ:૦૮,માહે:સપ્ટેમ્બર સને: ૨૦૧૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮/૦૯/૨૦૧૬
ગાંધીધામ(કચ્છ)

**(દિલીપ રમણીકલાલ ભટ્ટ)**
પાંચમાં અધિક સેશન્સ જજ
ગાંધીધામ –કચ્છ.
કોડ નં. જી.જે.–૦૦૪૪૪

**<u>આરોપીને સજા અંગે સાંભળ્યા</u>**

(૧) આરોપી તરફે તેમનાં વિધ્વાન વકીલશ્રી એસ.એમ.ખાંડેકા તથા આરોપીને સાંભળ્યા,તેઓની મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામનાં અમો આરોપી નં (૨)ના બે સગાભાઈ લાપતા છે તેમજ, આરોપીના પિતા વયોવૃધ્ધ ઉંમરના હોઈ, તેની સાર સંભાળ લેવા વાળુ કોઈ પુરૂષ વ્યકિત ઘરમાં નથી, તેમજ, ઘરની સઘળી જવાબદારી તેઓના શીરે હોઈ, જેથી કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે. તેમજ, આરોપી વિરૂધ્ધના આક્ષેપો ભારતીય દંડ સહીતાની કલમ ૩૦૪ (૧) કન્વર્ટ કરી, સજા કરવા દયાભરી અરજ કરેલ છે

(૨) સરકારશ્રી તરફે એડી.પી.પીશ્રી ગઢવીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ આ કામનાં ફરીયાદીના પુત્રને જાહેર જગ્યાએ છરી મારી દેતા, ફરીયાદીના પુત્રને ગંભીર ઈજા થવાના કારણે તેમનુ મરણ થયેલ છે, જયારે આ કામનાં ફરીયાદી તથા તેમના અન્ય પુત્રોને છરી વડે હુમલો કરી મહાવ્યથા પહોચાડી હોઈ, આમ આ કામનાં આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોઈ, જે ફરીયાદપક્ષે નિ:શકપણે સાબિત કરેલ હોઈ અને હાલમા સમાજમા આવા ગુન્હાઓનુ પ્રમાણ દીન – પ્રતિદીન વધતુ જાય છે. આથી, સમાજમા દાખલો બેસે તે માટે કડકમાં કડક અને મહતમ સજા અને મહતમ દંડનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) પક્ષકારોની રજુઆત તેમજ આ કામનુ રેકર્ડ જોતા,આ કામનાં આરોપીએ અન્ય સહઆરોપીઓની મદદગારી અને મેળાપીપણામાં જાહેર સ્થળ ઉપર ફરીયાદીનાપુત્ર ને છરી મારી, ગંભીર ઈજા પહોચાડી અને આ ગંભીર ઈજાના કારણે તેઓને મરણ થયેલ છે અને ફરીયાદી સહીતના અન્ય સાહેદોને છરી વડે ગંભીર ઈજાઓની મહાવ્યથા પહોચાડી હોવાની હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થયેલ છે. આમ આ કામના આરોપીએ જઘન્ય કહી શકાય તેવો

અપરાધ કરી,આ કામે ફરીયાદીના પુત્રનુ જીવન તો બરબાદ કરી નાંખ્યુ એ સિવાય પોતાના કુટુંબનુ ભવિષ્ય પણ જાતે જ બરબાદ કરી નાખેલ છે, તેમજ સમાજમાં આવા પ્રકારના ગુન્હામાં આરોપીની રજુઆત મુજબ લાભ આપવામાં આવે તો, સમાજ ઉપર તેની ખરાબ અસર થઈ શકે તેમ છે, તે હકીકતને નજર સમક્ષ રાખી, આ કામનાં આરોપી નં (૨)નાને સામે ફરમાવેલ તહોમતનામા મુજબના ગુન્હાની સજાની જોગવાઈને લક્ષમાં રાખી, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:::: આખરી હુકમ ::::-**

**(૧)** ક્રિમીનલ પ્રોસીઝરની કલમ ૨૩૫(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ ૩૦૨,૩૦૭,૩૨૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ ના શિક્ષાને પાત્ર ગુન્હામા આ કામના આરોપી નં (૨) :ભીમસેન ઉર્ફે જેનુ બદ્રીપ્રસાદ રેગર બલોટીયા, ઉ.વ.૨૫,રહેવાસી: ભારત નગર મકાન નં ૧૦૪,ગંગા રાજસ્થાન સોસાયટી, ગાંધીધામ-કચ્છવાળાને તકસીરવાન ઠરાવવામા આવે છે અને ફરમાવવામાં આવે છે કે, ઈ.પી.કોડની કલમ ૩૦૨ સાથે વાંચતા કલમ ૧૧૪ ના શિક્ષાને પાત્ર ગુન્હામા આરોપીને **આજીવન સખ્ત કેદની સજા તથા રૂ.૨,૦૦૦/- (અંકે રૂા બે હજાર પુરા)**નો દંડ અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, વધુ છ માસની સખ્ત કેદની સજા ભોગવવાની રહેશે તેમજ ઈ.પી.કોડની કલમ ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૧૪ ના શિક્ષાને પાત્ર ગુન્હામાં આરોપી ને **દસ (૧૦) વર્ષ સખ્ત કેદની સજા તથા રૂા. ૨,૦૦૦/- (અંકે રૂા. બે હજાર પુરા)** નો દંડ અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો, વધુ છ માસની સખ્ત કેદની સજા ભોગવવાની રહેશે.તેમજ, ઈ.પી.કોડની કલમ ૩૨૪ સાથે વાંચતા કલમ ૧૧૪ ના શિક્ષાને પાત્ર ગુન્હામાં આરોપીને **ત્રણ (૩) વર્ષ સખ્ત કેદની સજા તથા રૂા. ૨,૦૦૦/- (અંકે રૂા બે હજાર પુરા)** નો દંડ અન દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ છ માસની સખ્ત કેદની સજા ભોગવવાની રહેશે તેમજ, જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ના શિક્ષાને પાત્ર ગુન્હામા આરોપીને **એક (૧) વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૫૦૦/- (અંકે રૂા પાંચસો પુરા )** નો દંડ કરવામા

આવે છે, જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ઈ.પી.કોડની કલમ ૩૦૭,૩૨૪ સાથે વાંચતા કલમ ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ માં ફરમાવેલ મુળ સજા ઈ.પી.કોડની કલમ ૩૦૨ ના ગુન્હામાં ફરમાવેલ સજા સાથે ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ અગાઉ જેટલો સમય જયુડીશ્યલ કસ્ટડીમા રહેલ હોઈ, તેટલો સમય તેમને મુળ સજામાંથી મજરે આપવી.

(૪) આ કામના આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી આરોપી વિરૂધ્ધ જેલ વોરન્ટ ભરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ની ટ્રાયલ બાકી હોઈ, મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૬) આ ચુકાદાની નકલ વિનામુલ્યે આરોપીને તાત્કાલીક પુરી પાડવી.

:::- આ હુકમ આજરોજ તારીખ:૦૮,માહે:સપ્ટેમ્બર સને: ૨૦૧૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮/૦૯/૨૦૧૬
ગાંધીધામ(કચ્છ)

**(દિલીપ રમણીકલાલ ભટ્ટ)**
પાંચમાં અધિક સેશન્સ જજ
ગાંધીધામ -કચ્છ.
કોડ નં. જી.જે.-૦૦૪૪